દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 174 ■ વિક્રમ સંવત ૨૦૮૨
આષાઢ સુદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 July 2026, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર, ૨૪ જુલાઈ ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દક્ષિણ ગુજરાતમાં જળપ્રલય

## વલસાડમાં વરસાદનો ૨૪ વર્ષનો રેકોર્ડ તૂટ્યો : ઉમરગામમાં ૨૪ કલાકમાં ૩૫ ઈંચ વરસાદ : અમદાવાદમાં અનરાધાર વરસાદ

## અમદાવાદ-મુંબઈ હાઈવે જૅમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં મુશળધાર વરસાદથી હાઇવેના ઘણા ભાગો ડૂબી ગયા બાદ, સુરત વાયા અમદાવાદ અને મુંબઈને જોડતા સૌથી વ્યસ્ત હાઇ વે પૈકીના એક, નેશનલ હાઇવે ૪૮ (એનએચ-૪૮) પર ભારે ટ્રાફિક જૅમ થયો હોવાના અહેવાલો મળી રહ્યા છે. વલસાડ જિલ્લાના કેટલાક ભાગોમાં માત્ર ૨૪ કલાકમાં લગભગ ૩૬ ઇંચ વરસાદ પડ્યો હતો, જેના કારણે વાહનવ્યવહાર લગભગ ઠપ થઈ ગયો છે. જેના કારણે હજારો મુસાફરો કલાકો સુધી અટવાઈ ગયા છે. રીઅલ-ટાઇમ ગૂગલ મેપ્સ ટ્રાફિક ડેટા અનુસાર, સુરત પછી એનએચ-૪૮ ના અનેક ભાગો પાણીથી ભરાયેલા છે. ડુંગરી અને ચીખલી નજીક ભારે ટ્રાફિક જૅમની જાણ કરવામાં આવી છે, જ્યારે વલસાડ જિલ્લાના વાપી અને કરમબેલી નજીક હાઇવે પર પાણી ભરાઈ જવાને કારણે ઘણા કલાકો સુધી ટ્રાફિક વ્યવહાર ખોરવાયો હતો. સૌથી વધુ અસર પારડી, મોતીવાડા અને ઉદવાડા નજીકના વિસ્તારો પર પડી છે, જ્યાં હાઇવેનો મોટો ભાગ પાણીમાં (જુઓ પાનું ૨) ▶▶

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા ત્રણેક દિવસથી વરસાદી માહોલ જામ્યો છે, પરંતુ દક્ષિણ ગુજરાતમા ખાસ કરીને જળબંબાકાર છવાયો છે. ખાસ કરીને વલસાડ, સુરત અને નવસારી સહિતના જિલ્લાઓને વરસાદે ધમરોળી નાખ્યા છે. સૌથી વધારે વરસાદ વલસાડમાં થયો હતો અને વલસાડના ઉમરગામમમાં રેકોર્ડ તૂટ્યો હતો. અહીં માત્ર ૨૪ કલાકમાં ૩૫ ઇંચ વરસાદ ખાબકી પડતા ગામ આખું બેટમાં ફેરવાયું હતું. નવસારી, વાપી, સુરતમાં પણ ભારે વરસાદે જનજીવન પર અસર કરી હતી. જ્યારે અમદાવાદમાં સિઝનનો પહેલો વરસાદ વરસ્યો હતો. અમદાવાદમાં વહેલી સવારથી સતત અનરાધાર વરસાદ વરસ્યો હતો. વડોદરા, તાપી, છોટા ઉદેપુર સહિત ઘણા વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો હતો.

મળતા અહેવાલો અનુસાર ઉંમરગામમમાં ૨૮ કલાકમાં ૪૩ ઇંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. વલસાડમાં ૨૪ વર્ષનો વરસાદી રેકોર્ડ તૂટી ગયો છે. વહાનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે અને વાપી તથા (જુઓ પાનું ૨) ▶▶








**કુદરતી આફતઃ** અમદાવાદમાં ગુરુવારે ભારે વરસાદને લીધે સાબરમતી રિવરફ્રંટ નજીકના અન્ડરપાસ સહિત અનેક રસ્તા પર પાણી ભરાયાં હતાં. સામાન્ય જનજીવન ખોરવાયું હતું. સુરતમાં ભારે વરસાદ પડ્યા બાદ ટ્રેક્ટરમાં બેસીને પાણી ભરેલા રસ્તા પરથી પસાર થઈ રહેલા લોકો. (એજન્સી)



## પેપર લીક કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચાલશે

નવી દિલ્હીઃ દિલ્હીમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો વચ્ચે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે જાહેરાત કરી હતી કે કેન્દ્ર પેપર લીકના કેસોમાં સંડોવાયેલા લોકો સામે ઝડપી ટ્રાયલ અને કડક સજા સુનિશ્ચિત કરવા માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરશે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના ભવિષ્યનું રક્ષણ એ સરકારની ટોચની પ્રાથમિકતા છે.

સંસદમાં એનડીએની સંસદીય પક્ષની બેઠકમાં આ મુદ્દાને સંબોધ્યા પછી, પીએમ મોદીએ ગુરુવારે એક્સ પરની એક પોસ્ટમાં, લખ્યું હતું કે, ''આપણા યુવાનોના કલ્યાણ અને ભવિષ્ય કરતાં વધુ મહત્ત્વનું કંઈ નથી! અમે પેપર લીકમાં સામેલ લોકોને ઝડપી અને કડક સજા સુનિશ્ચિત કરવા માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરવાનો નિર્ણય લીધો છે. સંબંધિત અધિકારીઓને આ સંદર્ભમાં તમામ જરૂરી પગલાં લેવા નિર્દેશ આપ્યો છે. આ વિદ્યાર્થીઓનાં હિતોનું રક્ષણ કરવા માટેના અમારા પગલાંની શ્રેણી ચાલુ રાખે છે.''

તેમણે ઉમેર્યું હતું કે ''જે લોકો આપણા યુવાનોના ભવિષ્યને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરે છે તેમને બક્ષવામાં આવશે નહીં.''

કેન્દ્રની આ જાહેરાત વડા પ્રધાન મોદીએ પેપર લીકના જોખમને ''ઘોર પાપ'' ગણાવ્યા અને ''યુવાનોના ભવિષ્ય સાથે રમત રમનારાઓ'' સામે કડક કાર્યવાહી કરવાની પ્રતિજ્ઞા (જુઓ પાનું ૨) ▶▶

## ગૂગલને ઈયુનો એક અબજ ડૉલરનો દંડ

બ્રસૅલ્સઃ ગૂગલ પ્લે અને વ્યાપકપણે ઉપયોગમાં લેવાતાં સર્ચ એન્જિનનો ઉપયોગ કરીને ગૂગલે ગ્રાહકોને પોતાની સેવાઓ અને ઍપ્સ તરફ વાળ્યા હોવાને કારણે પ્રતિસ્પર્ધી કંપનીઓને નુકસાન થયું હોવા ઉપરાંત આ બાબત ડિજિટલ ટ્રસ્ટના નિયમોનું ઉલ્લંઘન કરે છે એમ જણાવી યુરોપિયન યુનિયન (ઈયુ)એ ગૂગલને ગુરુવારે અંદાજે એક અબજ ડૉલરનો દંડ ફટકાર્યો હતો.

બ્રસૅલ્સ દ્વારા તાજેતરમાં ટૅક્નોલૉજી કંપની વિરુદ્ધ કરવામાં આવેલી આ મોટી કાર્યવાહી છે. ઈયુએ બૅઈજિંગથી લઈને સિલિકોન વેલી સુધીની વિશ્વની અગ્રણી ટેક કંપનીઓ પર કડક નિયંત્રણો લાદ્યા છે.

એન્ડ્રોઈડ ઑપરેટિંગ સિસ્ટમમાં પોતાની મજબૂત સ્થિતિનો ઉપયોગ કરી સ્પર્ધા ઘટાડવા અને ગ્રાહકોની પસંદગી મર્યાદિત કરવાને મામલે તાજેતરમાં જ ફટકારવામાં આવેલા ૪.૫ અબજ ડૉલરના દંડ સંબંધિત કેસમાં ગૂગલ હારી ગયું હતું. ઈયુની કાર્યકારી સંસ્થા યુરોપિયન કમિશનના જણાવ્યા અનુસાર ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને આ કાર્યવાહી કરવામાં આવી હતી. (એજન્સી)

## આસામના પૂરમાં ૪૧નાં મોતઃ સાડાછ લાખને અસર

ગુવાહાટીઃ આસામમાં નિર્માણ પામેલી પૂરની પરિસ્થિતિને કારણે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૪૧નાં મોત થયાં હોવા ઉપરાંત સાડા છ લાખ કરતાં પણ વધુ લોકોને અસર થઈ હોવાનું અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું.

પૂરને કારણે ૧૧ જિલ્લાના સાડા છ લાખ કરતાં પણ વધુ લોકો પ્રભાવિત થયા હોવાનું તેમણે કહ્યું હતું. સેના, હવાઈ દળ સહિત અન્ય એજન્સીઓ રાહત અને બચાવ કામગીરીમાં જોતરાયેલી છે. અસરગ્રસ્તોની સહાય કરવા ડ્રોનની પણ મદદ લેવામાં આવી રહી હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આસામની મોટાભાગની નદીઓ જોખમી સ્તરથી ઉપર વહી રહી છે.

મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સર્માએ ગોલાઘાટ જિલ્લાના પૂરથી સૌથી વધુ ખરાબ રીતે પ્રભાવિત વિસ્તારની મુલાકાત લીધી હતી તેમ જ બચાવ અને રાહત કામગીરી અંગે માહિતી મેળવી હતી.

મંગળવાર મધરાતથી બુધવાર મધરાતે પૂરા થયેલા ૨૪ કલાકમાં પૂરને કારણે ૧૦ જણે જીવ ગુમાવ્યો હતો. પૂરને કારણે સાડા છ લાખ કરતાં પણ વધુ પ્રભાવિત થયા હોવાનું આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઑથોરિટી દ્વારા બહાર પાડવામાં આવેલા બુલેટિનમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

## રાતા સમુદ્રમાં સઉદીના બે તેલ ટૅન્કર પર હુમલો

દુબઈઃ યમનના હુથી જૂથે બુધવારે જૂથ દ્વારા લાદવામાં આવેલી નૌકાદળની નાકાબંધીનું ઉલ્લંઘન કર્યું હોવાથી રાતા સમુદ્રમાં બે સઉદી તેલ ટેન્કર પર હુમલો કર્યો હોવાનો દાવો કર્યો હતો.

એક નિવેદનમાં, હુથીઓએ જણાવ્યું હતું કે આ કાર્યવાહીમાં બેલિસ્ટિક મિસાઇલો, ક્રુઝ મિસાઇલો અને ડ્રોનનો ઉપયોગ કરીને ટેન્કર 'એન્સેલા' અને 'લયલા' ને નિશાન બનાવવામાં આવ્યું હતું. જૂથે દાવો કર્યો હતો કે હુમલાઓ ચોક્કસ હતા અને બંને જહાજોમાં મોટી આગ લાગી હતી.

હુથીઓએ કહ્યું કે આ હુમલો ઘેરા માટે ઘેરાબંધીના ભાગરૂપે કરવામાં આવ્યો હતો, જેને તેઓ છેલ્લા ૧૨ વર્ષમાં સાઉદી અરેબિયા (જુઓ પાનું ૨) ▶▶

## શિક્ષણ પ્રધાનના રાજીનામાની માગણીને લઈને સંસદમાં ધમાલ

નવી દિલ્હીઃ 'નીટ' પેપર લીક અને શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી સાથે વિપક્ષ દ્વારા ગુરુવારે પણ જોરદાર પ્રદર્શન અને ધાંધલધમાલ કરવામાં આવતાં સતત ચોથે દિવસે સંસદના બંને ગૃહની કામગીરી મોકૂફ રાખવાની ફરજ પડી હતી.

બપોરે ત્રણ વાગે રાજ્યસભાની કામગીરી ફરી શરૂ થતાં જ વિપક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર સાથે ધાંધલધમાલ શરૂ કરી દેતાં રાજ્યસભા સંપૂર્ણ દિવસ માટે મોકૂફ રાખવામાં આવી હતી. વિપક્ષ તેમ જ શાસક પક્ષના સાંસદોએ ગૃહની બહાર પ્રદર્શન અને પ્રતિપ્રદર્શન કરી એકમેક વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા જે બાબત આ હોબાળો સરળતાથી શાંત નહીં પડે એવા સંકેત આપે છે.

ધાંધલધમાલ વચ્ચે વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પક્ષના સુપ્રીમો અખિલેશ યાદવ લોકસભાના સ્પીકર ઓમ બિરલાને મળ્યા હતા. આ બેઠકમાં ટીએમસીના નેતા સૌગાતા રોય અને માહૂઆ મોઈત્રાએ પણ હાજરી આપી હતી.

પ્રશ્નકાળ દરમિયાન સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષના નેતાઓને 'નીટ' પેપર લીકને મુદ્દે ચર્ચા કરવાની તારીખ અને સમયગાળો નક્કી કરવા તેમને મળવા જણાવ્યું હતું.

ગૃહની કામગીરી સંપૂર્ણ દિવસ માટે મોકૂફ રાખવામાં આવ્યા બાદ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સ્પીકરને મળ્યા હતા.

અગાઉ સવારે ૧૧ વાગે લોકસભા મળી ત્યારે વિપક્ષના (જુઓ પાનું ૨) ▶▶

## બનારસ-મુંબઈ ટ્રેનની દુર્ઘટના ટળી

પ્રયાગરાજઃ ઉત્તર પ્રદેશના ઈરાદતગંજ અને તેને જોડતા સ્ટેશન વચ્ચે ટ્રેક પર લોખંડનો પાઈપ પડેલો હોવાની નોંધ લઈને બનારસ-મુંબઈ એલટીટી એક્સપ્રેસના લૉકો પાઈલટે ઈમર્જન્સી બ્રેક મારતાં મોટી દુર્ઘટના ટળી ગઈ હોવાનું અધિકારીઓએ ગુરુવારે કહ્યું હતું.

ટ્રેન વારાણસીથી મુંબઈ જઈ રહી હતી ત્યારે ટ્રેક પર અવરોધ જોવા મળતાં લૉકો (જુઓ પાનું ૨) ▶▶

## વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા લોકોના પાસપોર્ટ રદ થશે?

નવી દિલ્હીઃ તાજેતરના કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના વિરોધ પ્રદર્શનમાં હિંસામાં સીધા સંડોવાયેલા લોકોના પાસપોર્ટ રદ થઈ શકે, એવી માહિતી પોલીસનાં સૂત્રોએ આપી હતી.

સૂત્રોએ કહ્યું હતું કે દિલ્હી પોલીસ સીસીટીવી ફૂટેજ, વીડિયો ફૂટેજ, વીડિયો રેકોર્ડિંગની મદદથી અને બીજા ટેક્નિકલ પુરાવાની મદદથી રમખાણ કે હિંસામાં સંડોવાયેલા લોકોને શોધી રહી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે હિંસામાં સક્રિય રીતે ભાગ લેનારા સામે કાનૂનની યોગ્ય જોગવાઈ હેઠળ પાસપોર્ટ રદ કરવાની કાર્યવાહી કરાશે. (એજન્સી)

## જગન્નાથ ધામ, મહાપ્રસાદ, શ્રીક્ષેત્રને ટ્રેડમાર્ક મળ્યો

ભુવનેશ્વરઃ શ્રી જગન્નાથ ટેમ્પલ એડમિનિસ્ટ્રેશન (એસજેટીએ)એ પુરી મંદિર સાથે સંકળાયેલાં 'જગન્નાથ ધામ' સહિતના પાંચ શબ્દો માટે ટ્રેડમાર્કનું સંરક્ષણ મળ્યું છે, એવી માહિતી અધિકારીએ આપી હતી.

શ્રી જગન્નાથ ટેમ્પલ ઑફિસે સોશ્યલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું કે એસજેટીએએ બારમી સદીના તીર્થધામની ઓળખ અને વારસો જાળવવાના પ્રયાસોમાં મોટી સફળતા હાંસલ કરી છે. ટ્રેડ માર્ક રજિસ્ટ્રીને બીજી (જુઓ પાનું ૨) ▶▶

## જમ્મુ-શ્રીનગર હાઈવે સતત બીજા દિવસે બંધ

જમ્મુઃ અવિરત પડી રહેલા વરસાદે સતત પાંચમાં દિવસે જમ્મુને ધમરોળી નાખ્યું હતું અને અનેક ભેખડ પડી જતા વ્યૂહાત્મક જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે સતત બીજા દિવસે બંધ થઈ ગયો હતો. પાંચ દિવસથી સતત પડી રહેલા વરસાદને લીધે ૨૬ જણ મરણ પામ્યા હતા અને સાત જણ લાપતા છે.

ગુરવારે ૨૫ વર્ષની મહિલાનો મૃતદેહ ફઝલબાદ ફૂટબ્રીજની નજીક મળ્યો હતો. ૧૮મી (જુઓ પાનું ૨) ▶▶

## ૧૩ વર્ષની સગીરા બમણી ઉંમરના યુવક સાથે ભાગી ગઈ, પોલીસે છોડાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા પંથકની ૧૩ વર્ષીય સગીરાને તેમનાથી ડબલ ઉંમરનો યુવક વાલીપણામાંથી ભગાડી ગયાની ઘટના તળાજા પોલીસ દફતરે નોંધાઇ હતી. પોલીસે ઘટનાની ગંભીરતા સમજી ટૅકનોલૉજી અને માનવ સોર્સિસને કામે લગાવી તપાસ હાથ ધરી હતી, જેમાં પોલીસને બન્નેને શોધી લાવવામાં સફળતા મળી હતી. પોલીસે સગીરાને તેમના વાલીને સોંપી હતી, જ્યારે યુવક વિરુદ્ધ દુષ્કર્મની કલમનો ઉમેરો કરી કોર્ટ હવાલે કરતા જેલના સળિયા પાછળ જવાનો વખત આવ્યો છે. મળતી વિગતો મુજબ ગઢુલા ગામના શત્રુઘ્ન બાબુભાઇ મકવાણા વિરુદ્ધ ૧૩ વર્ષની સગીરાને વાલીપણામાંથી ભગાડી જવાનો ગુનો નોંધાયો હતો, જેની તપાસ (જુઓ પાનું ૨) ▶▶

## નડ્ડાએ મંત્રણાનું આપેલું આમંત્રણ સીજેપીએ ઠુકરાવ્યું

નવી દિલ્હીઃ કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી) ના નેતૃત્વમાં ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન વચ્ચે કેન્દ્રીય પ્રધાન જે પી નડ્ડાએ ગુરુવારે જણાવ્યું હતું કે સરકાર પ્રદર્શનકારી યુવાઓ સાથે વાતચીત માટે તૈયાર છે અને આ વાતચીત તેમની ઓફિસ અથવા ઘર પર યોજાઈ શકે છે. જોકે સીજેપીએ સરકારની આ માંગને ફગાવી દીધી હતી અને જાહેરાત કરી હતી કે તે સરકાર સાથે આગામી રાઉન્ડની વાતચીત વિરોધ સ્થળ (જંતર મંતર) અથવા તટસ્થ સ્થળે કરવા માટે તૈયાર છે. સીજેપીના બે પ્રતિનિધિઓએ સોમવારે નડ્ડા સાથે તેમના નિવાસસ્થાને પ્રથમ રાઉન્ડની વાતચીત કરી હતી જ્યાં તેમણે પોતાની (જુઓ પાનું ૨) ▶▶

## ભુજ તાલુકાની સીમમાં ધમધમતા પશુ કતલખાના પર એલસીબીનો દરોડો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાલુકાના સુમરાસર (શેખ) ગામની સીમમાં ગેરકાયદેસર રીતે ચાલી રહેલા પશુ કતલખાના પર સ્થાનિક ગુના શોધક શાખાની ટુકડીએ દરોડો પાડીને એક શખ્સને રંગેહાથ ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી પશુ માંસ, કતલ માટેના હથિયારો અને વાહન સહિત રૂ. ૧.૦૩ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, એલસીબીની ટુકડી સુમરાસર આસપાસના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે સુમરાસર (શેખ)ની સીમમાં છાપો મારવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન આદમ અલીમામદ કુંભાર (રહે. સુમરાસર-શેખ) નામના શખસને આશરે ૪૦ કિલો પશુ માંસ (કિંમત રૂ. ૨,૦૦૦) સાથે પકડી (જુઓ પાનું ૨) ▶▶

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગુજરાતમાં ફરી વરસાદથી લોકો ત્રાહિમામ્, આ સમસ્યા કેમ ઉકેલાતી નથી?

**ગુજરાતમાં** મોડા મોડા આવેલા વરસાદે હાહાકાર મચાવ્યો છે અને લોકોની હાલત બગાડી દીધી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં લોકોની હાલત એકદમ કફોડી છે કેમ કે છેલ્લા એકાદ અઠવાડિયાથી ભારે વરસાદ પડે છે ને વરસાદ જે પ્રમાણમાં પડે એ પ્રમાણમાં પાણીના નિકાલની વ્યવસ્થા નથી તેથી મોટા ભાગના વિસ્તારો જળબંબાકાર થઈ ગયા છે. ચારે તરફ એટલું પાણી છે કે લોકોએ જખ મારીને ઘરોમાં ભરાઈ રહેવું પડે છે. ભારે વરસાદના કારણે ધંધા-વ્યાપાર બંધ છે ને સ્કૂલ-કૉલેજો પણ બંધ છે.

મોટા ભાગે ગમે તેવા વરસાદમાં પણ ફેક્ટરીઓ બંધ નથી રખાતી પણ વરસાદે એ હદે કાળો કેર વર્તાવ્યો છે કે, ફેક્ટરીઓમાં પણ રજા જાહેર કરવી પડી છે. રહેણાક વિસ્તારો તો જળબંબાકાર છે તેથી વાહનો બહાર કાઢવાનો સવાલ જ પેદા થતો નથી પણ નેશનલ હાઈવે પર પણ કિલોમીટરો સુધી ટ્રાફિક જામ થઈ ગયો છે. અંતરિયાળ વિસ્તારોમાં આ હાલત હોય તો હજુ સમજ્યા પણ આઘાતની વાત પાછી એ છે કે, સુરત અને વલસાડ જેવા શહેરી વિસ્તારોમાં ગામડાં કરતાં બદતર હાલત છે.

જેમને સ્માર્ટ સિટી ગણાવીને જેના વિકાસનાં ગાણાં જોરશોરથી ગવાય છે એ સુરતને વરસાદે કેવું બદસૂરત કરી નાંખ્યું છે તેના વીડિયો સોશ્યલ મીડિયા પર ફરી જ રહ્યા છે. આખેઆખી કારો ડૂબી જાય ને માણસોના ગળા લગી પાણી હોય એ સ્થિતિ સુરતમાં કેટલાય દિવસોથી છે. ખાડીઓ ઊભરાઈ રહી છે ને તેનાં ગંદા પાણી લોકોનાં ઘરોમાં ઘૂસી ગયાં છે. લોકોને તેમાંથી રાહત અપાય એ પહેલાં તો થોડાક વરસામાં ફરી ખાડીઓ ઊભરાઈ તેથી લોકો સાવ બદતર હાલતમાં જીવી રહ્યાં છે. વલસાડમાં પણ મોટા ભાગના વિસ્તારો જળબંબાકાર છે ને લોકો ઘરની બહાર પણ નિકળી શકતાં નથી.

સુરત અને વલસાડ દક્ષિણ ગુજરાતનાં સૌથી મોટાં અને જાણીતાં શહેર છે તેથી બંને શહેરોમાં અવદશાના સમાચાર લોકો સુધી ઝડપથી પહોંચે છે. સોશ્યલ મીડિયાના કારણે આ બંને શહેરોની ખરાબ હાલતનો પ્રચાર પણ વધારે થાય છે પણ વાસ્તવમાં દક્ષિણ ગુજરાતમાં બધા જિલ્લામાં આ હાલત છે ને બધે લોકો ત્રસ્ત છે. હાઈવે પર ટ્રાફિકના ને ગ્રામીણ વિસ્તારોના જે થોડાઘણા વીડિયો ફરે છે તેના પરથી એટલું ચોક્કસ કહી શકાય કે, બધા મુશ્કેલીમાં છે જ.

ગુજરાત સરકાર આ આફત સામે લડવા માટે મંત્રીઓ અને અધિકારીઓને દોડાવી રહી છે. ગુજરાતમાં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારથી દરેક જિલ્લામાં પ્રભારી મંત્રી ને પ્રભારી સચિવો નિમવાની વ્યવસ્થા અમલી છે. આ પ્રભારી મંત્રી ને સચિવો આખું વરસ કામ કરતા હોત તો લોકોને આવી તકલીફો ના પડી હોત પણ એ લોકો આખું વરસ કશું કરતા નથી. ચોમાસા પહેલાં કોઈ આગોતરી વ્યવસ્થા કરતા નથી ત્યારે હવે આભ ફાટ્યું છે ત્યારે દોડીને શું કરવાના ? આભને તો થીંગડું ના મારી શકાય પણ પાણીના નિકાલની વ્યવસ્થા ચોક્કસ કરી શકાય પણ એવું કશું કરવાની તેમનામાં ત્રેવડ નથી. એ લોકો બહુ બહુ તો લોકોને મળશે, તેમના માટે ફૂડ પેકેટ્સની વ્યવસ્થા કરશે, બધું સારું થઈ જશે એવાં ઠાલાં આશ્વાસનો આપશે. આ બધું વરસોથી થાય છે ને આ વખતે પણ એ જ થવાનું છે.

દક્ષિણ ગુજરાતની અવદશાએ ગુજરાતમાં છેલ્લા ૩૦ વર્ષથી જામેલી ભાજપ સરકારની સૌથી મહત્ત્વના એવા જળસંચાલનના મોરચે ઘોર નિષ્ફળતાને ફરી એક વાર છતી કરી દીધી છે. રેઈન વોટર મેનેજમેન્ટ એટલે કે વરસાદી પાણીના સંચાલનમાં ગુજરાત હજુય અતિ પછાત છે એ વાતનો અહેસાસ ગુજરાતીઓને દર વર્ષે થાય જ છે. આ વર્ષે ફરી એક વાર થયો છે ને આપણે લાચાર બનીને જોઈ રહેવા સિવાય કશું કરી શકતા નથી, દર વરસની જેમ.

ગુજરાત આ સમસ્યા કેમ ઉકેલી શકતું નથી ? કેમ કે ગુજરાત પાસે વિઝનરી નેતૃત્વ નથી. ગુજરાતમાં ભાજપ સત્તામાં આવ્યો એ પહેલાંની કૉંગ્રેસની સરકારો જળ સંચાલનમાં ઘોર નિષ્ફળ ગઈ હતી ને ભાજપ સરકારોએ આ વારસો બહુ સારી રીતે જાળવ્યો છે. ૨૦૦૧માં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બન્યા પછી સૌથી પહેલાં પંચશક્તિનો નારો આપેલો. આ પંચશક્તિમાં જળશક્તિ એક હતી ને ત્યારે લાગેલું કે, મોદી જળશક્તિનો યોગ્ય ઉપયોગ કરીને ગુજરાતની હાલત સુધારી દેશે અને વરસોથી નડતી ગુજરાતની સમસ્યાનો અંત લાવી દેશે.

કમનસીબે જળશક્તિની મોદીની વાતો પણ નારાથી આગળ ના વધી. નર્મદા યોજના, સુજલામ સુફલામ વગેરેની વાતો કરીને મોદીએ સંતોષ માન્યો. ના આ યોજનાઓ પૂરી થઈ કે ના નવું કશું આયોજન થયું. મોદી પછી આવેલા બીજા મુખ્યમંત્રીઓ તો સાવ કહ્યાગરા છે ને પાણી પણ દિલ્હી ફોન કરીને પૂછે છે તો પાણીના મુદ્દે કશું નવું કરવાનું પાણી તેમનામાં ક્યાંથી આવે? આ કારણે ગુજરાતની જળ સંચાલનની સમસ્યા ઠેરની ઠેર છે. તેમાં પણ વરસાદી પાણીના નિકાલને મુદ્દે ગુજરાતમાં હાલત બદથી બદતર થઈ છે.

દર વરસે ચોમાસામાં અડધું ગુજરાત વરસાદી પાણીમાં ડૂબી જાય છે ને લોકો ત્રાહિમામ થઈ જાય છે. ગુજરાતનાં મોટા ભાગનાં શહેરોમાં દિવસોના દિવસો લગી પાણી ભરાઈ રહે છે ને તેના કારણે ગંદકી ફેલાય તેથી રોગચાળા ફાટી નિકળે છે. વરસાદી પાણી ભરાઈ જાય ત્યારે લોકોને જીવનજરૂરિયાતની ચીજો ના મળે એવી કફોડી હાલત થઈ જાય છે. ઘરમાં અનાજના ભંડાર ભર્યા હોય પણ અનાજ દળાવવા ના જઈ શકાય તેથી સૂકા નાસ્તા ને સરકારી ફૂડ પેકેટ્સ પર દિવસો કાઢવા પડે એવી કફોડી હાલત થઈ જાય છે.

ગુજરાત સરકાર આ સમસ્યા ઉકેલે તો બે બાજુ ફાયદો થાય. આપણે ત્યાં ઘણા વિસ્તારોમાં ઉનાળામાં પાણીની સમસ્યા સર્જાય છે ને તેનું કારણ વરસાદી પાણીનો યોગ્ય નિકાલ કરવાની અક્ષમતા છે. દર વરસે વરસાદી પાણી આવવાનું છે એ સનાતન સત્ય છે પણ વરસાદી પાણીનો બે-ચાર કલાકમાં નિકાલ થઈ જાય ને ભવિષ્યમાં તેનો ઉપયોગ લોકોના ભલા માટે કરી શકાય એવી સ્થિતિ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સર્જવાની શાસકોમાં સૂઝ નથી. આપણા શાસકો અધિકારીઓ પર નિર્ભર છે કેમ કે તેમનામાં પોતાની પાસે જ્ઞાન નથી. અધિકારીઓને ગુજરાતનું ભલું કરવામાં ઓછો ને ઘર ભરવામાં વધારે રસ છે તેથી ગુજરાત ઠેરનું ઠેર છે.

ભાજપ સરકારે જાગ્યા ત્યારથી સવાર સમજીને આ સ્થિતિને બદલવા કમર કસવી જોઈએ. જળ સંચાલનના નિષ્ણાતોને જોતરીને અને ખાયકી બંધ કરાવીને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અને જળસંચય માટે મચી પડવું જોઈએ. દિલથી પ્રયત્ન કરાય તો આગામી ચોમાસા સુધીમાં ગુજરાતમાં વરસાદના કારણે આવી ભયંકર હાલાકી ના પડે એવી સ્થિતિ સર્જી જ શકાય. અમેરિકા સહિતના ધનિક દેશોમાં સરેરાશ વરસાદના અઢીસો ટકા પાણીના સંગ્રહની વ્યવસ્થા હોય છે. ગુજરાત પણ એ કરી જ શકે, મુશ્કિલ નહીં હૈ કુછ ભી અગર ઠાન લિજિયે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, શુક્રવાર, તા. ૨૪-૭-૨૦૨૬
ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૨૧, વિંછુડો

- ભારતીય દિનાંક ૨, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ સુદ -૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી ૯મો આદર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૯મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૦મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર અનુરાધા મધ્યરાત્રિ પછી ક. ૨૮-૩૬ સુધી, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૩, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૦૮-૫૬, રાત્રે ક. ૧૯-૩૨
- ઓટઃ બપોરે ક. ૧૪-૩૭, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૪ (તા. ૨૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અષાઢ શુક્લ - દસમી. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨-૨૧, વિંછુડો, પુનર્યાત્રા, સૂર્ય મહાનક્ષત્ર પુષ્યમાં, વાહન ઉંદર,
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શુક્ર-શનિ ગ્રહદેવતાનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગ, પરદેશગમન, સંધ્યા સમયે નીકળવું નહિ, મુંડન કરાવવું નહીં. પ્રયાણ શુભ. લાલ રંગના વસ્ર, આભૂષણ, મહેંદી લગાવવી, નવા વાસણ, વાહન, યંત્રારંભ, દસ્તાવેજ, પશુ લે-વેંચ, દુકાન-સ્થાવર લેવડદેવડ, ધાન્ય ભરવું, બી વાવવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શાંતિ પૌષ્ટિક પૂજા, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા. આચમનઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ લોકપ્રિય, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ શંકાશીલ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ અણધાર્યા ફેરફારો આવે, ચંદ્ર-ગુરુ ત્રિકોણ આવકારદાયક સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ. મંગળ મૃગશીર્ષ નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-વૃષભ, માર્ગી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-સિંહ, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## પહેલા પાનાનું ચાલુ

### દક્ષિણ ગુજરાતમાં

આસપાસના વિસ્તારોમાં ૨૦૦થી વધુ કારો પાણીમાં ગરકાવ થઈ હોવાના વીડિયો વાઈરલ થયા હતા.

સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા આપવામાં આવેલા આંકડા અનુસાર, ગુરુવારે ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીમાં ગુજરાતના દક્ષિણ ભાગમાં મેઘરાજાએ ભારે તારાજી સર્જી હતી, જેમાં ખાસ કરીને નવસારી અને સુરત જિલ્લામાં નોંધપાત્ર વરસાદ પડ્યો હતો. નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં સૌથી વધુ ૧૬.૮૫ ઇંચ વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત નવસારીના જ ખેરગામ તાલુકામાં પણ ૧૬.૬૯ ઇંચ વરસાદ નોંધાયો હતો. નવસારી બાદ સુરત અને વલસાડ જિલ્લામાં પણ અનરાધાર વરસાદ પડ્યો હતો. સુરતના ઉમરપાડા ૧૫.૭૫ ઇંચ અને વલસાડના ઉમરગામમાં ૧૪.૩૭ ઇંચ વરસાદ નોંધાયો હતો. માત્ર દક્ષિણ ગુજરાત જ નહીં, પરંતુ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં પણ ૧૩.૩૫ ઇંચ જેટલો ભારે વરસાદ વરસ્યો હતો. આ સિવાય ડાંગ જિલ્લાના વઘઈમાં ૧૨.૯૯ ઇંચ અને ખેડાના મહેમદાવાદમાં ૧૨.૮૭ ઇંચ વરસાદ પડી ચૂક્યો હતો.

આ યાદી મુજબ રાજ્યના કુલ ૨૦૭ જેટલા તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. રાજ્યના ૧૫ તાલુકાઓમાં ૧૦ ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો. નવસારીના ગણદેવીમાં ૧૨.૬૮ ઇંચ, પારડીમાં ૧૧.૫ ઇંચ, નેત્રંગમાં ૧૦.૮૩ ઇંચ, નાનાપોંઢામાં ૧૦.૫૯ ઇંચ, વલસાડમાં ૧૦.૩૫ ઇંચ, માતરમાં ૧૦.૩૧ ઇંચ અને માંડલમાં ૧૦.૨ ઇંચ વરસાદ પડ્યો હતો. અમદાવાદ શહેરની વાત કરીએ તો ત્યાં પણ ૫.૦૪ ઇંચ વરસાદ નોંધાયો હતો. બીજી તરફ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક તાલુકાઓમાં હળવો વરસાદ પડ્યો હતો.

રાજ્યમાં સારા વરસાદને ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં હાલમાં ૨,૨૬,૯૬૮ એમસીએફટી પાણીનો સંગ્રહ થયો છે, જે તેની કુલ સંગ્રહ ક્ષમતાના ૬૭.૯૪ ટકા જેટલો છે. નર્મદા ડેમની જળસપાટી હાલ ૪૧૯.૪૨ ફૂટે પહોંચી છે, જેમાં ૧૫,૭૩૮ ક્યુસેક પાણીની આવક નોંધાઈ હતી અને નદીમાં ૬૩૦.૩૮ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. બીજી તરફ, રાજ્યનાં અન્ય ૨૦૬ જળાશયોમાં કુલ ૨,૪૦,૬૪૭ એમસીએફટી પાણીનો જથ્થો સંગ્રહિત છે, જે તેમની કુલ સંગ્રહ ક્ષમતાના ૪૩.૧૪ ટકા જેટલો છે.

રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોની સ્થિતિ જોઈએ તો, સારો વરસાદ થવાથી ૧૦ જળાશયો સંપૂર્ણ ભરાઈ ચૂક્યા છે. આ ઉપરાંત ૭૦ ટકાથી ૧૦૦ ટકા વચ્ચે ભરાયેલા ડેમોની સંખ્યા ૨૨ છે, જ્યારે ૫૦ ટકાથી ૭૦ ટકા વચ્ચે ૨૩ ડેમ અને ૨૫ ટકાથી ૫૦ ટકા વચ્ચે ૪૯ ડેમ ભરાયેલા છે. જોકે, હજુ પણ ૧૦૨ ડેમ એવા છે જેમાં પાણીનો સંગ્રહ ૨૫ ટકાથી નીચે છે. જળાશયોમાં જળસ્તર વધતા તંત્ર દ્વારા સુરક્ષાના ભાગરૂપે ચેતવણીઓ પણ જારી કરવામાં આવી છે, જેમાં હાલમાં ૧૫ ડેમોને હાઈ અલર્ટ પર રાખવામાં આવ્યા છે. જ્યારે અન્ય ૪ ડેમો માટે 'અલર્ટ' અને ૧૩ ડેમો માટે 'વોર્નિંગ' આપવામાં આવી છે.

ગુજરાતના રાહત કમિશનર ગૌરવ મકવાણાએ રાજ્યમાં પ્રવર્તમાન વરસાદની સ્થિતિમાં તંત્રની સજ્જતા અંગે વિગતો આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના દક્ષિણ ભાગમાં અને ખાસ કરીને વલસાડ, નવસારી, સુરત અને તાપી જિલ્લાઓમાં ગઈકાલથી રેડ અલર્ટ હતું અને ગઈકાલ રાતથી ખૂબ મોટા પ્રમાણમાં ખૂબ વધારે પ્રમાણમાં વરસાદ વરસ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, વલસાડ જિલ્લામાં વરસાદનું પ્રમાણ ખૂબ વધારે રહ્યું છે અને એમાં પણ ઉમરગામ તાલુકામાં ખૂબ વધારે પ્રમાણમાં વરસાદ થયો છે. અગમચેતીના ભાગરૂપે સરકારે લીધેલાં પગલાંઓની વિગતો આપતા કહ્યું હતું કે, વરસાદની પરિસ્થિતિને ધ્યાને લઈ અને અગમચેતીના પગલારૂપે ગઈકાલથી જ એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમ ત્યાં ડિપ્લોય કરી દેવામાં આવી હતી. સુરત, નવસારી અને વલસાડમાં મોટા પ્રમાણમાં એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો તૈનાત છે. હાલમાં કોઈ માનવ મૃત્યુ નોંધાયેલું નથી, માત્ર તાપીમાં એક વ્યક્તિનું ડૂબી જવાથી મૃત્યુ થયું હોવાનો અહેવાલ હોવાનું કમિશનરે જણાવ્યું હતું. ■

### અમદાવાદ-મુંબઈ

ગરકાવ છે. અધિકારીઓએ અનેક સ્થળોએ હાઇ વેની એક બાજુ બંધ કરી દીધી હોવાના અહેવાલ છે, જેના કારણે લાંબી ટ્રાફિક કતારો લાગી છે. લાઇવ ટ્રાફિક ડેટા વલસાડ અને મહારાષ્ટ્ર સરહદ વચ્ચેના વિસ્તારમાં વાહનોની લાંબી લાઈન લાગી છે.

વરસાદ ચાલુ રહેશે તો સ્થિતિ વધુ પડકારજનક બની રહેશે. જોકે ઈમરજન્સી સેવાઓ હાઈ એલર્ટ પર છે અને સ્થિતિ સામાન્ય થવાની રાહ જોવાઈ રહી છે. ■

### પેપર લીક

લીધાના થોડા સમય પછી આવી છે.

આ ટિપ્પણી એનડીએ સંસદીય પક્ષની બેઠક દરમિયાન કરવામાં આવી હતી અને બાદમાં સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુ દ્વારા જણાવવામાં આવી હતી.

રિજિજુના જણાવ્યા મુજબ, વડા પ્રધાને કહ્યું કે ''નીટ પેપર લીક પક્ષપાતી રાજકારણનો મુદ્દો ન હોવો જોઈએ'' કારણ કે તે ''રાષ્ટ્રીય મુદ્દો છે અને એકલા રાજ્ય કે કેન્દ્રનો મામલો નથી.''

નીટ પેપર લીકના ફિયાસ્કાને લઈને દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન વચ્ચે પીએમ મોદીની આ જાહેરાત આવી, જેમાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ કરવામાં આવી હતી .

વિપક્ષી પાર્ટીઓએ નિર્ણય લીધો છે કે પ્રધાન રાજીનામું આપે ત્યાં સુધી તેઓ કોઈપણ ચર્ચામાં ભાગ લેશે નહીં. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે ''યુવાનોનું કલ્યાણ અને તેમનું ઉજ્જવળ ભવિષ્ય મોદી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા અને સંકલ્પ બંને છે.''

''વડાપ્રધાન દ્વારા ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના દ્વારા પેપર લીકના કેસોમાં સુનાવણી ઝડપી બનાવવા અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય આ જ પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.

પેપર લીકના કારણે યુવાનોના ભવિષ્ય સાથે રમત રમનારાઓ સામે આ મહત્ત્વપૂર્ણ પગલું એક સીમાચિહ્ન રૂપ સાબિત થશે,'' એવું તેમણે ઉમેર્યું હતું.

ભાજપના પ્રમુખ નીતિન નવીને જણાવ્યું હતું કે વડા પ્રધાને અગાઉ કહ્યું હતું અને પુનરોચ્ચાર કર્યો હતો કે એનડીએ સરકાર ''કોઈપણ તપાસ માટે તૈયાર છે'' અને ફાસ્ટ-ટ્રેક કોર્ટ લાવશે જેથી આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવે અને ખાતરી કરવામાં આવે કે સંડોવાયેલા કોઈપણને છોડવામાં ન આવે. ■

### શિક્ષણ પ્રધાનના

સભ્યો 'નીટ' પેપર લીક અને વિદ્યાર્થીઓ વિરુદ્ધ પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીને મુદ્દે વિરોધ કરતા વૅલમાં ધસી ગયા હતા.

કામકાજ માટે દિવસનો મહત્ત્વનો સમયગાળા હોવાનું જણાવી સ્પીકરે વિપક્ષના સભ્યોને કામગીરી ચાલુ રહેવા દેવાની વિનંતી કરી હતી.

વિપક્ષ દ્વારા ઉપાડવામાં આવનારાં તમામ મુદ્દે સરકાર ચર્ચા કરવા તૈયાર હોવાનું તેમણે કહ્યું હતું. જોકે વિપક્ષના નેતાઓ સ્પીકરની વિનંતીને અવગણીને સૂત્રોચ્ચાર કરતા વૅલમાં ધસી ગયા હતા.

સ્પીકરે ગૃહની કામગીરી ૧૨ વાગ્યા સુધી મોકૂફ રાખી હતી. ત્રણ મિનિટ બાદ ગૃહની કામગીરી ફરી આરંભવામાં આવી હતી, પરંતુ વિપક્ષે વિરોધ કરવાનું ચાલુ રાખતા ગૃહની કામગીરી ફરી મોકૂફ રાખવાની ફરજ પડી હતી.

બપોરે બે વાગે ગૃહ ફરી મળ્યું હતું, પરંતુ વિપક્ષે ધાંધલધમાલ ચાલુ રાખતાં ગૃહની કામગીરી સંપૂર્ણ દિવસ માટે મોકૂફ રાખવામાં આવી હતી. (એજન્સી)■

### બનારસ-મુંબઈ

પાઈલટે બ્રેક મારી મંગળવારે રાતે નવ વાગે ટ્રેનને અટકાવી દીધી હતી.

નોર્થ-સેન્ટ્રલ રેલવે (એનસીઆર)ના મુખ્ય જનસંપર્ક અધિકારી શિવમ શર્માએ કહ્યું હતું કે લોખંડનો પાઈપ ટ્રેક પર ફેંકવામાં આવ્યો હોવાનું જણાઈ આવ્યું હતું.

પાઈપ પોલો અને કાટ ખાધેલો હોવાનું તેમણે કહ્યું હતું. રેલવે પ્રોટેક્શન ફોર્સે ઘટનાને મામલે અજાણી વ્યક્તિ વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો અને તપાસ આરંભી હતી.

પાઈપને ટ્રેક પરથી હટાવી લેવામાં આવ્યા બાદ ટ્રેનસેવા ફરી શરૂ કરવામાં આવી હતી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

### રાતા સમુદ્રમાં

દ્વારા યમન પર લાદવામાં આવેલા 'અન્યાયી અને દમનકારી ઘેરાબંધી' તરીકે વર્ણવે છે. જૂથે એવો પણ દાવો કર્યો હતો કે તેણે ઓપરેશન પછી લગભગ ૧૦ જહાજને પીછેહઠ કરવા મજબૂર કર્યા હતા.

બહેરીનમાં સ્થિત યુએસ નેવીના નેતૃત્વ હેઠળના દરિયાઈ સુરક્ષા જૂથ, જોઈન્ટ મેરીટાઇમ ઇન્ફર્મેશન સેન્ટર (જેએમઆઈસી) એ ચેતવણી આપી હતી કે હુથીઓએ દરિયાકિનારાની નજીક વાણિજ્યિક શિપિંગને નિશાન બનાવવાની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે, ત્યારબાદ આ હુમલો થયો છે.

મંગળવારે જારી કરાયેલી એક નોટિસ અનુસાર, જૂથના નજીકના સૂત્રોએ જણાવ્યું હતું કે હુથીઓએ વ્યૂહાત્મક જળમાર્ગ નજીક મિસાઇલો અને ડ્રોન તૈનાત કર્યા છે અને રાતા સમુદ્રના દક્ષિણ પ્રવેશદ્વારથી પસાર થતા જહાજો પર હુમલો કરવા માટે તૈયાર હતા. યુરોપિયન યુનિયનના નૌકાદળ મિશને બુધવારે ચેતવણી પણ આપી હતી કે જ્યાં સુધી ખતરાનું સ્તર ઓછું ન થાય ત્યાં સુધી ઇઝરાયલ, યુએસ અથવા સઉદી હિતો સાથે જોડાયેલા વેપારી જહાજોએ રાતા સમુદ્ર અને એડનના અખાતમાંથી પસાર થવાનું ટાળવું જોઈએ.

હુથીઓએ કહ્યું કે સઉદી બંદરો પર કાર્ગો લોડ અથવા અનલોડ કરતા જહાજોને આ વિસ્તારમાં પરિવહન કરવાની મનાઈ છે.

બાબ અલ-મંડેબ સ્ટ્રેટ રાતા સમુદ્રને એડનના અખાત સાથે જોડે છે અને વૈશ્વિક વેપાર માટે મુખ્ય માર્ગ તરીકે સેવા આપે છે.

કેપ્લરના ડેટા અનુસાર, રાતા સમુદ્ર પરના યાનબુ ટર્મિનલ દ્વારા સઉદી તેલની નિકાસ જૂનમાં વધીને ૩.૫ મિલિયન બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ, જે ગયા વર્ષે સમાન સમયગાળા દરમિયાન ૨૪૦૦૦૦ બેરલ પ્રતિ દિવસ હતી.

એક સૂત્રએ જણાવ્યું હતું કે પાછલા બે દિવસ દરમિયાન કોઈ પણ હુમલા વિના વાણિજ્યિક શિપિંગ ચાલુ રહ્યું હતું અને એકંદરે જોખમનું સ્તર 'મધ્યમ' હોવાનું મૂલ્યાંકન કર્યું હતું, પરંતુ શિપ-ટ્રેકિંગ ફર્મ કેપ્લરે મંગળવારે હુથીઓએ પ્રતિબંધની જાહેરાત કર્યા પછી બાબ અલ-મંડેબ દ્વારા ટ્રાફિકમાં ૩૪% ઘટાડો નોંધાવ્યો હતો. સઉદી કાર્ગો વહન કરતા ચાર ટેન્કરો સ્ટ્રેટ પહોંચતા પહેલા પાછા ફર્યા હતા. ■

### ૧૩ વર્ષની સગીરા

તળાજા પો.ઇ વી.આર.ચાવડાએ સંભાળી હતી.પોલીસે ટૅકનોલૉજી દ્વારા તપાસ હાથ ધરવાની સાથે માનવ સોર્સિસનો પણ ઉપયોગ કર્યો હતો, જેમાં પોલીસને ચોક્કસ વિગતો મળી હતી ને આરોપી સગીરાને લઈ ધોળકા નજીક મીઠાના અગરમાં લઈ ગયાનું ધ્યાને આવતા બંનેની અટકાયત કરી હતી.

મેડિકલ ચેકઅપ કરાવ્યા બાદ આરોપીએ સગીરા સાથે શારીરિક સંબંધ બાંધ્યાનું ખૂલતા દુષ્કર્મની કલમનો ઉમેરો કરી જેલ હવાલે કર્યો હતો, જ્યારે સગીરાને તેનાં વાલીને સોંપી હતી.

તળાજા પંથકમાં સગીર છોકરીઓ પુખ્ત છોકરાઓ સાથે પ્રેમાંધ બનીને ભાગી જવાના બનાવો બની રહ્યા છે. છોકરી સગીર હોય આથી કાયદાની જોગવાઈ અને ભાષા મુજબ અપહરણ કહેવાય છે. ભલે છોકરી પોતાની મરજીથી ભાગી હોય છતાંય બંને શારીરિક સંબંધ બાંધે છે, જેના કારણે મેડિકલ ચેકઅપ સહિતની કાયદેસરની પ્રક્રિયામાંથી બન્નેને પસાર થવું પડે છે અને યુવક વિરુદ્ધ ગંભીર કલમો લાગતા જેલમાં જવાનો વખત આવે છે. બન્નેને કાયદાના સંઘર્ષમા ઊતરવું ન પડે તે માટે કાયદાનું જ્ઞાન જરૂરી છે. ■

### નડ્ડાએ મંત્રણાનું

માગણીઓ રજૂ કરી હતી જેમાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ પણ સામેલ હતી. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું સરકાર સીજેપી સાથે બીજા રાઉન્ડની વાતચીત માટે તૈયાર છે તો નડ્ડાએ સંસદ ભવનમાં પત્રકારોને કહ્યું હતું કે, 'હા, અમે તૈયાર છીએ'.

બેઠકના સ્થળ વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, 'તેઓ મારા નિવાસસ્થાને અથવા મારા કાર્યાલય પર આવી શકે છે.' ગઈકાલે નડ્ડાએ સીજેપીને વાતચીત માટે બોલાવ્યા હતા પરંતુ સૂત્રોએ કહ્યું કે પાર્ટીના નેતાઓએ આ પ્રસ્તાવને ફગાવી દીધો હતો. સીજેપીએ કહ્યું હતું કે તેઓ સરકાર સાથે ફક્ત તટસ્થ સ્થળે જ વાતચીત કરશે.

એક સૂત્રએ પીટીઆઈને કહ્યું હતું કે ''જે પી નડ્ડા દ્વારા સીજેપીને આજે વાતચીત માટે આમંત્રણ મોકલવામાં આવ્યું હતું, પરંતુ વિરોધ સ્થળ પર સ્ટેજ પર બેઠેલા લોકોએ આમંત્રણ નકારી કાઢ્યું હતું. 'બુધવારે જંતર મંતર ખાતે એક પ્રેસ બ્રીફિંગને સંબોધતા સીજેપીના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે જણાવ્યું હતું કે પોલીસે જાણ કરી હતી કે નડ્ડાએ તેમને ચર્ચા માટે તેમના નિવાસસ્થાને આમંત્રણ આપ્યું છે. અમે કોઈના ઘરે કે ઓફિસમાં જવાનો ઇનકાર કર્યો હતો. જનતાની અદાલત અહીં છે. મંત્રીઓએ લોકોની વચ્ચે આવવું જોઈએ. જો તેઓ વાત કરવા માંગતા હોય તો તે જંતર મંતર પર થવી જોઈએ.' ■

### જગન્નાથ ધામ

વાર તપાસ્યા બાદ આગામી ટ્રેડ માર્ક જર્નલમાં છાપવા માટે વધુ પાંચ ટ્રેડમાર્ક અરજીને સ્વીકારવામાં આવી હતી.

'જગન્નાથ ધામ, 'શ્રી ક્ષેત્ર', 'મહાપ્રસાદ', 'નીલચક્ર' અને 'કોઈલી વૈંકુઠ' એવા પાંચ પારિભાષિક શબ્દને ટ્રેડમાર્કનું રક્ષણ આપવામાં આવ્યું છે.

શ્રી જગન્નાથ ટેમ્પલ ઑફિસે એક નિવેદનમાં કહ્યું હતું કે આ નોંધણી મહાપ્રભુ શ્રી જગન્નાથની પવિત્ર પરંપરા સાથે સંકળાયેલા નામ અને ઓળખને સુરક્ષિત કરવાની દિશામાં મહત્ત્વનું પગલું છે. આનાથી આ શબ્દોનો દુરુપયોગ અને બિનસત્તાવાર વાણિજ્ય શોષણ અટકશે.

છેલ્લામાં છેલ્લી બહાલી પહેલાં એસજેટીએએ ગયા મહિને ટ્રેડ માર્ક ધારા હેઠળ 'આનંદ બાજરા' અને પતિતપાવન'નું વર્લ્ડમાર્ક રજિસ્ટ્રેશન થયું હતું આ સાથે નીલચક્રના લોગો માર્કનું પણ રજિસ્ટ્રેશન થયું હતું.

એસજેટીએએ જગન્નાથ ધામ અને શ્રી જગન્નાથ સંસ્કૃતિ સાથે સંકળાયેલા ૨૯ નામ, શબ્દ અને પ્રતીકો માટે ટ્રેડમાર્કની નોંધણી કરવા અરજી કરી હતી. અમુક વ્યક્તિઓ અને સંસ્થાઓ ભગવાન જગન્નાથનાં પવિત્ર નામો અને પ્રતીકોનો વાણિજ્ય હેતુ માટે ઉપયોગ કરે છે એમ માલૂમ પડતા મંદિર ટ્રેડમાર્ક રજિસ્ટ્રીનો સંપર્ક કર્યો હતો.

પશ્ચિમ બંગાળના દીઘામાં જગન્નાથ મંદિર માટે 'જગન્નાથ ધામ' શબ્દોનો ખોટી રીતે ઉપયોગ કરવાનું મંદિર સત્તાવાળાઓનું ધ્યાનમાં આવ્યું હતું માટે તેમને ટ્રેડમાર્કની અરજી કરવાની જરૂરિયાત લાગી હતી. (એજન્સી)■

### જમ્મુ-શ્રીનગર

જુલાઈએ આવેલા ઓચિંતા પૂરમાં તે તણાઈ ગઈ હતી. પૂંછમાં સૌથી વધારે મરણાંક એટલે કે ૧૭ જણનો નોંધાયો છે.

જમ્મુ અને કાશ્મીરમાં કુલ ૨૯ જણ મરણ પામ્યા છે. પૂરગ્રસ્ત અને ભૂસ્ખલનનો સામનો કરી રહેલા પૂંછ અને રાજૌરી જિલ્લામાં ગુમ થયેલા સાત જણને શોધી કાઢવા માટેનું અભિયાન ચાલુ હતું.

પૂરની ચેનલ અને બીજા જોખમી વિસ્તારોને તપાસવા વધુ જવાનો તહેનાત કરાયા છે. રવિવારથી અમરનાથ યાત્રા, વૈષ્ણોદેવી યાત્રા અને મચેલ માતા યાત્રા સ્થગિત કરાઈ છે.

ટ્રાફિક વિભાગના અધિકારીએ કહ્યું હતું કે ૨૫૦ કિલોમીટરની લંબાઈવાળા જમ્મુ-શ્રીનગર હાઈવે પરનો બન્ને માર્ગનો પરિવહન બુધવારના સવારના સાડા નવ વાગ્યાથી થંભી ગયો છે.

પાચેક જગ્યાએ ભેખડ પડવાથી અને રોડ ધોવાઈ જતા રસ્તો બંધ થઈ ગયો હતો. ઉધમપુર અને બનિહલ પટ્ટામાં અનેક જગ્યાએ ભેખડ, પથ્થર અને કાદવ પડતા વ્યવહાર થંભાવી દેવામાં આવ્યો હતો.

ટ્રાફિક અધિકારીએ કહ્યું હતું કે યાત્રીઓને હવામાન સુધરે નહીં ત્યાં સુધી હાઈવે પર મુસાફરી ન કરવાની સલાહ આપી છે. રોડ ક્લિયરન્સ એજન્સીએ કાટમાળને દૂર કરવા માનવ અને મશીનો ભાડે લેવાનું શરૂ કર્યું છે. હવામાન ખાતાએ ગુરુવારે સાંજે

મધ્યમથી ભારે વરસાદ અને શુક્રવારે વેસ્ટર્ન ડિસ્ટરબન્સને લીધે વરસાદના બીજા દોરની આગાહી કરી છે. (એજન્સી)■

### ભુજ તાલુકાની સીમમાં

પાડવામાં આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી કતલ કરવા માટે ઉપયોગમાં લેવાતી કુહાડી, બે ધારદાર છરી, વજનકાંટા-વજનિયાં, બે મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧,૦૦૦) અને એક ગાડી (કિંમત રૂ. ૧,૦૦૦,૦૦૦) મળી કુલ રૂ. ૧,૦૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા આરોપી વિરુદ્ધ માધાપર પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

# અમદાવાદમાં વરસાદી રાહત અને વરસાદી આફત

## અમદાવાદના પોશ વિસ્તારો જળમગ્ન, પહેલા જ વરસાદમાં જનજીવન અસ્તવ્યસ્ત





(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લગભગ ચારેક મહિનાથી અસહ્ય ગરમીથી ત્રસ્ત અમદાવાદીઓને ગુરુવારે વરસાદે ખૂબ જ રાહત આપી હતી, પરંતુ આ વરસાદી રાહતને કારણે આફતોનો પણ વરસાદ થયો હતો. શહેરમાં ગુરુવારે વહેલી સવારથી એકધારા વરસાદથી શહેરીજનોની પ્રતીક્ષાનો તો અંત આવ્યો હતો, પરંતુ મોટાભાગના વિસ્તારોમાં રહેતા લોકોએ ભારે હાલાકીનો સામનો કરવાની ફરજ પડી હતી.

ગુરુવારે શહેરના વિવિધ વિસ્તારોમાં નોંધાયેલા આંકડા પર નજર કરીએ તો ૬ વાગ્યાથી લઈને સાંજના ૬ વાગ્યા સુધીમાં સૌથી વધુ સવારના બાકરોલમાં ૧૧.૨૦ ઇંચ વરસાદ ખાબક્યો હતો. સરખેજ અને જોધપુરમાં ૯.૧૭ ઇંચ, બોપલમાં ૯.૬૪ ઇંચ, મુક્તાપુરમાં ૮.૫૬ ઇંચ, ઉસ્માનપુરામાં ૫.૮૪ ઇંચ, ટાગોર કંટ્રોલમાં ૫.૭૨ ઇંચ, રાણીપમાં ૫.૫૧ ઇંચ, વાસણામાં ૭.૪૬ ઇંચ, નવરંગપુરામાં ૬.૨૪ ઇંચ, બોડકદેવમાં ૮.૪૦ ઇંચ, સાયન્સ સિટીમાં ૭.૫૭ ઇંચ, ગોતામાં ૬.૨૦ ઇંચ, ચાંદલોડિયામાં ૫.૬૧ ઇંચ, થલતેજમાં ૭.૬૭ ઇંચ અને મેમનગરમાં ૭.૩૦ ઇંચ વરસાદ પડ્યો હતો. ઉપરવાસમાં અને શહેરમાં થયેલા ભારે વરસાદને પગલે વાસણા બેરેજની સપાટી ૧૨૩.૭૫૦ ફૂટ પર પહોંચી ગઈ હતી અને જળસ્તર જાળવી રાખવા માટે વાસણા બેરેજના કુલ ૨૦ દરવાજા ખોલવામાં આવ્યા હતા અને તેમાંથી ૩,૬૩૬ ક્યુસેક પાણીનો પ્રવાહ નદીમાં છોડવામાં આવ્યો હતો. શહેરના મોટાભાગના વિસ્તારોમાં સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી, ખાસ કરીને સિંધુભવન, એસ.જી. હાઈવે અને બોપલ જેવા મુખ્ય અને પોશ વિસ્તારોના રસ્તાઓ અને સોસાયટીમાં પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદ અને જળસ્તરને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વાસણા બેરેજના દરવાજા પણ ખોલી દેવામાં આવ્યા હતા. વરસાદી પાણી ભરાવાને કારણે વાહનવ્યવહારને ભારે અસર પહોંચી હતી. ખુદ રાજ્યના મુખ્ય પ્રધાનનો કાફલો પણ એસજી હાઇવે પર થલતેજ પેલેડિયમ મોલ પાસે પાણી ભરાવવાના કારણે ટ્રાફિક જામમાં ફસાયો હોવાના અહેવાલો મળ્યા હતા. શહેરના ૧૩૨ ફૂટ રિંગ રોડ, ગોતા અને શેલા વિસ્તારમાં પણ જળબંબાકાર જોવા મળ્યો હતો. શહેરના એસજી હાઇવે પર પણ ખૂબ જ લાંબો ટ્રાફિક સર્જાયો હતો. પ્રહલાદનગર ગાર્ડનથી જોધપુર તરફના રસ્તા પર વરસાદી પાણી નદીની જેમ વહેતા થયા હતા. મીઠાખળી અંડરપાસમાં પાણી ભરાતા એએમટીએસની બસ ફસાઈ ગઈ હતી. જોકે, એએમસીની ત્વરિત કામગીરીને પગલે શાહીબાગ અને નિર્ણયનગર અંડરપાસમાંથી પાણીનો ઝડપી નિકાલ કરીને વાહનવ્યવહાર પૂર્વવત્? કરવામાં આવ્યો હતો. અતિભારે વરસાદને કારણે પરિસ્થિતિનો તાગ મેળવવા ધારાસભ્ય અમિત ઠાકર અને કાર્યકરો ટ્રેક્ટરમા બેસીને નાગરિકો અને સ્કૂલ બસમાં ફસાયેલા વિદ્યાર્થીઓનું રેસ્ક્યુ કરી નિવાસસ્થાને પહોંચાડ્યા હતા. ભારે વરસાદને કારણે વિશાલાથી સરખેજ સુધી ખૂબ લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. હાલ ચાલી રહેલા બ્રિજના કામને લીધે વાહન વ્યવહારને અસર પહોંચી હતી. આ આફતના સમયે પોલીસ અને તંત્ર દ્વારા અનેક પ્રશંસનીય રાહત-બચાવ કામગીરી હાથ ધરાઈ હતી. શેલામાં પાણી ભરાતા વિદ્યાર્થીઓને જેસીબીમાં બેસાડીને સુરક્ષિત ઘરે પહોંચાડાયા હતા, જ્યારે સરખેજ એલ.જે. કોલેજ પાસે ફસાયેલા વિદ્યાર્થીઓને પોલીસની 'કોડ ટીમ' અને દાણીલીમડા પોલીસ દ્વારા બાળકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા હતા. શાહીબાગ પોલીસે ઘૂંટણસમા પાણીમાં ફસાયેલી ફ્રૂટની લારીવાળી મહિલાને બચાવી હતી, જ્યારે જમાલપુર પાસે બીમાર પડેલી મહિલાની કારને ટ્રાફિક વચ્ચે પોલીસ પાયલોટિંગ આપીને વી.એસ. હોસ્પિટલ પહોંચાડી હતી. બપોરે ૨ વાગ્યા સુધીમાં એએમસી કંટ્રોલ રૂમમાં પાણી ભરાવાની, ઝાડ પડવાની અને ભયજનક મકાનની અનેક ફરિયાદો નોંધાઈ હતી. પાલડીમાં સંચાર કોલોની પાસે પડેલા બે મોટા વૃક્ષોને ફાયર વિભાગે હટાવીને લો ગાર્ડન તરફનો રસ્તો ખુલ્લો કર્યો હતો. નીચાણવાળા વિસ્તારોમાં ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. નોકરી માટે ઘરેથી નીકળેલા અને અભ્યાસ નીકળેલા વિદ્યાર્થીઓને પરત ફરતા કલાકોનો સમય લાગ્યો હતો અને ભારે મુસિબતોનો સામનો કરવો પડ્યો હતો. એએમટીએસની બસો, બીઆરટીએસની બસો પણ અમુક વિસ્તારોમાં જઈ શકતી હતી. ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ચાલકો પણ અટવાયા હતા. ઘણાએ રસ્તા પર વાહનો મૂકી ચાલીને જવાની ફરજ પડી હતી.

હવામાન વિભાગ દ્વારા અમદાવાદમાં હજુ પણ ભારે તથા અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અને વિદ્યાર્થીઓની સુરક્ષાના ભાગરૂપે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તકેદારીના પગલારૂપે શહેરની તમામ શાળાઓ અને કોલેજોમાં આજે રજા જાહેર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સાથે તંત્રએ લોકોની સુરક્ષા માટેના તમામ બંદોબસ્ત ગોઠવ્યા હતા. ■

## ડ્રગ્સ કે સોનું નહીં, પણ અમદાવાદ એરપોર્ટ પર મુસાફરની બેગમાંથી માંસ મળ્યું

### શહેરના એરપોર્ટનો પ્રથમ કિસ્સો, માંસ પરીક્ષણ માટે લેબોરેટરીમાં મોકલાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ શહેરના એરપોર્ટ પરથી છાશવારે ડ્રગ્સ કે સોના સહિતની વસ્તુઓ ગેરકાયદે લાવતા મુસાફરો ઝડપાઈ છે અને કરોડોનો માલ પણ જપ્ત થાય છે, પરંતુ ગુરુવારે એક વિચિત્ર ઘટનામાં મુસાફરની હેન્ડબેગમાંથી માંસ મળી આવ્યું હતું, જે લગભગ શહેરના ઈન્ટરનેશનલ એરપર્ટ પર પહેલીવાર બનેલી ઘટના હોવાનું માનવામાં આવે છે.

અમદાવાદના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર થાઈલેન્ડથી આવેલા એક ફૂડ કંપનીના પ્રતિનિધિ બનીને ગયેલા પેસેન્જરની ત્રણ હેન્ડ બેગમાંથી ૨૦ થી ૨૫ કિલો ગ્રામ માંસ મળી આવતા કસ્ટમના અધિકારીઓ ચોકી ઉઠ્યા હતા. કોઈપણ પ્રકારના વાઈલ્ડ લાઇફ પ્રોટેક્ટેડ પશુ પક્ષીના માંસ બેગેજમાં લાવી શકાતા નથી, તેના ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અમદાવાદના એરપોર્ટ ઉપર પ્રથમવાર આ પ્રકારનો કેસ કસ્ટમ સમક્ષ આવ્યો છે. કસ્ટમના સૂત્રોએ જણાવ્યું હતું કે વડોદરાની ફૂડ કંપનીના પ્રતિનિધિની ત્રણ હેન્ડબેગમાંથી માંસ મળી આવ્યું હતું. હાલ તુરંત પેસેન્જર પાસેથી અંડરટેકિંગ લઈને પેસેન્જરને આ માંસ પ્રિઝર્વ કરીને રાખવા અને તેનો ઉપયોગ નહીં કરવા માટેની સૂચના આપી દેવામાં આવી છે. આ પ્રકારનું માસ વિદેશથી પેસેન્જર તેના બેગેજમાં લાવી શકતો નથી, પરંતુ કોઈપણ પોર્ટ ઉપર આ પ્રકારનું માંસ લાવવા માટે કસ્ટમ સહિત વાઇલ્ડ લાઇફ અને અનેક પ્રકારના ઈમ્પોર્ટ અંગેના જરૂરી અને મંજૂરી સાથેના દસ્તાવેજો કસ્ટમ સમક્ષ રજૂ કરવા પડે છે. આ પ્રકારનો કેસ અમદાવાદના એરપોર્ટ ઉપર પ્રથમવાર નોંધાયો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

કસ્ટમ વિભાગે સેમ્પલ મેળવીને આ માસ કયા પ્રાણીનું છે તેની તપાસ કરવા માટે લેબોરેટરીમાં મોકલી આપ્યું છે. લેબોરેટરી દ્વારા રિપોર્ટ પોઝિટિવ આવે કે નેગેટિવ આવે તે અલગ બાબત છે, પરંતુ આ પ્રકારે હેન્ડબેગમાં માંસ લાવી શકાય નહીં, તેવી માહિતી અધિકારીએ આપી હતી. ■

## દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને કારણે અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈ વે જૅમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમાદવાદ દક્ષિણ ગુજરાતમાં મુશળધાર વરસાદથી હાઇવેના ઘણા ભાગો ડૂબી ગયા બાદ, સુરત વાયા અમદાવાદ અને મુંબઈને જોડતા સૌથી વ્યસ્ત હાઇવે પૈકીના એક, નેશનલ હાઇવે ૪૮ (એનએચ-૪૮) પર ભારે ટ્રાફિક જામ થયો હોવાના અહેવાલો મળી રહ્યા છે. વલસાડ જિલ્લાના કેટલાક ભાગોમાં માત્ર ૨૪ કલાકમાં લગભગ ૩૬ ઇંચ વરસાદ પડ્યો હતો, જેના કારણે વાહન વ્યવહાર લગભગ ઠપ થઈ ગયો છે. જેના કારણે હજારો મુસાફરો કલાકો સુધી અટવાઈ ગયા છે, તેવી માહિતી અહેવાલો દ્વારા મળી હતી.

રીઅલ-ટાઇમ ગુગલ મેપ્સ ટ્રાફિક ડેટા અનુસાર, સુરત પછી એનએચ-૪૮ ના અનેક ભાગો પાણીથી ભરાયેલા છે. ડુંગરી અને ચીખલી નજીક ભારે ટ્રાફિક જામની જાણ કરવામાં આવી છે, જ્યારે વલસાડ જિલ્લાના વાપી અને કરમબેલી નજીક હાઇવે પર પાણી ભરાઈ જવાને કારણે ઘણા કલાકો સુધી ટ્રાફિક વ્યવહાર ખોરવાયો હતો.

સૂત્રોએ આપેલી માહિતી અનુસાર સૌથી વધુ અસર પારડી, મોતીવાડા અને ઉદવાડા નજીકના વિસ્તારો પર પડી છે, જ્યાં હાઇવેનો મોટો ભાગ પાણીમાં ગરકાવ છે. અધિકારીઓએ અનેક સ્થળોએ હાઇવેની એક બાજુ બંધ કરી દીધી હોવાના અહેવાલ છે, જેના કારણે લાંબી ટ્રાફિક કતારો લાગી છે. લાઇવ ટ્રાફિક ડેટા વલસાડ અને મહારાષ્ટ્ર સરહદ વચ્ચેના વિસ્તારમાં વાહનોની લાંબી લાઈન લાગી છે.

વરસાદ ચાલુ રહેશે તો સ્થિતિ વધુ પડકારજનક બની રહેશે. જોકે ઈમરજન્સી સેવાઓ હાઈ એલર્ટ પર છે અને સ્થિતિ સામાન્ય થવાની રાહ જોવાઈ રહી છે. ■

## ₹ ૨૭ લાખના ડિજિટલ અરેસ્ટ કેસમાં ફરાર બે વર્ષ બાદ અમદાવાદથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ૨૭ લાખ રૂપિયાના 'ડિજિટલ એરેસ્ટ' કેસમાં ભાગેડુ આરોપી બે વર્ષ બાદ અમદાવાદથી ઝડપાયો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓને તેના ઠેકાણા વિશે ચોક્કસ માહિતી મળ્યા બાદ ૪૫ વર્ષીય આરોપીની સેટેલાઇટના શિવરંજની ક્રોસરોડ્સ નજીકથી ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસસૂત્રોએ જણાવ્યું હતું કે વાસણા બસ સ્ટેન્ડ પાછળની સોસાયટીમાં રહેતો ૪૫ વર્ષીય વ્યક્તિ ૨૦૨૪માં મહારાષ્ટ્રના સોલાપુર સાયબર ક્રાઈમ પોલીસે બીએનએસ અને ઇન્ફર્મેશન ટેકનોલોજી એક્ટની જોગવાઈઓ હેઠળ નોંધાયેલા કેસમાં વોન્ટેડ હતો. શહેર પોલીસે તેને મહારાષ્ટ્રના સોલાપુરથી પોલીસને સોંપવાની પ્રક્રિયા શરૂ કરી દીધી હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

પોલીસે જણાવ્યું હતું કે આરોપી પર ગુજરાતમાં જુગાર, દારૂબંધી અને છેતરપિંડીના કેસ પણ નોંધાયેલા છે.

અમદાવાદમાં વાસણા પોલીસ અને ગુજરાત યુનિવર્સિટી પોલીસે તેમજ રાજકોટમાં ગાંધીગ્રામ પોલીસે ૨૦૨૨ થી ૨૦૨૫ ની વચ્ચે આ કેસ નોંધ્યા હતા. ■

## ૨૦ વર્ષની વિદ્યાર્થિનીએ ₹ ૫૩ લાખની ચોરી કરી, ભણતર માટે કરી હોવાનો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ મધ્ય પ્રદેશની રહેવાસી અને ગાંધીનગરમાં પેઈંગ ગેસ્ટ તરીકે રહી બાયોલોજી ભણતી વિદ્યાર્થિનીએ ૫૩ લાખની ચોરી કર્યાનો ટોંકાવનારો કિસ્સો પોલીસ ચોપડે નોંધાયો હતો.

૨૦ વર્ષીય બાયોલોજીની વિદ્યાર્થીનીએ કથિત રીતે પોતાના શિક્ષણનો ખર્ચ ઉઠાવવા માટે ૫૩.૯ લાખ રૂપિયાના દાગીના ચોર્યા હતા. ચોરી કર્યા બાદ ત પોતાન વતન જવા પથિકાશ્રમ બસડેપો ઊભી હતી, ત્યાંથી પોલીસે તેને પકડી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચે થોડા જ દિવસોમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો હતો અને ચોરાયેલી બધી મિલકત રિકવર કરી લીધી હતી. ગાંધીનગરના સેક્ટર ૪માં ૧૮ જુલાઈના બપોરથી ૧૯ જુલાઈની સવાર દરમિયાન એક ડોક્ટર દંપતીના બંધ ઘરમાં ચોરી થઈ હતી.

જ્યારે પરિવાર પાછો ફર્યો ત્યારે તેમને કબાટ તૂટેલા અને ૫૬૩ ગ્રામના સોના-ચાંદીના દાગીના ગાયબ જોવા મળ્યા હતા. સેક્ટર ૭ પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. વિદ્યાર્થિનીની ગતિવિધિ ઘરની બહાર વારંવાર જોવા મળી હતી. ત્યારબાદ પોલીસે તેને ફોટો જાહેર કર્યો હતો અને આસપાસના પીજીમાં તપાસ કરી હતી. અંતે તેને પથિકાશ્રમ બસડેપોથી પકડી લેવામાં આવી હતી.

પોલીસ પૂછપરછમાં યુવતીએ જણાવ્યું હતું કે તે મધ્ય પ્રદેશથી અહીં ભણવા આવી હતી. ભણવા અને અન્ય ખર્ચ માટે તે નોકરી પણ કરતી હતી, પરંતુ તેમાં પૂરું થતું ન હતું. તેણે પોતાની સોનાની રિંગ પણ ગિરવે મૂકી હતી. તે આ ડોક્ટરના ઘર પાસેથી રોજ પસાર થતી અને તેમના રૂટિન પર નજર રાખતી હતી. ચોરીની રાત્રે તે દિવાલ કૂદી તેમના ઘરમાં ગઈ હતી, પરંતુ ડોકટર દંપતી બહાર ગયું હોવાથી ઘર લૉક હતું. તે છુપાઈ રહી હતી અને તેઓ સવારે ઘરે આવ્યા અને થોડીવારમાં કામકાજે ગયા ત્યારે તેણે હાથ સાફ કરી લીધો અને પછી નીકળી ગઈ હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની સ્થિતિની સમીક્ષા કરી મુખ્ય પ્રધાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ખાસ કરીને દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ, નવસારી અને તાપી જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે સર્જાયેલી સ્થિતિની ઉચ્ચસ્તરીય સમીક્ષા ગાંધીનગરમાં સ્ટેટ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટરથી કરી હતી.

તેમણે આ જિલ્લાના કલેકટરો સાથે બેઠકમાંથી જ ટેલીફોન પર વાતચીત કરીને સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમજ રેસ્ક્યુ, સ્થળાંતર સહિતની કામગીરી અને નદીઓમાં પૂરની સ્થિતિની વિગતો મેળવી હતી.

રાજ્યમાં ભારે વરસાદની સ્થિતિથી ઊભી થયેલી સ્થિતિ અંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય પ્રધાન અમિતભાઈ શાહે મુખ્ય પ્રધાન સાથે ટેલિફોનિક વાતચીત કરીને સંપૂર્ણ વિગતો મેળવી હતી. તેમણે બચાવ-રાહત, સ્થળાંતર અને સલામતીના પગલાંઓમાં કેન્દ્ર સરકાર તરફથી સંપૂર્ણ મદદની ખાતરી મુખ્ય પ્રધાનને આપી હતી.

એટલું જ નહીં, હવામાન વિભાગ દ્વારા જે જિલ્લાઓમાં આગામી સમય માટે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે તે જિલ્લાઓના પ્રભારી સચિવને પણ સંબંધિત જિલ્લાઓમાં તત્કાલ પહોંચવા મુખ્ય પ્રધાને સૂચનાઓ આપી હતી. તેમણે વરસાદ પ્રભાવિત જિલ્લાઓમાં સ્થાનિક તંત્રને બચાવ-રાહત, સ્થળાંતર કામગીરીમાં મદદરૂપ થવા એન.ડી.આર.એફ., એસ.ડી.આર.એફ.ની વધુ ટીમો ડિપ્લોય કરવા પણ આ સમીક્ષા બેઠકમાં આદેશો આપ્યા હતા.

મુખ્ય પ્રધાને અસરગ્રસ્ત વિસ્તારોમાં નદીઓના પૂરના પાણીને કારણે ફસાયેલા લોકો તેમજ નીચાણવાળા વિસ્તારોના લોકોના રેસ્ક્યુ અને સ્થળાંતરની કામગીરીને અગ્રતા આપવાની સૂચનાઓ આપી હતી. તેમણે વરસાદને કારણે વીજળી પુરવઠો તથા પીવાના પાણીના વિતરણની સ્થિતિની સમીક્ષા કરી હતી અને તે રાબેતા મુજબ સતત જળવાઈ રહે તે માટેના સૂચનો કર્યા હતા.

માર્ગ-મકાન વિભાગે પાણીથી ઓવરટોપીંગ, એપ્રોચના ધોવાણ તથા ડાયવર્ઝન ધોવાણના કારણે જે માર્ગો બંધ થયા છે તેને પાણી ઓસરતા જ યુદ્ધના ધોરણે પૂર્વરત કરવા ૩૪૦૦ ઉપરાંત ડમ્પર અને ૧૧૦૦થી વધુ જે.સી.બી. અને જરૂરી મટીરીયલ્સ તૈનાત રાખ્યા છે તેની વિગતો પણ મુખ્ય પ્રધાને મેળવી હતી.




વરસાદની સ્થિતિમાં પાણી ઓસર્યા પછી રોગચાળો ન ફેલાય તે માટે પૂરતી સાફ-સફાઈ અને રોગ નિયંત્રણના પગલાંઓ જરૂરી દવાઓના જથ્થા વગેરે અંગે તેમણે આરોગ્ય વિભાગને સજ્જ રહેવા સૂચનાઓ આપી હતી.

રાહત કમિશનર ગૌરવ મકવાણાએ રાજ્યમાં પ્રવર્તમાન વરસાદની સ્થિતિમાં તંત્રની સજ્જતા અંગે વિગતો આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના દક્ષિણ ભાગમાં અને ખાસ કરીને વલસાડ, નવસારી, સુરત અને તાપી જિલ્લાઓમાં ગઈકાલથી રેડ એલર્ટ હતું અને ગઈકાલ રાતથી ખૂબ મોટા પ્રમાણમાં ખૂબ વધારે પ્રમાણમાં વરસાદ વરસ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે વલસાડ જિલ્લામાં વરસાદનું પ્રમાણ ખૂબ વધારે રહ્યું છે અને એમાં પણ ઉમરગામ તાલુકામાં ખૂબ વધારે પ્રમાણમાં વરસાદ થયો છે. છેલ્લા ૨૮ કલાકમાં ઉમરગામ તાલુકામાં ૪૩ ઇંચ જેટલો વરસાદ થયો છે અને વલસાડ જિલ્લાના વિવિધ ભાગોમાં કપરાડા, વાપી વિસ્તારોમાં પણ ખૂબ જ વધારે પ્રમાણમાં વરસાદ છે. મકવાણાએ અગમચેતીના ભાગરૂપે સરકારે લીધેલા પગલાંઓની વિગતો આપતા કહ્યું હતું કે, વરસાદની પરિસ્થિતિને દયાને લઈ અને અગમચેતીના પગલારૂપે ગઈકાલથી જ એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમ ત્યાં ડિપ્લોય કરી દેવામાં આવી હતી. સુરત, નવસારી અને વલસાડમાં મોટા પ્રમાણમાં ટીમો તહેનાત હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ ઉપરાંત, રાત્રે જેમ જેમ વરસાદની તીવ્રતા વધતી ગઈ તેમ તેમ ટીમોનું મોબિલાઈઝેશન થતું રહ્યું. વહીવટી તંત્ર, પોલીસ અને સ્થાનિક આપદા મિત્રોના સંકલનથી રેસ્ક્યુની કામગીરી ગઈકાલ રાતથી જ આરંભી દેવામાં આવી હતી અને અંદાજે ૧૨૦૦ જેટલા લોકોને રેસ્ક્યુ કરી દેવામાં આવ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, સુરત સિટીમાં અત્યાર સુધીમાં ૧૫૦૦ જેટલા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. નવસારીમાં કાવેરી નદીના કારણે ૧૧ ગામોમાં ફસાયેલા ૨૦૦ જેટલા લોકોને પણ રેસ્ક્યૂ કરીને સલામત સ્થળે ખસેડી દેવાયા છે. હાલમાં આ જિલ્લાઓમાં કોઈ ક્રિટિકલી ફસાયેલું હોય તેવા સંજોગો નથી.

વલસાડ જિલ્લામાં અગાઉ ફરજ બજાવેલ હોય તેવા ૧૦ જેટલા અધિક કલેકટર અને નાયબ કલેકટર મામલતદાર કક્ષાના અધિકારીઓ સેવામાં મુકાયા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

## ફરી અમદાવાદ એરપોર્ટ પરથી સોનું અને કિંમતી ઘડિયાળો પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ શહેરના ઇન્ટરનેશનલ એરપોર્ટ ઉપર એક જ દિવસમાં કસ્ટમ વિભાગે ચાર જુદા જુદા કેસ દાખલ કર્યા હતા, જેમાં એક કેસ સોનાના દાગીના તેમજ ગોલ્ડ પેસ્ટ અને ૧૭ લાખની રોલેક્સ ઘડિયાળ તેમ જ થાઈલેન્ડથી આવેલા પેસેન્જર પાસેથી ૨૦ થી ૨૫ કિલો માંસ પકડી પાડીને તપાસ શરૂ કરી હતી. અમદાવાદ ડીઆરઆઈની બાતમીના આધારે એરપોર્ટ કસ્ટમના અધિકારીઓએ દુબઈથી આવેલા બે પેસેન્જરને અટકાવીને તપાસ કરતા તેમના શર્ટના કોલર ની અંદર છુપાવેલા ૧૨૯.૧૮ ગ્રામનું ગોલ્ડ પેસ્ટ મળી આવ્યું હતું, જેની કિંમત ૧૯.૪૮ આંકવામાં આવે છે, એટલું જ નહીં અન્ય એક પેસેન્જર પાસેથી ૧૭ લાખની રોલેક્સ ઘડિયાળ પણ કસ્ટમ વિભાગે પકડી પાડી હતી.

અગાઉ કસ્ટમ વિભાગે ૧૨ કરોડની રિચડ મિલેની ઘડિયાળ એક મહિલા પાસેથી પકડી હતી. હવે કસ્ટમ ડ્યૂટીની ચોરી કરવા માટે નવા નવા પ્રયોગો પેસેન્જરો દ્વારા કરવામાં આવી રહ્યા છે, તેથી કસ્ટમ વિભાગ પણ વધુ સતર્ક બની રહ્યું છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

નવમા પાનાનું ચાલુ

## દેશનો વિકાસ

‘ટૂલકીટ’ તૈયાર કરાઈ હતી અને પ્રદર્શનકારીઓને એકત્ર કરવા પાછળ એઆઇએસએફ, એઆઇએસએ અને એસએફઆઇ જેવા ડાબેરી વિદ્યાર્થી સંગઠનો સક્રિય હતા. સાટમે દાવો કર્યો હતો કે પ્રદર્શનકારીઓ સરકાર સાથેની વાતચીત માટેની શરતો વારંવાર બદલી રહ્યા છે કારણ કે તેમનો હેતુ સંવાદનો નહીં પરંતુ ભાજપને સત્તા પરથી હટાવવાનો હતો.

તેમણે દેશના યુવાનોને ભારત વિરોધી તત્ત્વો દ્વારા કરવામાં આવતા અને ખોટા પ્રચારનો ભોગ ન બનવા અપીલ કરી હતી.

## પોલીસ ડ્રાઈવરને

લેશે તો તેમને ડ્રગ્સના ખોટા કેસનો સામનો કરવો પડશે.

‘જો તમે ફરીથી અહીં દેખાશો તો હું તમારા ખિસ્સામાં પચાસ ગ્રામ પાઉડર મૂકી દઇશ. તેમને જામીન નહીં મળશે અને આખું જીવન બદબાદ થઇ જશે. અમે તમારા જેવા લોકો માટે બહુ મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છીએ,’ એમ ડ્રાઇવર વીડિયોમાં બોલતો દેખાય છે.

વાયરલ વીડિયોની ગંભીર નોંધ લેતાં વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે. તથ્યોની ચકાસણી કર્યા બાદ તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ડ્રાઇવરને તેની હાલની પોસ્ટિંગમાંથી દૂર કરવામાં આવ્યો છે.

વીડિયોને કારણે પોલીસ અને રાજ્ય સરકારની ખૂબ ટીકા થઇ હતી. કૉંગ્રેસે ઉચ્ચ સ્તરીય તપાસની માગણી કરી હતી. મુંબઇ કૉંગ્રેસે એક્સ પર જણાવ્યું કે જો આ વાત સાચી હોય તો આ વિદ્યાર્થીને ધમકી નથી, પરંતુ લોકશાહી અધિકાર પર સીધો હુમલો છે. વિરોધ કરવો ગુનો નથી. વિદ્યાથીઓના પ્રશ્નોના ઉત્તરો જવાબદારીથી આપવા જોઇએ, ધમકાવીને નહીં.

## મોડક સાગર

પાણીનો પ્રવાહ વધુ હોવાથી આ જળાશયનો એક દરવાજો ખોલવો પડ્યો હોવાની માહિતી હાઈડ્રોલિક ડિપાર્ટમેન્ટે આપી હતી.

છેલ્લા કેટલાક દિવસોથી ઉપરવાસમાં સતત પડતા વરસાદને કારણે જળાશયોમાં પાણીનું સ્તર ઝપાટાભેર વધી રહ્યું છે. મોડક સાગરમાં જળસંગ્રહની ક્ષમતા ૧,૨૮,૯૨૫ મિલિયન લિટર જેટલી છે. ગયા વર્ષે આ જળાશય ૯ જુલાઈએ, જ્યારે ૨૦૨૪માં ૨૫ જુલાઈએ છલકાયું હતું.

મહાપાલિકા અનુસાર મુંબઈને પાણી પૂરું પાડતાં સાત જળાશયમાં ગુરુવાર સુધીમાં લગભગ ૭૦ ટકા પાણી જમા થઈ ગયું હતું, જે આનંદના સમાચાર ગણી શકાય. થાણે જિલ્લાના શહાપુર તાલુકામાં વૈતરણા નદી પર બાંધવામાં આવેલું મોડક સાગર મુંબઈમાં પીવાનું પાણી પૂરું પાડનારું મહત્ત્વનું જળાશય ગણાય છે.

ઉલ્લેખનીય છે કે આ ચોમાસામાં બુધવારની સવારે તાનસા તળાવ છલકાયું હતું. તે પહેલાં સાતમી જુલાઈની રાતે વિહાર અને પછી તુલસી પાણીથી છલોછલ થઈ ગયાં હતાં.

## નાસિકમાં મુશળધાર

આવ્યું હોવાથી જિલ્લા વહીવટીતંત્રે ગોદાવરી, કડવા, ગિરણા અને મોસમ નદીઓના કિનારે રહેતા નાગરિકોને સાવધાન રહેવાની અપીલ કરી હતી.

લોકોએ નદીઓમાં જવું નહીં તેમજ કિંમતી સામાન, પશુધન અને અન્ય સામાન સુરક્ષિત સ્થળોએ ખસેડવાની ચેતવણી પણ અધિકારીઓએ આપી હતી.

જિલ્લાના બંધોમાં પાણીનો જથ્થો ૪૩,૬૮૫ MCFt (ક્ષમતાના ૬૧.૮૬ ટકા) સુધી પહોંચી ગયો છે જ્યારે શહેરને પાણી પૂરું પાડતા ગંગાપુર બંધમાં પાણીનો જથ્થો ૫,૧૦૭ MCFt (૯૦.૭૧ ટકા) સુધી પહોંચી ગયો છે.

ભારે વરસાદથી ભૂસ્ખલન થવાથી ગુરુવારે સવારે ત્ર્યંબક-જવાહર હાઈવેની એક બાજુ બંધ કરી દેવાઈ હતી.પરંતુ થોડા સમય પછી કાટમાળ દૂર કરવામાં આવ્યો હતો અને વાહનવ્યવહાર માટે રસ્તો શરૂ કરવામાં આવ્યો હતો.

ઈગતપુરી તાલુકાના ભામ ડેમથી માંજરગાંવ રોડ પર ભૂસ્ખલનને કારણે વાહનવ્યવહાર બંધ થઈ ગયો હતો.

અહીં ઉલ્લેખનીય છે કે બુધવારે સવારે ત્ર્યંબકેશ્વર પરિસરમાં એક ઘરના પતરાં ઊડીને રસ્તા પર પડતાં ત્રણ લોકો જખમી થયા હતા. (પીટીઆઈ)

## થાણે જિલ્લાને

ગયા વર્ષે ૧,૨૭૦.૪૮ વરસાદ નોંધાયો હતો, એમ થાણે મહાપાલિકાના રિજનલ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું.

થાણે નજીકના બદલાપુર અને વાંગણીમાં વીજળીના ૨૭ થાંભળા ઊખડી ગયા હતા, જેને કારણે ૨૭,૦૦૦ ગ્રાહક બુધવાર સાંજથી વીજળી વિના રહ્યા હતા. કલ્યાણના તહેસીલદાર વિકાસ ગરુડકરે જણાવ્યું હતું કે કાલુ નદીમાં પાણીનું સ્તર વધી જતાં ટિટવાલા-ફાલેગાંવ રોડ પરનો રુંદે બ્રિજ પૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. સુરક્ષાનાં કારણોસર આ બ્રિજ વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો હતો.

ભારે વરસાદને કારણે કલ્યાણ તાલુકાનો જ વલકાસ-વેહારે બ્રિજ પર પાંચ કલાકથી વધુ સમય માટે વાહનોની અવરજવર માટે બંધ કરી દેવાયો હતો.

થાણે જિલ્લામાં વૃક્ષો તૂટી પડવાની ઘટનાઓમાં વાહનો અને ઘરોને નુકસાનની ઘટનાઓ નોંધાઈ હતી, પરંતુ સદ્‌નસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## પોલીસ વૅન રોકતી

જોવા મળે છે. એ સમયે પ્રદર્શનકારીઓના સૂત્રોચ્ચારના કારણે વ્યસ્ત માર્ગ પર ટ્રાફિક ઠપ્પ થઈ ગયો હતો. સ્થાનિક સંવાદદાતાઓ સાથે વાત કરતા મહિલાએ જણાવ્યું હતું કે ‘પોલીસ તેનું કામ જવાબદારીપૂર્વક નથી કરી રહી. જો કોઈ જવાબદારી લેવા તૈયાર ન હોય તો અમે અમારા નાગરિકોની જવાબદારી ઉપાડી લઈશું. હું વિદ્યાર્થી નથી, મારા પિતા ખેડૂત નથી, કે હું પણ નથી. હું દલિત નથી કે ઓબીસી સમુદાયની નથી, પરંતુ તેમણે (દિલ્હીમાં) વિદ્યાર્થીઓ સાથે જે કર્યું તે ખોટું છે. તેમણે જે કંઈ કર્યું એની જવાબદારી સ્વીકારવી પડશે.જો દિલ્હીમાં પ્રદર્શનકારીઓને સંસદ સુધી પહોંચવા દેવામાં ન આવ્યા હોય તો કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનને વિરોધ સ્થળ પર તેમને મળવા દેવા જોઈતા હતા.’ આ મહિલાનું નામ રિયા છે. એક અભિનેત્રી, મોડલ અને ઉદ્યોગસાહસિક છે. ઇન્સ્ટાગ્રામ પર તેના લગભગ એક લાખ ફોલોઅર્સ છે અને તે ‘દિલબરા’ વીડીયો ગીતમાં જોવા મળી હતી.

પોલીસે જણાવ્યું હતું કે શિવાજી પાર્ક, ચૈત્યભૂમિ, ચેમ્બુર અને શિવસેના ભવન સહિત વિવિધ સ્થળોએ દેખાવો કરવામાં આવ્યા હતા, પરંતુ કોઈ પરવાનગી આપવામાં આવી ન હતી. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પણ વિરોધ પ્રદર્શનની હૃદયસ્પર્શી ક્ષણો દર્શાવવામાં આવી હતી. એક વ્યાપકપણે પ્રસારિત ક્લિપમાં પ્રદર્શનકારીઓ વરસાદમાં કૂચ કરતા જોવા મળ્યા હતા જ્યારે વરિષ્ઠ નાગરિકો નજીકના ચાલની બાલ્કનીમાંથી તેમનો ઉત્સાહ વધારતા હતા. (પીટીઆઈ)

## પાંચ દિવસમાં

શિવાજી પાર્ક, ચૈત્યભૂમિ, ચેમ્બુર અને શિવસેના ભવન સહિત વિવિધ સ્થળે દેખાવ કરવામાં આવ્યા છે.

૧૯ જુલાઇએ શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ શિવાજી પાર્કમાં આંદોલનને સમર્થન આપ્યું હતું. સોમવારે દાદરમાં ચૈત્યભૂમિ ખાતે પરવાનગી વિના આંદોલન કરવા માટે પોલીસે ગુનો દાખલ કરવાની પ્રક્રિયામાં છે.

તમામ પંદર એફઆઇઆરમાં આરોપીઓ વિરુદ્ધ સરકારી અધિકારી દ્વારા જારી આદેશનું ઉલ્લંઘન, ગેરકાયદે એકઠા થવું વિગેરે આરોપ છે. બુધવારે પણ સીજેપીના સમર્થનમાં મુંબઈમાં ઠેકઠેકાણે આંદોલન કરવામાં આવ્યું હતું.

ચેમ્બુરમાં ડો. બાબાસાહેબ આંબેડકર ઉદ્યાન ખાતે ભારે પોલીસ બંદોબસ્ત છતાં મોટી સંખ્યામાં આંદોલનકારીઓ એકઠા થયા હતા. પોલીસે અનેક આંદોલનકારીઓને અટકાયતમાં લીધા હતા અને તેમને પોલીસ વેનમાં બેસાડ્યા હતા, જ્યારે અન્ય ટોળાને વિખેરવામાં આવ્યું હતું. ગુરુવારે મોટી સંખ્યામાં લોકો શિવસેના ભવનની બહાર એકઠા થયા હતા અને શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન તથા વડા પ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. (પીટીઆઇ)

## સીજેપી આંદોલન

વિરોધ વિશે વાત કરી છે અને મહારાષ્ટ્ર કૉંગ્રેસના નેતાઓ તેમાં સહભાગી થશે. શિવસેના (યુબીટી) અને કૉંગ્રેસ રાજ્યમાં વિપક્ષી જૂથ મહા વિકાસ મોરચાનો હિસ્સો છે.

રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે મોરચો દાદરના શિવાજી પાર્કથી શરૂ થશે અને પ્રભાદેવી વિસ્તારમાં સિદ્ધિવિનાયક મંદિરમાં સમાપ્ત થશે. સરકારમાં થોડી સમજદારી આવે એ માટે મંદિરમાં ભગવાન ગણેશની પૂજા કરવામાં આવશે. વિરોધ પ્રદર્શન દરમિયાન કોઈ રાજકીય ધ્વજ પ્રદર્શિત કરવામાં આવશે નહીં.

મનસેના પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના આંદોલનને મોટા પાયે સ્વરૂપ ધારણ કરી લીધું હોવાથી સરકાર રક્ષણાત્મક સ્થિતિમાં આવી ગઈ છે. ૨૬ જુલાઈએ મુંબઈમાં અમારા શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કરનારને અમે ફટકારીશું.

બંને નેતાઓએ જણાવ્યું હતું કે આ મોરચો વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓના વિરોધમાં પોલીસ દ્વારા કરવામાં આવેલા અત્યાચાર અને ‘નીટ’ પેપર લીકના રોષને વ્યક્ત કરવા માટે આયોજિત કરવામાં આવ્યો છે.

નવી દિલ્હીમાં કૉક્રોચ જનતા પાર્ટીના નેતૃત્વ હેઠળના વિદ્યાર્થીઓના આંદોલન સાથે એકતા દર્શાવવા માટે મુંબઈમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. (પીટીઆઈ)

## પગ નીચે રેલો

ઉઘાડા પડે એમ હોવાથી તેઓ ચર્ચા ઇચ્છતા નથી.

રવિવારે મુંબઈમાં શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે અને મનસે પ્રમુખ રાજ ઠાકરે દ્વારા બોલાવવામાં આવેલા વિદ્યાર્થી આંદોલન અને વિરોધનો ઉલ્લેખ કરી ફડણવીસે આરોપ કર્યો હતો કે ઉદ્ધવ ઠાકરે મુખ્ય પ્રધાન હતા ત્યારે મહારાષ્ટ્રનું સૌથી મોટું શિક્ષક પાત્રતા પરીક્ષા (ટીચર એલિજિબિલિટી ટેસ્ટ - ટેટ) કૌભાંડ થયું હતું. એ સમયે માત્ર પેપર લીક નહોતું થયું. નાપાસ થયેલા ઉમેદવારોને પણ પાસ કરવામાં આવ્યા હતા. એ સમયની સરકારના પ્રધાનો પર પણ આરોપો થયા હતા.

ફડણવીસે કહ્યું કે તેમની સરકારે ત્યારબાદની ‘ટેટ’ પરીક્ષા પહેલા ગેરરીતિઓ શોધી કાઢી સામેલ લોકો સામે કાર્યવાહી કરી હતી.

વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને ખોટા ડ્રગ કેસોમાં ફસાવવાની ધમકી આપનાર એક અધિકારીના વાયરલ વીડિયો અંગે મુંબઈ પોલીસ પરના આરોપોનો જવાબ આપતા ફડણવીસે કહ્યું હતું કે પોલીસ અધિકારીએ ખોટું કર્યું છે. અમે તેની નિંદા કરીએ છીએ. પોલીસ અધિકારી સામે તાત્કાલિક કાર્યવાહી કરી આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. આંદોલન દરમિયાન પોલીસકર્મીઓ પર હુમલો થતો દર્શાવતા વીડિયો પણ સામે આવ્યા છે. (પીટીઆઈ)

## પાલઘરમાં

ગયાં હતાં. નદી-નાળાંમાં પાણીનું સ્તર વધી જતાં અનેક ઠેકાણે પુલ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. દહાણુ-તલાસરીનાં કેટલાંય ગામોનો સંપર્ક તૂટી ગયો હતો તો વીજળીનાં પણ ધાંધિયાં હતાં. પરિણામે લગભગ બે લાખ રહેવાસીએ લાઈટ વિના અંધારામાં રહેવું પડ્યું હતું.

કલેક્ટરે જણાવ્યું હતું કે નૅશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)ની ટીમો રેસ્ક્યૂ ઑપરેશન્સ માટે દહાણુ અને તલાસરીમાં બોલાવવી પડી હતી. વસઈ-વિરાર મહાનગરપાલિકાની રેસ્ક્યૂ ટીમ અને સ્થાનિક ચારોટીની રેસ્ક્યૂ ટીમની પણ મદદ લેવાઈ હતી.

ઈન્દુ રાની જાખરે જણાવ્યું હતું કે નાળામાંથી એક શખસનો મૃતદેહ મળી આવ્યો છે. તેની ઓળખ મેળવવાના પ્રયાસ પોલીસે હાથ ધર્યા હતા. કુરજે અને ધામણી ડેમમાં ક્ષમતા કરતાં વધુ પાણીની આવક થતાં બન્ને ડેમનું પાણી છોડવામાં આવ્યું હતું, જેને કારણે આસપાસનાં ગામોમાં પૂરની સ્થિતિ નિર્માણ થઈ હતી. આ પરિસરના રહેવાસીઓને અલર્ટ રહેવાની સૂચના આપવામાં આવી હતી.

મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ (એમએસઈડીસીએલ)ના કલ્યાણ રિજનના ડેપ્યુટી ચીફ પીઆરઓ અજિત ઈગતપુરીકરે જણાવ્યું હતું કે ૧૭ ઈલેક્ટ્રિકલ સબસ્ટેશન પાણીમાં ગરકાવ થઈ જતાં સુરક્ષાનાં કારણોસર ૧૦૬ ફીડર્સનો વીજપુરવઠો ખંડિત કરવાની ફરજ પડી હતી.

ડોલારપાડા અને બોરડી સબસ્ટેશન પૂર્ણપણે પાણીમાં ડૂબી ગયાં હતાં. ડોલારપાડા સબસ્ટેશનના ઑપરેટર અને સિક્યોરિટી ગાર્ડ આખી રાત ત્યાં ફસાયા હતા, જેમને ગુરુવારની સવારે ગામવાસીઓએ ઉગારી લીધા હતા.

એનડીઆરએફ સાથે મળીને એમએસઈડીસીએલના અધિકારીઓએ રેસ્ક્યૂ બોટની મદદથી તલાસરી અને દહાણુમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં પાણીમાં ડૂબેલા સબસ્ટેશન્સનું નિરીક્ષણ કર્યું હતું. આખા જિલ્લામાં ૧૬ હાઈ-ટેન્શન અને ૧૩ લૉ-ટેન્શન પાવર પોલ્સ ઊખડી પડ્યા હતા.

આ બધા પરિસરોમાં વીજપુરવઠો પૂર્વવત્ કરવાના પ્રયાસો યુદ્ધના ધોરણે હાથ ધરાયા હોવાનું ચીફ એન્જિનિયર ચંદ્રમણિ મિશ્રાએ જણાવ્યું હતું.

પાલઘર પોલીસના જણાવ્યા મુજબ માસવણ, શિલ-દહેજે, જવ્હાર-ઝાપ માર્ગ અને વાડાના બ્રાહ્મણપાડા-કુર્જે ખાતેના પુલ પર પૂરનાં પાણી ફરી વળ્યાં. ધામોડી ખાતે ભેખડ ધસી પડવાની ઘટના બની હતી તો અમુક ઠેકાણે પાણી ભરાવાને કારણે અનેક માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરાયા હતા. કારણ વગર ઘરબહાર ન નીકળવાની સલાહ નાગરિકોને પ્રશાસન દ્વારા અપાઈ હતી.

## વિદ્યાર્થીઓને ક્રૂરતાથી

માર્ગ પર ટીયર ગેસના શેલ છોડ્યા હતા અને પછી લાઠીચાર્જ પણ કર્યો હતો. આ સમગ્ર મામલે સીજેપીએ સુરક્ષા કર્મચારીઓ પર ‘સાંસદ ચલો’ કૂચ દરમિયાન શાંતિપૂર્ણ આંદોલનકારીઓ સામે વધુ પડતો બળપ્રયોગ કરવાનો આરોપ લગાવ્યો છે, જેમાં ઘણા વિદ્યાર્થીઓ ઘાયલ પણ થયા હતા.

છત્રપતિ સંભાજીનગરમાં બુધવારે જ્યારે અભિજીત દીપકેની માતા અનિતા દીપકે સાથે આ મુદ્દે પત્રકારોએ વાત કરી ત્યારે તેમણે એવું કહ્યું હતું કે, ‘હું ઈચ્છું છું કે સરકાર આંદોલનકારી વિદ્યાર્થીઓની વાત સાંભળે અને શક્ય તેટલી વહેલી તકે તેમને મુક્ત કરે. વિદ્યાર્થીઓને ક્રૂરતાથી મારતા જોઈને હું ચિંતિત છું.આ બધું જોઈને હું ભાવુક થઈ ગઈ છું.’

આગળ તેમણે કહ્યું હતું કે, ‘એનસીપી (એસપી)ના વડા શરદ પવાર, શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને મરાઠા કાર્યકર્તા મનોજ જરાંગે સહિત અનેક નેતાઓની મુલાકાતોએ યુવાનોમાં વિશ્વાસ જગાવ્યો છે.’

અનિતા દીપકેએ સરકાર પર વિદ્યાર્થીઓની માગણીઓને કચડી નાખવાનો પણ આરોપ લગાડ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ‘સરકાર ફક્ત સમય પસાર કરી રહી છે. તે લોકોના સમર્થનથી ચૂંટણી જીતી હતી, પરંતુ હવે તેમનું જ સાંભળતી નથી. વિદ્યાર્થીઓ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી કરી રહ્યા છે, અને સરકારે તેમની વાત સાંભળવી જોઈએ.’

તેમણે પત્રકારોને વધુમાં જણાવ્યું હતું કે, ‘વિરોધમાં વધારો થવા માટે સરકાર જ જવાબદાર છે. પહેલી ભૂલ સરકારે ત્યારે કરી જ્યારે તેણે એક મહિનાથી શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કર્યો. જો તેણે તેમની માગણીઓ પહેલા સાંભળી લીધી હોત, તો પરિસ્થિતિ આટલી વણસી ન હોત.’

આમ અનિતા દીપકે પણ તેમના પુત્રની માગણી અને વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનને પૂરી રીતે સાથ આપતા દેખાયા હતા. અને સરકારે બને તેટલી જલદી વિદ્યાર્થીઓની માગણી પૂરી કરવી જોઈએ તેવી અરજ કરી હતી. (પીટીઆઈ)

## ખોટા કેસ પાછા

પ્રતિનિધિમંડળ દ્વારા કરવામાં આવ્યું હતું અને પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) સદાનંદ દાતે અને મુંબઈ પોલીસ કમિશનર દેવેન ભારતીને માગણીઓનું એક આવેદનપત્ર સુપરત કર્યું હતું. કોંગ્રેસે તાજેતરમાં પોલીસ કાર્યવાહી દરમિયાન વિદ્યાર્થીઓની ગેરકાયદેસર અટકાયત, ખોટી એફઆઈઆર નોંધવાનો અને ગોપનીયતાનું ઉલ્લંઘન કરવાનો આરોપ કર્યો હતો.

આવેદનપત્રમાં સપકાળએ આરોપ કર્યો હતો કે ૨૦ અને ૨૨ જુલાઈના દિવસે મુંબઈમાં ૫૦૦થી ૭૦૦ વિદ્યાર્થીઓ વિરોધ સ્થળોએ પહોંચે તે પહેલાં જ તેમને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ઘણાને મેટ્રો સ્ટેશન, જાહેર રસ્તાઓ અને તેમના ઘરની બહારથી પણ ઉપાડી લેવામાં આવ્યા હતા.

કોંગ્રેસે એવો પણ આરોપ મૂક્યો હતો કે પ્રતિબંધક આદેશોના અભાવ છતાં પોલીસે વિદ્યાર્થીઓ વિરુદ્ધ ખોટી એફઆઈઆર નોંધી હતી અને અધિકારીઓ પર વિદ્યાર્થીઓના મોબાઇલ ફોન ગેરકાયદેસર રીતે તપાસવાનો અને તેમને તેમના લાઇવ લોકેશન શેર કરવા દબાણ કરવાનો આરોપ પણ કર્યો હતો. આવેદનપત્રમાં એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે ધારાવી, માહિમ, જુહુ, ચેમ્બુર અને દાદર સહિતના વિસ્તારોમાં ૨૦૦થી ૩૦૦ વિદ્યાર્થીઓ હજુ પણ પોલીસ સ્ટેશનોમાં અટકાયતમાં છે.

તાત્કાલિક હસ્તક્ષેપની માગણી કરી કૉંગ્રેસે અટકાયતમાં લેવાયેલા તમામ વિદ્યાર્થીઓને મુક્ત કરવા, તમામ એફઆઈઆર પાછી ખેંચવા અને કાનૂની પ્રક્રિયાઓનું ઉલ્લંઘન કરવાના આરોપમાં પોલીસ અધિકારીઓ સામે વિભાગીય કાર્યવાહી કરવાની મંગ કરી.

સપકાળએ જણાવ્યું હતું કે જો પોલીસ અધિકારીઓ દ્વારા પગલાં લેવામાં નહીં આવે તો કોંગ્રેસ વિદ્યાર્થીઓના સમર્થનમાં પોતાનું આંદોલન ચાલુ રાખશે. (પીટીઆઈ)

## દહાણુ અને

સંપૂર્ણપણે સ્થગિત કરવામાં આવી હતી. સવારે ૬.૫૦ વાગ્યે અપ અને ડાઉન બંને લાઇન પર સેવાઓ ફરી શરૂ કરાઈ હતી.

આ રૂટ પર ૧૫ કિમી પ્રતિ કલાકની નિયંત્રિત ગતિએ ટ્રેનો ચાલી રહી હોવાની માહિતી પશ્ચિમ રેલવે દ્વારા અપાઈ હતી. સંજાણ યાર્ડમાં પુલ નંબર ૨૩૦ પર સવારે ૬.૪૫ વાગ્યે પૂરના પાણી ભયજનક સપાટીને પાર કરી ગયા બાદ ટ્રેનોનું આવાગમન અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યું હતું.

આ જ કારણોસર, ઉદવાડા અને વાપી વચ્ચેના પુલ નંબર ૨૮૪ પરથી સવારે ૭.૦૫ વાગ્યે સેવાઓ બંધ કરવામાં આવી હતી.

પશ્ચિમ રેલ્વેના વરિષ્ઠ અધિકારીઓ અને એન્જિનિયરિંગ ટીમો ઘટના સ્થળના પુલોનું તેમજ પાણીની સપાટી પર સતત નજર રાખી રહી છે અને જળસ્તર ઓછું થતાં અને સલામતી સુનિશ્ચિત થતાં જ સંપૂર્ણ ટ્રેન સેવાઓ પૂર્વવત્ કરવામાં આવશે એમ પણ પશ્ચિમ રેલવે દ્વારા જણાવવામાં આવ્યું હતું.

મહારાષ્ટ્રના પાલઘર ક્ષેત્રમાં આખી રાત વરસાદ પડ્યો હતો, જેના કારણે અનેક શહેરો અને ગામડાઓમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે અનેક લોકો ફસાયા હતા અને અધિકારીઓને બચાવ કામગીરી વધુ તીવ્ર બનાવવા અને ગુરુવાર માટે શાળામાં રજા જાહેર કરવાની ફરજ પડી હતી.

ભારતીય હવામાન ખાતાએ પાલઘર જિલ્લવ માટે વરસાદનું ‘રેડ એલર્ટ’ જાહેર કર્યું છે, જેમાં કેટલીક જગ્યાએ ભારે વરસાદ અને ૬૦-૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની આગાહી પણ કરવામાં આવી છે. (પીટીઆઈ)

## જૈન મરણ

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ બોરીવલી પૂર્વ સ્વ. હિંમતલાલ કપૂરચંદ શાહના ધર્મપત્ની વસુમતીબહેન હિંમતલાલ શાહ (ઉં. વ. ૮૮) ૨૨-૭-૨૬નાં બુધવારે અરિહંતશરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધોરાજી નિવાસી હાલ બોરીવલી, નગીનદાસ હુકમચંદ દોશી (ઉં. વ. ૯૪) બુધવાર, ૨૨-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ભાનુમતીના પતિ. કમલેશ તથા સ્વ. દિલીપના પિતા. સ્વ. રશ્મિ, જ્યોતિ, મંજુના સસરા. અંકિત, જનમ, અનુશ્રીના દાદા. સ્વ. સનતભાઈ, ગં. સ્વ. લલિતાબેન, સ્વ. ધનીબેન, સ્વ. મધુબેનના ભાઈ તથા સ્વ. લાલચંદ અમરચંદ મોદીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર (ઈ.) સ્વ. મનહરલાલ દયાળજી દોશીના ધર્મપત્ની જયાલક્ષ્મી (ઉં. વ. ૯૯) તે સ્વ. કાન્તિલાલ દયાળજી દોશી તથા સ્વ. પુષ્પાબેન રતિલાલ શાહના ભાભી. તે સ્વ. મુલજીભાઈ, સ્વ. કાન્તિલાલ, સ્વ. ચુનીલાલ, સ્વ. જેકુંવર શામળદાસ મોદી, સ્વ. રેવાકુંવર ઓતમચંદ શેઠ, સ્વ. મંછાબેન જગન્નાથ મહેતાના બેન. તે દિલીપ, મુકેશ, રાજેન્દ્ર તથા ભાવનાના માતુશ્રી. આશા, નિતા, મીનાના સાસુ. મિતેશ, કિંજલ, પ્રીતેશ, હિરલ, જિગર, જીનલના દાદી ૨૨-૭-૨૬ને બુધવારના ઘાટકોપર અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દિહોર નિવાસી હાલ-મુલુંડ-વેસ્ટ સ્વ. નાગજીભાઈ પ્રેમજીભાઈ ગાંધીના સુપુત્ર પ્રવિણચંદ્ર (ઉં.વ. ૮૭) તા. ૨૩-૭-૨૬ને ગુરુવારના અવસાન પામેલ છે. તે અ.સૌ. રસીલાબેનના પતિ. નિમેષ, અમીત, હિના નીતિનકુમાર, શિલ્પા મનીષકુમારના પિતાશ્રી. વિભા, મોના, નીતિનકુમાર, મનીષકુમારના સસરા. ખુશી, કુશલ, રેયાંશ, નિધિ, ઊર્મિલના દાદા. ઇંગોરાળાવાળા દુર્લભજી ગોરધનદાસ પારેખના જમાઈ. એડ્રેસઃ નિમેષ પ્રવિણચંદ્ર ગાંધી, ૪૦૩ આકૃતિ અબિચ, એસ.એન. રોડ, તાંબે નગર, મુલુંડ (વેસ્ટ). લૌકિક વ્યવહાર તથા સાદડી રાખેલ નથી.

**દશા શ્રીમાળી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

થાનગઢ નિવાસી હાલ સાયન ભરતભાઈ ડાહ્યાલાલ પારેખ (ઉં. વ. ૮૨) ૨૨-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કાંતાબેન અને ડાહ્યાલાલ મોરારજી પારેખના પુત્ર. કુમુદબેનના પતિ. કનૈયાલાલ, પ્રવિણચંદ્ર, છાયાબેન, હંસાબેન, દીનાબેનના ભાઈ. અમી, રેશમા, પૂર્વીના પિતાશ્રી. દિવ્યેશ, વિજયના સસરા. કાજલ, કુણાલ, કાંચી, જાનવી, મહેક, શુભમના નાનાજી. ત્વચા દાન કરેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી અને લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મોટા આસંબીયાના હરખચંદ કાનજી ગાલા (ઉં.વ. ૭૪) તા. ૨૧-૭-૨૬નાં અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી મણીબેન કાનજી પાસુના પુત્ર. જયવંતીના પતિ. કાજલ, રચના, રિધ્ધી, નીલના પિતા. રમેશ, રતીલાલ મુલચંદના ભાઇ. ના. ભાડીયાના સુંદરબેન મોનજી દેવજી રાંભીયાના જમાઇ. રમેશના ભાઇ. ભાવનાના નણંદોઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. ઠે. હરખચંદ ગાલા, ૪, નીતા એપાર્ટમેન્ટ, ડો. કોલોની રોડ, વિદ્યાવિહાર (પૂર્વ).

**વિશા હુમ્મડ જૈન**

ઇડરનિવાસી હાલ મલાડ, ગં.સ્વ. પુષ્પાબેન બાબુભાઈ સોપારીવાલા (ગાંધી) (ઉં.વ. ૮૫) તા. ૨૨-૭-૨૬ના અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. મણીબેન રવજીભાઈ સોપારીવાલાના પુત્રવધૂ તથા સ્વ. મંગુબેન ભાઈચંદભાઈ દોશીના પુત્રી. સ્વ. બાબુભાઈ રવજીભાઈ સોપારીવાલાના ધર્મપત્ની. સત્યજીત, વિજય, સંજય અને શીલાના માતુશ્રી. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી, હાલ સુરત નરેન્દ્રભાઈ શાંતિલાલ કપાસી (નાનુ) (ઉં.વ. ૬૯) તે સ્વ. શાંતિલાલ ગોરધનદાસ કપાસી તથા સ્વ. રમાબેન કપાસીના સુપુત્ર. હેમંતભાઈ શાંતિલાલ કપાસી, સ્વ. જયોતિબેન જયેન્દ્રભાઈ દામાણી (નીમુબેન) તથા પ્રવિણાબેન જશવંતરાય પારેખના ભાઈ. હિરેન હેમંતભાઈ કપાસીના કાકા. તા. ૨૦-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થના રાખેલ નથી.

## ચેમ્બુરમાં

સમજાવીને તેમને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો. આથી આંદોલનકારીઓ વિખેરવા લાગ્યા હતા. દરમિયાન ભીડમાંથી લગભગ ૨૦૦ જણને ઓળખ કાઢી તેમને અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

વાયરલ થયેલા વીડિયોમાં જોવા મળે છે કે એક વ્યક્તિ અટકાયતમાં લેવાયેલા આંદોલનકારીઓને લઇ જતી પોલીસ વેન પાસે આવે છે અને તેના દરવાજાની કડી ખોલી નાખે છે, જેને પગલે અનેક વિદ્યાર્થીઓ કૂદીને ભાગી જાય છે, જ્યારે એક મહિલા તાળી વગાડી રહી છે. અન્ય એક વીડિયોમાં યુવતી પોલીસ વાહન સામે ઊભી રહીને સૂત્રોચ્ચાર કરતી જોવા મળે છે.

એક આંદોલનકારીએ જણાવ્યું હતું કે તેઓ તેમનું કામ કરી રહ્યા છે એ અમે સમજીએ છીએ. જોકે તેઓ જવાબદારીથી તે કરી રહ્યા નથી. જો તેઓ જવાબદારીપૂર્વક નહીં વર્તે તો આપણે આપણા નાગરિકો માટે જવાબદારી લેવાનું આવશ્યક છે. દિલ્હીમાં વિદ્યાર્થીઓ સાથે ખોટું થયું છે અને તે માટે તેમણે જવાબદારી સ્વીકારવી જોઇએ. અમે દિલ્હીમાં જંતરમંતર ખાતે જઇ શકતા નથી. શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું જોઇએ. જો નહીં આપે તો તેમણે જંતરમંતર જઇને વિદ્યાર્થીઓ સાથે વાત કરવી જોઇએ, એમ એક મહિલાએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## હિન્દુ મરણ

સ્વ. પ્રભુદાસભાઈ હંસરાજભાઈ મશરૂના નાના દીકરા સ્વ. કીરીટભાઈ પ્રભુદાસ મશરૂના ધર્મપત્ની ભારતીબેન (વર્ષ ૭૧) ૨૨-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. વૈભવ અને શીતલના મમ્મી. સિધ્ધીના સાસુ. વેદાંતના દાદીની પ્રાર્થનાસભા શુક્રવાર, ૨૪-૭-૨૬ના ૪ થી ૬. સરનામુંઃ સ્વામીની રેસીડેન્સી, એચ.ડી.એફ.સી. બેન્ક પાસે, શાંતિ મંદિરની બાજુમાં, વસઈ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ નાગ્રેચા હાલે મુલુંડના સ્વ. મહાલક્ષ્મી જમનાદાસ ભીમજી બડીયાના પૌત્ર સ્વ. કશ્યપ (ઉં. વ. ૪૪) તે મીના કિરીટ જમનાદાસ બડીયાના પુત્ર ૨૧-૭-૨૬ના સ્વર્ગવાસી થયેલ છે. તે ડો. પૂર્તિના પતિ. તે કબીરના પિતાશ્રી. તે દેવિકા જીગર કુંઢાડીયાના ભાઈ. ડો. ક્રાંતિ ગોવિંદ કોલગેના જમાઈ. પ્રાર્થનાસભા ૨૪-૭-૨૬, શુક્રવારના ૫ થી ૭. સ્થળઃ કવિ કાલિદાસ ઓડિટોરિયમ, કાલિદાસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, પી. કે. રોડ, મુલુંડ (વે). લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

કરાચીવાલા હાલ બોરીવલી, સ્વ. જેરામદાસ ગણાત્રાના પુત્ર સ્વ. વસંતરામ જેરામદાસ ગણાત્રા (ઉં. વ. ૯૦) ૨૨-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે કાનજી મુળજી સોમૈયાના જમાઈ. બિપીનભાઈ મહેતાના વેવાઈ. પુત્ર રશેસ. પુત્રવધૂ દિપાલી. આશા વિજય ઠક્કર, નિશાખા રાજેશ દોશીના પિતાશ્રી. ભાનુબેન, હર્ષદભાઈ અને રમેશભાઈના ભાઈ. કેવલના નાના. લૌકીક પ્રથા બંધ છે.

**કપોળ**

ઉગલવાણવાળા (હાલ વિલેપાર્લા) સ્વ. કાશીબેન અમૃતલાલ રાઘવજી મહેતાના પુત્ર લક્ષ્મીદાસ (ઉં. વ. ૮૧) બુધવાર, ૨૨-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અ. સૌ. મૃદુલાબેનના પતિ. સ્વ. ઉમેશ, રાજેશ, અ. સૌ. રૂપલ તુષાર મહેતાના પિતાશ્રી. તે સ્વ. જયંતિભાઈ, સ્વ. ચુનીભાઈ, સ્વ. ધીરૂભાઈ, સ્વ. નટુભાઈ, સ્વ. મનુભાઈ, જગુભાઈ ખોડીયાર, સ્વ. કંચનબેન વિઠ્ઠલદાસ સંઘવી, સ્વ. જયાબેન બાલકૃષ્ણ ચિતલીયા, સ્વ. કાંતાબેન જગમોહનદાસ ગોરડીયા, ગં. સ્વ. જ્યોતિબેન ધરમદાસ વોરાના ભાઈ. તે જંગરવાલા સ્વ. ચંદ્રપ્રભાબેન ગોકળદાસ મોદીના જમાઈ. અભિ- અ. સૌ. અમી, નિર્મિતી, અમૃત, અલીશા, અનમોલ- અ. સૌ. કિષ્ના, જયનીલના દાદાની પ્રાર્થનાસભા ૨૪-૭-૨૬, શુક્રવારના રોજ શ્રી જલારામ હોલ, જુહુ, પાર્લા ૫ થી ૭.

**લુહાર સુથાર**

મૂળગામ રાજુલા નિવાસી હાલ વસઈ, સ્વ. મણીબેન તથા સ્વ. જેઠાભાઈ હરિભાઈ કવાના પુત્ર કનુભાઈ જેઠાભાઈ કવા (ઉં.વ. ૬૮) ૧૯-૭-૨૬ના શ્રીઅક્ષરવાસી પામ્યા છે. તે વિજયાબેનના પતિ. રિદ્ધેશ, કવિતા ડેનિશકુમાર મકવાણાના પિતાશ્રી. પુનમબેન, ડેનિશકુમાર મકવાણાના સસરા. ગામ સરસિયાવાળા સ્વ. લવજીભાઈ નાનજીભાઈ મકવાણાના જમાઇ. પ્રાર્થનાસભા ૨૪-૭-૨૬ને શુક્રવાર ૫ થી ૭. સ્થળઃ લુહાર સુથાર જ્ઞાતિ મંડળ, કાર્ટર રોડ નં. ૩, અંબાજી મંદિરની આગળ, બોરીવલી ઇસ્ટ.

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

ડુંગર નિવાસી હાલ કાંદિવલી, કેતન મહેતા (ઉં.વ. ૫૯) તે ગં.સ્વ. કૈલાશબેન જુગલદાસ રતિલાલ મહેતાના પુત્ર. ઉર્વી (વિમલ)ના પતિ. રાધી સાહીલ મયુર શાહ, સ્વ. કરણના પિતા. શૈલેષ, ઈલેશ, ભારતી અનિલ મહેતા, નીતા ભરત જસાણી, રૂપા જયેશભાઇ બોટાદરાના ભાઈ. તળાજા નિવાસી સ્વ. કાંતિલાલ વનમાળીદાસ દેસાઈના જમાઈ. ૨૨/૭/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૫/૭/૨૬ના ૪ થી ૬. વર્ધમાન સ્થા. જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિસા સોરઠીયા વણિક**

કણઝડીવાળા, સ્વ. મધુકાન્ત મથુરાદાસ શાહના ધર્મપત્ની વાસંતીબેન (ઉં.વ. ૭૩) જે પ્રશાંતના માતુશ્રી. માનસીના સાસુમા. ચિ. ધ્યાનના દાદી. લોએજવાળા સ્વ. મથુરાદાસ શેષકારણ શાહના સુપુત્રી. સ્વ. માણેકલાલ મથુરાદાસ શાહના કૌટુંબિક વહુ. તા. ૨૦/૭/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૬/૭/૨૬ રવિવારના સાંજના ૪ થી ૬. સ્થળઃ શ્રી વર્ધમાન એસ.જે. સંઘ હોલ, એલ.ટી. રોડ, ઓપોઝિટ ડાયમંડ સિનેમા, રાધે ક્રિષ્ન હોટલની બાજુમાં, બોરીવલી વેસ્ટ.

**વિશા સોરઠીયા વણિક**


કણઝડીવાળા બીપીનચંદ્ર મથુરાદાસ શાહના ધર્મપત્ની ઉષાબેન (ઉં.વ. ૭૧) જે સીમા અને ધવલના માતુશ્રી. અંકુર અને શ્વેતાના સાસુમા. ઝીલ અને કાનવના નાની-દાદી. જામનગરવાળા સ્વ. ખુશાલદાસ માણેકચંદ શાહના સુપુત્રી. સ્વ. માણેકલાલ મથુરાદાસ શાહના વહુ. તા. ૨૦/૭/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૬/૭/૨૬ રવિવારના સાંજના ૪ થી ૬. સ્થળઃ શ્રી વર્ધમાન એસ. જે. સંઘ હોલ, એલ. ટી. રોડ, ઓપોઝિટ ડાયમંડ સિનેમા, રાધે ક્રિષ્ન હોટલની બાજુમાં, બોરીવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

ગં.સ્વ. ગંગાબેન (ઉં.વ. ૮૮) મૂળગામ કુવાડવા હાલ બોરીવલી, તે સ્વ. ગોકુલદાસ પ્રેમજી ઠક્કર (ભીંડોરા)ના ધર્મપત્ની. સ્વ. નારણદાસ અને સ્વ. જમકુબેન સાંગાણીના પુત્રી. સ્વ. ડો. ગોકુલભાઈ, સ્વ. નરોત્તમદાસ, સ્વ. સુશીલાબેન વ્રજલાલ કારિયા, વીણાબેન રાજેન્દ્ર કોટેચાના બહેન. સ્વ. ભરતભાઈ, સ્વ. હરેશભાઈ, વર્ષાબેન કિશોરભાઈ પોપટ, અલકા વિરલભાઈ માણેક, સરોજ શૈલેષભાઈ વિઠલાણીના માતુશ્રી. ગીતાબેનના સાસુ. આકાશ, અમૃતા, સંયમી, નિષ્ઠા, તક્ષના દાદી. તા. ૨૨ જુલાઇ ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક




> **પપ્પાને તો એમ જ હતું કે પોતે મણિરામના એક માત્ર સીધા વારસદાર છે. પપ્પાને કોઈ બહેન પણ નથી. તેમાંય દાદા મને બધું સોંપી જાય એ એમની જ નહીં બધાની કલ્પના બહારની વાત હતી. મને સમજાઈ ગયું કે વીજળી તો હજુ હવે પડવાની હતી.**

'સનત મારા બેય ભાઈઓ, મોટાએ બારમું ધોરણ અને નાનાએ દસમું સુરતમાં જ કર્યું છે. સારા માર્ક્સથી પાસ થયા એનો તમામ યશ એમના મામાઓ લે છે. તેઓ મુંબઈ પાછા આવ્યા ત્યારે મમ્મી વિશે ભયંકર ચિત્ર લઈને આવ્યા હતા. વળી હવે યુવાન હતા એટલે એમને કંઈ કહેવાય તેમ નહોતું. મોટાએ મારાજને ચોખ્ખું કહી દીધેલું કે પપ્પાની વાઈફનું બનાવેલું અમને કંઈ પણ પીરસવું નહીં.'

'પપ્પાની વાઇફ? સનતે આશ્ચર્યથી પુછ્યું.'

મારી મમ્મીએ ઓછી પીડા નથી વેઠી. એ બેય છોકરાઓ મમ્મીનો ઉલેખ પપ્પાની વાઈફ તરીકે જ કરતા. દાદાના કહેવાથી ન છૂટકે આન્ટી કહેવાનું શરૂ કર્યુ હતું. મમ્મી મને લઈને ક્યાંય એકલી જતી નહીં એનાં કારણો હતાં. એક તો એ શાહુકારોની એટીકેટ જાણતી નહોતી. એને અંગ્રેજી આવડતું નહોતું. એ મુંબઈથી પરિચિત પણ નહોતી. તેમ છતાંય પાંચ વર્ષમાં એનામાં ભરપુર આત્મવિશ્વાસ આવ્યો હતો. તે ગુજરાતી ઠીક ઠીક બોલવા લાગી હતી. મારી મમ્મી બધા માટે સરળ હતી ફક્ત મારા ભાઈઓ સિવાય. '

'તમારા ભાઈઓ અને પપ્પા વચ્ચે કેવા સંબંધો હતા?'

'મારા ભાઈઓની મામીઓ અને મામાઓએ ફક્ત મારી મમ્મી વિશે જ નહીં, મારા પપ્પા વિશે પણ ખોટું ચિત્ર ઊભું કરેલું. એ બેય જણ એવી સ્થિતિ અને વયમાં સુરત ગયા કે એમને જે કહેવામાં આવ્યું તે તેમણે સાચું માની લીધું. યુવાનીમાં આવેલા મારા બેય ભાઈઓ પપ્પાને સામે થતા નહીં, પણ બને તેટલી ઓછી વાતો પપ્પા સાથે કરતા. ભાઈઓ અને દાદા એક બીજા સાથે હસી મજાક કરતા. પપ્પાને તેમની વાતોમાં સામેલ કરતા નહીં. ઘરમાં રીતસર બે ભાગ પડી ગયા હતા. દાદા અને બે ભાઈઓ અને હું અને મમ્મી.'

'તો તમારા પપ્પા કઈ તરફ રહેતા?'

'સાચું કહું તો પપ્પાની હાલત વિચિત્ર હતી. એ પોતાના છોકરાઓને વઢી શકાતા નહીં કે અમારી તરફેણ કરી શકતા નહીં. પપ્પા ઘરના માલિક હોવા છતાં તેમની હાલત રખેવાળ જેવી હતી. એ અકળાતા હતા છતાંય કોઈને કહી શકતા નહીં. હું વહેલી સવારે સ્કૂલ ચાલી જતી. બપોરે દોઢ વાગે ઘેર આવતી. ચાર વાગે ફરી ટ્યુશન જતી તે સાડા છ વાગે આવતી. પપ્પા નવ વાગે શો રૂમ પર ચાલ્યા જતા. બપોરે કદીક જમવા આવતા બાકી ડ્રાઈવર એમનું ટીફીન લઈ જતો. મારા આવ્યા પછી ધંધો વિસ્તર્યો હતો. પપ્પા એકદમ વ્યસ્ત રહેવા લાગ્યા હતા અને બધા વચ્ચે મમ્મી મહેલ જેવડા મોટા મકાનમાં એકલી જીવવા લાગી હતી. દાદા સાથે એ સીધી રીતે વાત કરતી તો દાદા ટૂંકો જવાબ આપીને ચલ્યા જતા. મમ્મીને વાત કરવા માટે નોકરો સિવાય કોઈ નહોતું. નોકરોને મમ્મી તરફ પુરો આદર હતો. મારું મન મારી શરીર કરતા વધુ પાકટ થતું જતું હતું. વિચાર કરો કે ઘરમાં રહેતા છ જણમાંથી બે તમારી સાથે ન બોલતા હોય તો શું હાલત થાય? એક તો હું ઘરમાં સૌથી નાની, વળી છોકરી. મારા ભાઈઓના આવ્યા પછી મને એવું લાગવા માડ્યું કે ઘરના અસલી હકદાર એ લોકો છે. હુ અને મારી મમ્મી એમની દયા પર જીવીએ છીએ. એ બેય ભાઈઓ બિન્દાસ જીવતા હતા જ્યારે હું ડરેલી ડરેલી રહેતી. મને વહાલ કરનારા મારા પપ્પા મારાથી દૂર થઈ ગયા હોય તેવું મને લાગવા માડ્યું હતું. એ ગાળામાં જ એક ભયંકર ઘટના ઘટી હતી. દુર્ભાગ્યે હું પણ ત્યારે મમ્મીની સાથે હતી. મારી મમ્મીને મેં પહેલીવાર સ્તબ્ધ થઈ જતી જોઈ હતી.

મારા પપ્પા કોલકાતા ગયેલા. સાંજે મારી મમ્મી મને ફરવા માટે લઈ ગયેલી. અમે હેંગીગ ગાર્ડન ગયા. હું મારી મમ્મીની આંગળી પકડીને ચાલતી હતી. રવિવારનો દિવસ હતો એટલે ભીડ હતી. અચાનક ચાલતાં ચાલતાં મારી મમ્મી અટકી. તેણે મારો હાથ સખત રીતે પકડી લીધો. મેં મમ્મીની આંખોમાં જોયું. એ ન જોઈ શકાય એવું કંઈ જોઈ ગઈ હોય તેમ આંખો પહોળી કરીને જોઈ રહી હતી. મને મારી મમ્મીનું ડરી જવું સમજાયું નહીં. તેનું આખું શરીર કંપતું હોય એવું મને લાગ્યું. મારાથી પુછાઈ ગયું, 'ક્યા હુઆ મમ્મા? આપ ઐસે ક્યોં દેખ રહી હૈ?'

મમ્મીએ મને ઊંચકી લીધી. એ તેની સ્વાભાવિક પ્રતિક્રિયા હતી. હું નાની નહોતી. અગિયાર વર્ષની છોકરીને ઉપાડવું થોડું અજુગતું કહેવાય. મને પણ સ્વાભાવિક બીક લાગી કે મારી મા કયા કારણથી ડરી ગઈ છે. જાણે મને કોઈ ઉપાડી જવાનું હોય તેમ મારી મમ્મી મને ભીંસી રહી હતી. મારી મમ્મીએ એકદમ પાછા વળતા કહ્યું, ચલ 'સોનું હમ ફીર કભી આયેંગે' કહી મારો હાથ પકડી ઢસડતી હોય તેમ ઉતાવળે કાર તરફ ભાગતી હતી. સનત મારામાં પરિસ્થિતિ પામી જવાની એક સેન્સ વિકસી હોય તો મારી મમ્મીની સ્થિતિને કારણે. હું મમ્મી સાથે લગભગ દોડવા લાગી હતી. અમે કાર પાસે પહોંચ્યા ત્યારે ડ્રાઈવર ત્યાં નહોતો. જાણે પ્રેત જોયું હોય તેમ મમ્મી છળી ઉઠી હતી. એ વારંવાર ગાર્ડન તરફ જોઈ રહી હતી. મેં કોઈ પ્રશ્ન કર્યો નહીં. મને થયું કે અહીં મારી મમ્મીને ભય છે અને અમારે જલદી નીકળી જવું જોઈએ. કારના ડોર લોક થયેલા હતા. મારી મમ્મી બીકની મારી આમતેમ જોઈ રહી હતી. ચા પીવા ચાલ્યા ગયેલો ડ્રાઈવર પોતાની શેઠાણીને તરત પાછી આવેલી જોઈ જરા નવાઈ પામ્યો. તેણે મમ્મીના હાવભાવ જોઈ પૂછી નાખ્યું, 'ક્યા હુઆ માલકિન?' પચીસેક વર્ષનો એ યુવાન ડ્રાઈવર રાજસ્થાનનો હતો. જ્યારથી તેને ખબર પડી કે પોતાની શેઠાણી રાજસ્થાનની છે તે પછી મમ્મીને જરા જુદા ભાવથી જોવા માંડ્યો હતો. તેણે ઝટપટ દરવાજા ખોલ્યા. મમ્મીએ મને અંદર ધકેલી અને ઉતાવળે બેસતાં બોલી, શંકર જલદી વાપસ ઘર ચલો...'

'પણ તમારી મમ્મી એકાએક શેનાથી ડરી ગઈ હતી?'

સોનલે નીચલો હોઠ દાંત વચ્ચે લીધો અને માથું ધુંણાવ્યું અને તેમ ચૂપ થઈને બેસી રહી. ખાસ્સીવારે સોનલે માથું ઉંચું કર્યું. એની આંખના ખૂણાં ભીના હતા. તેણે ધીમેથી કહ્યું, 'સનત મમ્મી પોતાનું ઉઝડતું કિસ્મત જોઈ ગઈ હતી.'

'એટલે? હું સમજ્યો નહીં સોનલ.'

'મારી મમ્મીની નજર એક કપલ પર પડી. એ કપલમાંનો પુરુષ બીજો કોઈ નહીં પણ મારા પપ્પા હતા.'

'વ્હોટ? હમણાં જ તો તમે કહ્યું કે તમારા પપ્પા કોલકાતા ગયેલા?'

'મમ્મી માટે એ બહુ દુઃખભરી સ્થિતિ હતી. કહેવા માટે તો મારા પપ્પા કોલકાતા ગયેલા. એમની વિમાનની ટીકીટ પણ મમ્મીએ જ સાચવીને એમની બેગમાં મૂકી હતી. પણ મારા પપ્પા વાસ્તવમાં મુંબઈમાં જ હતા.

'તમારા પપ્પાએ પણ તમને જોયા હશે ને?'

'ના, નહોતા જોયા. પપ્પા પેલી સ્ત્રીમાં ખોવાયેલ હતા. આતો મમ્મીની નજર અચાનક તેમના પર પડી ગઈ. સનત અમુક સ્ત્રીઓ કદી પોતાના પુરુષનો ધજાગરો ઈચ્છતી નથી હોતી. મમ્મીએ એટલે જ ભાગી છૂટવાનું પસંદ કર્યું.'

'ઓહ, તમે જે સ્ત્રીની વાત કરો છો તેનું શું નામ હતું?'

'હતું નહીં છે. એ જ સ્ત્રી હવે મારી મા છે. હું એ જ સ્ત્રીને મમ્મી કહીને બોલાવું છું. એનું નામ મીનાક્ષી છે. પપ્પાથી એ પંદર વર્ષ નાની છે. મારો મોટો ભાઈ અને એ બેય સરખા લાગે છે.'

'ઓહ, બટ વૉટ્સ હૅપન્ડ ધેન?'

'શું થવાનું હતું? મારા પપ્પાને તો સપનેય કલ્પના નહોતી કે ગંગા એને જોઈ ગઈ હશે. પત્નીને જ્યારે ખબર હોય કે અત્યારે મારો પતિ કોઈ અન્ય સ્ત્રી સાથે સુતો હશે ત્યારે એની હાલત કેવી હોય. એ રાતે મારી મમ્મીએ કશું ખાધું નહોતું. કે ન તો એને ઊંઘ આવેલી. મને વળગીને પડી રહેલી મમ્મીએ મોડી રાત સુધી મારા પર હાથ ફેરવ્યે રાખ્યો હતો. મારી વાચા હરાઈ ગઈ હતી. મને લાગ્યું કે જરુર કંઈ બન્યું છે અને મમ્મીના ડરી જવાનું કારણ બહુ મોટું છે. પણ શુ બન્યું છે તે પૂછવાની મારી હિંમત નહોતી. એક પુરુષ તરીક મારા પપ્પાની નાલાયકી જુઓ કે રાતે એમણે મારી મમ્મીને ફોન કરીને પૂછ્યું હતું કે તુ જમી કે નહીં, સોનું કેમ છે. મને હજુ એક દિવસ લાગશે. મમ્મીએ પપ્પાને ફોનમાં અણસારેય આવવા નહોતો દીધો કે તે એના કરતૂત જોઈ ગઈ છે.

મેં સવારે મમ્મીનો ચહેરો જોયો. માય ગોડ! જાણે મમ્મી બે ચાર મહિનાની બિમારીમાંથી ઊઠી હોય એવી લાગતી હતી. સવારે એ મને સ્કૂલ જવા તૈયાર કરતી હતી ત્યારે મને થયું કે કહી દઉં, મમ્મી આજે મને સ્કૂલ નથી જવું. તને છોડીને જવાનું મને મન નથી પણ હું બોલી શકી નહોતી. તે દિવસે એ શેટી પર બેઠી હતી. હું નીચે ઊભી હતી. એણે મારા વાળ ઓળ્યા અને અચાનક મને ભેટીને મારા ગાલ પર કેટલીય કીસ કરેલી. આગલી સાંજથી મારા મનમાં ઘોળાતો મૂંઝારો એકદમ બહાર આવ્યો. મેં મમ્મીની ડોકે વળગી પડતા કહેલું, મમ્મી બોલો ના કલ સે તુમ ઈતની ડરી હુઈ ક્યોં હો? મમ્મીએ હસી દેતાં કહેલું, કુછ નહીં સોનું. તુમ બરાબર પઢાઈ કરના. બહોત પઢના. સારે લોગ તુજે દેખતે રહ જાય ઈતની પઢાઈ કરના મમ્મીએ મને ફરી એક લાંબી કીસ કરેલી. હું જરા હળવી થઈને સ્કૂલ ચાલી ગયેલી. સનત સ્ત્રી પુરુષનો સંબંધ અને આગ લાંબો સમય છાના રહેતા નથી. કદાચ એ દિવસે મારી મમ્મીએ મારા પપ્પાને જોયા ન હોત તો એ વાત જુદા સ્વરૂપે બહાર આવી હોત. મારા પપ્પા કોલકાતાથી આમ તો બપોર પછી આવવાના હતા. પણ તે અગિયાર વાગે જ આવી ગયા.'

'કેમ વહેલા આવી ગયા?' સનતે પુછ્યું.

'એ કોલકાતા તો ગયા જ નહોતા તો. પેલી સ્ત્રીથી મન ધરાઈ ગયું હશે પેલીથી છુટા પડ્યા પછી પપ્પાએ ઘરનો રસ્તો પકડ્યો. ઘેર મમ્મીનું ઉતરેલું મોં જોઈને પપ્પાના ચહેરા પર ચિંતા ઉમટી આવી હતી. તેમણે પૂછેલું, તબિયત બરાબર નથી કે કોઈએ કશું કહ્યું છે? મોં આવું કેમ થઈ ગયું છે?'

'મારી મમ્મીએ પણ બનાવટી હસી દેતાં કહેલું, કંઈ નથી થયું. જરા માથું ભારે છે. થાક જેવું લાગે છે.'

'તારે તારું શરીર સાચવવાનું છે. તને તો ખબર છે કે મારે આમ વારંવાર જવાનું થશે. આપણી સોનું મોટી થઈ જાય ત્યાં સુધી તો મારે ચિંતા રહેવાની જ છે. મને એમ હતું કે આજે થાક લાગ્યો છે તો તારી થોડી સેવા લઈશ. પણ અહીં તો તું જ બિમાર જેવી બેઠી છો.'

'મારી મમ્મીથી પપ્પાનો દંભ અને બેવફાઈ સહન થતી નહોતી. કદાચ મારી મમ્મીએ પહેલીવાર મારા પપ્પાને ન ગમે એવા સવાલ કર્યા હતા. તેણે પપ્પાને પૂછેલું, તમે તો બપોર પછી આવવાના હતા ને, વહેલા કેમ આવી ગયા?'

'બસ, ઘર યાદ આવ્યું તો આવી ગયો. કેમ મારું વહેલા આવવું તને નથી ગમ્યું? આવો સવાલ કેમ પૂછ્યો?'

'તમારું ઘર છે. તમે ગમે ત્યારે આવી શકો છો. પણ તમે કોલકાતા જ ગયા હતા ને?' મમ્મીએ વેધક નજરે પપ્પા સામે જોયું.

એક ક્ષણ પપ્પા જરા ડરી ગયા. છતાં તે મહા ખેલાડી માણસ છે. તેણે ગુસ્સે થવાને બદલે જૂદું જ કહ્યું, હવે ક્યાંય પણ બહાર જવાનું થાય તો તુ મારી સાથે ચાલજે. મને કંપની રહેશે. પણ તને એવો વિચાર કેમ આવ્યો કે હું કોલકાતા ગયો નહોતો?'

મમ્મી પપ્પા સામે જોઈ રહી. પછી અચાનક ભાષા બદલીને પોતાના ઓરીજીનલ ટોનમાં બોલી, ' આપ જુઠ બોલ રહે હૈં. યહીં બમ્બઈમે થે ઔર વો ભી કીસી ઔરત કે સાથ. જુઠ મત બોલિયેગા.'

મારા પપ્પા ઉપર જાણે વીજળી પડી.

---



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. **ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दुबारा | કમનસીબ |
| दुम | યોગ્ય |
| दुरुस्त | મુશ્કેલ |
| दुर्गम | પૂંછડી |
| दुर्दैव | બીજી વાર |

## જાણવા જેવું

સવાક ભારતીય કથા ચિત્ર તથા સવાક રંગીન કથા ચિત્રનું નિર્માણ કરનાર સર્વપ્રથમ ભારતીય ફિલ્મ કંપની ઇમ્પીરિયલ ફિલ્મ કંપનીની સ્થાપના ૧૯૨૫માં થઈ હતી. અરદેશર ઈરાની એના સ્થાપક હતા. સુલોચના (રૂબી માયર્સ) અને ઝુબેદા, પૃથ્વીરાજ કપૂર, મહેબૂબ, એલ. વી. પ્રસાદ અને એ. આર. કારદાર આ કંપનીમાં જોડાયા હતા.

## ગુજરાત મોરી મોરી રે

પ્રસિદ્ધ ફિલ્મમેકર વિજય ભટ્ટ દિગ્દર્શિત ફિલ્મ 'રામરાજ્ય'માં લક્ષ્મણની ભૂમિકા ક્યા કલાકારે કરી હતી એ કહી શકશો?

અ) અરવિંદ ત્રિવેદી
બ) વી. એચ. દેસાઈ
ક) ઉમાકાંત દેસાઈ
ડ) શ્રીકાંત સોની

## નોંધી રાખો

૧૯૩૬-'૩૭ના અરસામાં અમેરિકામાં રંગીન ચલચિત્રો શરૂ થયા બાદ ભારતના પ્રથમ રંગીન ચલચિત્ર 'કિસાનકન્યા'નું ૧૯૩૭માં નિર્માણ થયું હતું.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | | ■ | ૯ | |
| ■ | | ■ | ૧૦ | | ■ | ૧૧ | | | |
| ૧૨ | ■ | ૧૩ | ■ | ■ | ૧૪ | ■ | ■ | | ■ |
| ૧૫ | | | ■ | ■ | ૧૬ | | ૧૭ | ■ | ૧૮ |
| | ■ | ૧૯ | | ૨૦ | ■ | ■ | ૨૧ | | |
| ■ | ૨૨ | ■ | ■ | | ■ | ■ | | ■ | |
| ૨૩ | | | ૨૪ | ■ | ૨૫ | | ■ | ૨૬ | ■ |
| ૨૭ | | ■ | ૨૮ | | | ■ | ૨૯ | | |
| ૩૦ | | | | ■ | ૩૧ | | | | ■ |

### આડી ચાવી

૧. બોધ, શિખામણ (૪)
૪. અંશ (૪)
૭. ઘરની પાછળની ભીંત (3)
૮. કુબુદ્ધિ (3)
૯. ભય, બીક (૨)
૧૦. જંગલી (૨)
૧૧. લાગ જોઈને કામ કરનાર (૪)
૧૫. ચોખાની એક જાત (3)
૧૬. સાક્ષી પૂરનાર (3)
૧૯. ડુંગળી (વ્યંગમાં) (3)
૨૧. સાપનું દર (3)
૨૩. પ્રતિબંધ, અટકાયત (૪)
૨૫. સ્વચ્છ (૨)
૨૭. ટેવ, વ્યસન (૨)
૨૮. નજર, દૃષ્ટિ (3)
૨૯. ભાગીદાર (3)
30. વિક્રમ સંવતનો એક મહિનો (૪)
૩૧. સમાયેલું, સમાવેશ પામેલું (૪)

### ઊભી ચાવી

૧. થોડા દિવસ પછી પાછું આપવાની શરતે લીધેલું કે આપેલું (3)
૨. આબરૂ (૨)
૩. કૌરવોનો મામો (3)
૪. સ્પષ્ટ જણાયેલું કે દેખાતું (3)
૫. ભાડૂત (૪)
૬. ભીડ (3)
૧૨. પાકું, પુખ્ત (3)
૧૩. ગણપતિનું પ્રિય ભોજન (3)
૧૪. ગતિ, ઝડપ (૨)
૧૭. લિલામ (3)
૧૮. ભેગી કરેલી કોઈ પણ મૂડી (3)
૨૦. રોષ, ક્રોધ (૨)
૨૨. નવું (૪)
૨૩. --- પુરી=કુબેરની નગરી (3)
૨૪. તવંગર, પૈસાદાર (3)
૨૫. જોખમ ભરેલું કામ (3)
૨૬. માંદું, બીમાર (3)
૨૯. નસીબ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ મ | | ૨ શ | ણ | ગા | ૩ ર | | ૪ ન | |
| ૫ ગં | જા | વ | ર | | | ૬ હે | મ | ખે | ૭ મ |
| ૮ ભી | લ | | ૯ મ | ૧૦ ર | ૧૧ હૂ | મ | | ૧૨ દ | ન |
| ર | | ૧૩ અ | | ૧૪ દ | રી | | ૧૫ અ | | ખો |
| | ૧૬ મ | હે | ૧૭ શ | | | ૧૮ લ | લ | ૧૯ ના | |
| | ૨૦ દ | વા | ત | | | ૨૧ પ | ગા | ર | |
| ૨૨ મ | | લ | | ૨૩ વા | ૨૪ ની | | રી | | ૨૫ ભા |
| ૨૬ હે | ૨૭ મ | | ૨૮ તા | ર | ક | ૨૯ સ | | ૩૦ દે | વ |
| ૩૧ ક | મં | ચા | રી | | | ૩૨ ચો | ખ | વ | ટ |
| | ક્ષ | | ૩૩ ફ | ટા | ફ | ટ | | ળ | |

## ઓળખાણ પડી?

ગુજરાતી નાટક 'ધુમ્મસ' જોયા પછી યશ ચોપડાએ એકપણ ગીત વગરની બનાવેલી હિન્દી ફિલ્મની ઓળખાણ પડી?



અ) ઈત્તેફાક બ) રોટી ક) ધ ટ્રેન ડ) દાગ

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

અવિસ્મરણીય બની ગયેલા કુતુબ મિનારમાં ફિલ્માવાયેલા 'દિલ કા ભંવર કરે પુકાર' યુગલ ગીતમાં કયા બે મુખ્ય કલાકાર જોવા મળે છે?

અ) દિલીપકુમાર - મધુબાલા બ) દેવ આનંદ - નૂતન
ક) મનોજ કુમાર - સાધના ડ) રાજ કપૂર - નરગીસ

## માઈન્ડ ગેમ

અનેક હિન્દી ફિલ્મો અને વિદેશની ફિલ્મમાં પણ શાનદાર પરફોર્મન્સ આપનારા અનુપમ ખેરની કારકિર્દીની પ્રથમ ફિલ્મનું નામ જણાવો.

અ) ઉત્સવ બ) અર્જુન ક) વફાદાર ડ) સારાંશ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | ૪ | | ૭ | ૩ | |
| | ૧ | | ૩ | | ૬ | | | |
| ૯ | | | | | | ૨ | | |
| | ૬ | | ૫ | ૯ | | | | ૪ |
| | | | | | | | | |
| ૨ | | | | ૮ | ૭ | | ૫ | |
| | | ૯ | | | | | | ૩ |
| | | | ૪ | | ૫ | | ૭ | |
| | ૩ | ૨ | | ૭ | | | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૭ | ૯ | ૫ | ૪ | ૮ | ૬ | ૨ |
| ૪ | ૮ | ૨ | ૧ | ૬ | ૭ | ૩ | ૫ | ૯ |
| ૫ | ૬ | ૯ | ૨ | ૮ | ૩ | ૪ | ૭ | ૧ |
| ૭ | ૯ | ૫ | ૮ | ૩ | ૧ | ૨ | ૪ | ૬ |
| ૨ | ૪ | ૩ | ૫ | ૯ | ૬ | ૭ | ૧ | ૮ |
| ૮ | ૧ | ૬ | ૭ | ૪ | ૨ | ૫ | ૯ | ૩ |
| ૬ | ૨ | ૧ | ૩ | ૭ | ૫ | ૯ | ૮ | ૪ |
| ૩ | ૫ | ૮ | ૪ | ૧ | ૯ | ૬ | ૨ | ૭ |
| ૯ | ૭ | ૪ | ૬ | ૨ | ૮ | ૧ | ૩ | ૫ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दीवाना | પાગલ |
| दुंदुभि | નગારું |
| दुखडा | આપવીતી |
| दुधार | દૂઝણું |
| दुपहर | બપોર |

**ગુજરાત મોરી મોરી રેઃ** નરસિંહ મહેતા

**ઓળખાણ પડી?** બેતાબ

**માઈન્ડ ગેમ :** છોટી બહન

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** દિલ કી રાની

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) ધીરેન્દ્ર ઉદેશી (૭) ભરત કજરિયા (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) નિતીન જયંતીલાલ બજરિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) કમલ માતલિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મીનળ કાપડિયા (૧૭) લજિતા ખોના (૧૮) મહેશ સંઘવી (૧૯) પ્રવીણ વોરા (૨૦) નયના ગિરીશ મિસ્ત્રી (૨૧) દેવેન્દ્ર સંપટ (૨૨) વિણા સંપટ (૨૩) ભાવના કર્વે (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિજય આસર (૨૮) ડાયના સંતોકે (૨૯) રમેશભાઈ દલાલ (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) અલકા વાણી (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) અરવિંદ કામદાર (૩૭) નિખિલ બંગાળી (૩૮) અમીશી બંગાળી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) પુષ્પા પટેલ (૪૨) તાહેર ઔરંગાબાદવાલા (૪૩) શીરીન ઔરંગાબાદવાલા (૪૪) મહેશ દોશી (૪૫) ભામિની સંપટ (૪૬) પ્રતિમા પમાણી (૪૭) નંદુભાઈ ગોઠી

## આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ ૧૮૯ જવાબઃ ૧) અમજદ ખાન, ૨) પ્રાણ, ૩) શમ્મી કપૂર, ૪) સત્યન કપ્પુ, ૫) દિલીપ કુમાર, ૬) સંજીવ કુમાર, ૭) ઓમ શિવપુરી

ક્વિઝ ૧૯૯ જવાબઃ ૧) અજૂબા, ૨) ત્રિદેવ, ૩) નસીબ, ૪) વિશ્વાત્મા, ૫) શાન, ૬) અલીબાબા ૪૦ ચોર, ૭) દેશ પ્રેમી

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી


# દોસ્તો, હમ વાપસ આયે હૈં...

## ગયા વર્ષે અક્ષય ખન્ના -રાકેશ બેદી ને આ વર્ષે નસીરુદ્દીન શાહ અને અરશદ વારસીનાં ઓવારણાં દર્શકો લઈ રહ્યા છે

*અચ્છા અભિનેતાને બૂરા દિવસો જોવા પડે અને ફરી સારા દિવસો આવે. મહાનાયક અમિતાભ બચ્ચન સહિત ઘણા ઉદાહરણ મળી આવે. એકવીસમી સદીના ત્રીજા દાયકામાં પણ ફિલ્મોથી દૂર થઈ ગયેલા કલાકારો ફરી આગલી હરોળમાં આવી ગયા છે. શાહરુખ ખાન, બોબી દેઓલ, અક્ષય ખન્ના, રાકેશ બેદીના નવા રાઉન્ડની શરૂઆત થયા પછી હવે નસીરુદ્દીન શાહ અને અરશદ વારસી ફોકસમાં આવી ગયા છે. બન્ને અચ્છા અભિનેતા. એમાંય નસીરભાઈ તો એક્ટિંગના એવરેસ્ટ અને અરશદ વારસી પણ કુશળ અભિનેતા.*

### નસીરુદ્દીન શાહ

પહેલા પાંચ વર્ષ સમાંતર સિનેમા તરીકે ઓળખાયેલી ચળવળની ફિલ્મો (નિશાંત, મંથન, સ્પર્શ ઈત્યાદિ)માં કામ કર્યા પછી નસીરભાઈએ પહેલા ‘હમ પાંચ’ અને પાંચ વર્ષ પછી ’કર્મા’થી મેઈનસ્ટ્રીમની ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું હતું. નસીર ભાઈએ ઘણા યાદગાર રોલ કર્યા છે. વિજયા મહેતાની ‘પેસ્તનજી’માં જોયા પછી બીજા જ વર્ષે રાજીવ રાયની ‘ત્રિદેવ’માં સોનમ સાથે ‘ઓયે ઓયે’ કરી ‘તીરછી ટોપીવાલે’ ગીતમાં નાચગાન કરતા પણ જોવા મળ્યા.



આ અભિનેતાની કારકિર્દીની ઘણી ખાસિયત છે, જેમાં ઊડીને આંખે વળગે એવી વાત એ છે કે કારકિર્દીમાં શ્રેષ્ઠ અભિનેતાના ત્રણ નેશનલ અવોર્ડ અને ત્રણ ફિલ્મફેર અવોર્ડ સાથે કુલ ૧૫ અવોર્ડ મળ્યા છે અને અનેક નોમિનેશન્સ - નામાંકન પણ જમા છે. રસપ્રદ વાત તો એ છે કે છ નોમિનેશન ‘બેસ્ટ પરફોર્મન્સ ઈન નેગેટિવ રોલ’ માટે છે જેમાં ‘મોહરા’ (૧૯૯૬), ‘ચાહત’ (૧૯૯૭), ‘સરફરોશ’ (૨૦૦૦), ‘ક્રિશ’ (૨૦૦૭), ‘મિથ્યા’ (૨૦૦૮) અને ‘અલ્લાહ કે બંદે’ (૨૦૧૧)નો સમાવેશ છે. નાયકની ભૂમિકા અભિનેતાએ ખલનાયક માટે આટલા નામાંકન મળ્યા હોય એવા ઉદાહરણ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોધવા હોય તો દીવો લઈને નીકળવું પડે.

૨૦૧૯માં ‘રામપ્રસાદ કી તેરહવી’ના બાબુજીના રોલમાં ધ્યાન ખેંચ્યા પછી તેમની ફિલ્મો આવી પણ કોઈ ધ્યાનમાં ન રહી. ઘણી વાર એવું બનતું હોય છે કે ભૂમિકા - અદાકારી સારી હોવા છતાં ફિલ્મ ફ્લોપ થઈ હોવાથી એ ધ્યાનમાં આવે નહીં. જોકે, આ વર્ષે બે ફિલ્મમાં નસીરુદ્દીન શાહ નજરે પડ્યા અને એમાંથી એક ફિલ્મમાં સશક્ત ભૂમિકાના જબરદસ્ત પરફોર્મન્સથી દર્શકોના દિલમાં વસી ગયા. તાપસી પન્નુની વજનદાર ભૂમિકાવાળી ‘અસ્સી’માં તેમનો ગેસ્ટ અપિયરંસ હતો, પણ ઈમ્તિયાઝ અલી દિગ્દર્શિત ‘મૈં વાપસ આઉંગા’માં તો નસીરભાઈ છવાઈ ગયા. ભારતના ભાગલાને કારણે પીડા અને પ્રેમના અનુભવમાંથી પસાર થયેલા ૯૫ વર્ષના ઈશર સિંહની વિભાજનની સ્મૃતિઓ, એક અધૂરી પ્રેમકહાની અને પોતાના મૂળ વતન સરગોધા પાછા ફરવાની તમન્ના ફિલ્મના મુખ્ય રસાયણ છે. ફિલ્મમાં નસીરભાઈનું પરફોર્મન્સ જોઈ ‘બાણશૈયા’ નાટકમાં અરવિંદ જોશીની અદભુત અદાકારીનું સ્મરણ થયું. અહીં સરખામણીની કોઈ વાત નથી, પણ અભિનયના એવરેસ્ટની વાત છે.

આ વર્ષે ઓટીટી પ્લેટફોર્મ પર રજૂ થયેલી બાયોગ્રાફિકલ ફિલ્મ ‘મેડ ઈન ઈન્ડિયાઃ આ ટાઈટન સ્ટોરી’માં જેઆરડી ટાટાના રોલમાં પણ નસીરુદ્દીન શાહની ચમક દર્શકોએ અનુભવી છે. ૨૦૨૬નું વર્ષ અભિનેતા માટે મહત્ત્વનું સાબિત થયું છે.

### અરશદ વારસી

ત્રીસ વર્ષ પહેલાં પહેલી ફિલ્મ ‘તેરે મેરે સપને’ (અમિતાભ બચ્ચન કોર્પોરેશન લિમિટેડ - એબીસીએલ કંપની નિર્મિત પ્રથમ ફિલ્મ) સાથે અભિનય યાત્રા શરૂ કરનારા અરશદ વારસીએ એની પહેલા મહેશ ભટ્ટના સહાયક દિગ્દર્શક અને અનિલ કપૂરની મહાકાય બજેટ ધરાવતી ફિલ્મ ‘રૂપ કી રાની ચોરોં કા રાજા’માં કોરિયોગ્રાફર તરીકે પરસેવો પાડી ચુક્યો હતો. બે હીરોવાળી (બીજો હીરો હતો ચંદ્રચુડ સિંહ) ’તેરે મેરે સપને ‘બોક્સ ઓફિસ પર સારી સફળતા મેળવી શકી હતી. જોકે, શાનદાર શરૂઆત પછી અરશદ વારસીને ફિલ્મો તો મળી પણ રિલીઝ થયેલી નવ ફિલ્મમાંથી આઠ ધડામ કરતાને પછડાઈ અને એને પોતાને ભવિષ્ય ધૂંધળું લાગવા માંડ્યું હતું. દિવસો એવા માઠા જોવા પડ્યા કે ઈન્ડસ્ટ્રીમાંથી કામ મળતું બંધ થઈ ગયું. એવામાં એક એવા દિગ્દર્શકનો ફોન આવ્યો જે પોતાની પહેલી જ ફિલ્મ કરી રહ્યો હતો. ડિરેક્ટરનું નામ હતું રાજકુમાર હિરાણી અને રોલ હતો ‘મુન્નાભાઈ એમબીબીએસ’માં સર્કિટનો. ગુંડાના એક સાગરીતનો રોલ જાણ્યા પછી અરશદે ચોખ્ખી ના પાડી દીધી. મામૂલી લાગતો રોલ કરવાની. આ રોલમાં જોયા પછી ભોજિયો ભાઈ પણ નહીં પૂછે એવી એની માન્યતા હતી. જોકે, ફિલ્મમાં હીરો સંજય દત્ત છે અને રાજકુમાર હિરાણી માટે આદર હોવાથી અરશદ વારસીએ હા પાડી.



પછી તો કાગળ પર સાવ સામાન્ય લાગતો રોલ પડદા પર એવો ચમકી ઊઠ્યો કે એનો ફોન સતત રણકવા લાગ્યો.

બાવીસ વર્ષ પછી ફરી રાજકુમાર હિરાણીની પ્રથમ વેબ સિરીઝ ‘પ્રીતમ એન્ડ પેડ્રો’માં અરશદ વારસીનું નામ ગાજી રહ્યું છે. ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થયેલી માત્ર છ એપિસોડની આ વેબ સિરીઝ ‘ટોક ઑફ ધ ટાઉન’ બની ગઈ છે. વેબ સિરીઝના શોખીનો વચ્ચે માહિતીની આપલેમાં આજકાલ ‘પ્રીતમ એન્ડ પેડ્રો’નો ઉલ્લેખ સૌથી પહેલા અને સૌથી વધુ થઈ રહ્યો છે. હિંસા અને ગાળાગાળી જેવાં કારણોને લીધે વેબ સિરીઝથી દૂર રહેતા ફિલ્મ દર્શકો પણ આ સિરીઝ જોઈને ખુશ થયા છે. ‘પ્રીતમ એન્ડ પેડ્રો’માં સાયબર સેલમાં ટ્રાન્સફર થયેલા સીઆઈડી ઈન્સ્પેક્ટર પેડ્રોનો રોલ જે ખૂબીથી અદા કર્યો છે એ જોઈ કોઈ પણ એની અભિનય પ્રતિભા પર ઓવારી જાય.

અર્શદની ડાયરી ભરચક થઈ રહી છે. ૨૦૨૫માં ‘જોલી એલએલબી ૩’, ‘ભાગવતઃ ચેપ્ટર - રાક્ષસ’ અને ‘મસ્તી ૪’ સફળ થઈ હતી અને આ વર્ષે હિરાણીની વેબ સિરીઝ ઉપરાંત ‘વેલકમ ટુ જંગલ’ અને ‘ધમાલ ૪’ને સારો આવકાર મળ્યો છે અને શાહરુખ - સુહાનાની ‘કિંગ’ અને ‘જીવન ભીમા યોજના’ રિલીઝ થવાની છે. ‘કિંગ’માં બહુ મોટો તો નહીં, પણ મહત્ત્વનો રોલ છે, જ્યારે ‘જીવનભીમા યોજના’ ફિલ્મમાં અરશદ પહેલી વાર ડબલ રોલમાં જોવા મળશે. જીવન અને ભીમા એ બે વ્યક્તિની ભૂમિકા અરશદ કરી રહ્યો છે. આ સિવાય રોહિત શેટ્ટીની ગોલમાલ ફ્રેન્ચાઈઝીની ‘ગોલમાલ ૫’નું શૂટિંગ ચાલી રહ્યું છે. આ ફિલ્મ આવતા વર્ષે રિલીઝ થવાની ધારણા છે.

ટૂંકમાં બે અચ્છા અભિનેતા અચ્છે દિન જોઈ રહ્યા છે. ■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ


# કારવાં ગુઝર ગયા, ગુબાર દેખતે રહેઃ સ્ટુડન્ટ ને સિનેમા...

*જે સમાજમાં પરીક્ષાનું પેપર ફૂટે છે, ત્યાં યુવાનોનો સિસ્ટમ પરનો વિશ્વાસ અને ભવિષ્યની આશા પણ ફૂટી જાય છે.*


*જ્યારે સત્ય અને ન્યાય માટે યુવાનો રસ્તા પર ઊતરે છે ત્યારે સત્તાના અહંકારના પાયા હલી જાય છે.*

...




વિશ્વસુંદરી હીરોઇન મર્લિન મનરોના પતિ અને સિદ્ધહસ્ત નાટ્યલેખક આર્થર મિલરે ૧૯૪૭માં જ્યારે અમેરિકામાં ‘ઑલ માય સન્સ’ નાટક રજૂ કર્યું ત્યારે કોઈને અંદાજો હશે કે છેક ૨૦૨૬માં એ વાર્તા ભારતના સડેલા શિક્ષણ જગત ને પેપર લીક માફિયાઓનું સૌથી સચોટ પ્રતિબિંબ બની જશે?




એ નાટકમાં ‘જો કાસી’ નામનો સફળ, ધનિક પણ ભ્રષ્ટ ઉદ્યોગપતિ છે, જે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અમેરિકન ઍરફોર્સને વિમાનોના ખામીયુક્ત સ્પેરપાર્ટ્સ સપ્લાય કરે છે, જેને કારણે ૨૧ યુવાન પાઇલટ્સ વિમાન દુર્ઘટનાથી માર્યા જાય છે. જ્યારે ‘જો કાસી’નો ભાંડો ફૂટે છે, ત્યારે બચાવમાં એક દલીલ કરે છેઃ આ બધું મેં મારા પરિવાર માટે, મારા દીકરાઓના સુરક્ષિત ભવિષ્ય માટે કર્યું હતું. જોકે એને ખબર જ નહોતી કે પોતાના દીકરાઓનું ભવિષ્ય સુધારવામાં તેણે ૨૧ પરિવારોના જુવાનજોધ દીકરાઓનો ભોગ લઈ લીધો. ગુજરાતીમાં એ જ નાટક ‘કોઈનો લાડકવાયો’ નામે સફળતાથી ભજવાયેલું, જેમાં ફિલ્મસ્ટાર સંજીવકુમારે અભિનય કરેલો.

આજે ભારતના શિક્ષણ જગતના કોચિંગ માફિયાઓ, ભ્રષ્ટ અમલદારો ને પેપર ફોડનારી ગેંગના ચહેરાઓ ધ્યાનથી જોશો એમાં તમને પેલો ‘જો કાસી’ જ દેખાશે.

છેલ્લા એક દાયકામાં ૧૫૦થી વધુ નાની-મોટી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ને સરકારી ભરતીઓનાં પેપરો લીક થયાં છે, જેણે ૭ કરોડથી વધુ યુવાનો અને તેમના પરિવારજનોના ભવિષ્યને અંધકારમાં ધકેલી દીધું છે. આ વરસે તો ૨૧ યુવાન-યુવતી આત્મહત્યા કરી ચૂક્યાં છે, હજારો ડિપ્રેશનમાં જીવી રહ્યાં છે ને સરકાર કે સંસદ ખામોશ છે. છેક ૧૯૬૦માં સમાજવાદી નેતા લોહિયાજીએ કહેલુંઃ

‘જબ સંસદ ખામોશ હો જાતી હૈ, સડકેં આવારા હો જાતી હૈ’ અને અત્યારે એવું જ થયું. દિલ્હીના જંતરમંતર મેદાનમાં અને અનેક શહેરોમાં યુવાનોની ભીડ રસ્તે ઊતરી છે. સરકાર પોલીસ દ્વારા લાઠીચાર્જ, અશ્રુગેસ અને પેલેટ ગનના હુમલા કરાવે છે. એક્ટિવિસ્ટ સોનમ વાંગચુક ૨૧ દિવસથી ભૂખ હડતાલ પર છે પણ સરકાર, શિક્ષામંત્રીના રાજીનામા વિશે ખામોશ છે. રસ્તા પર ભીડ આવારા બની છે.

‘ઑલ માય સન્સ’ નાટકમાં ‘જો કાસી’ના ખામીયુક્ત એન્જિને તો ફક્ત ૨૧ વિમાનો પાડ્યાં હતાં, પણ આપણા શિક્ષણ માફિયા તો દર વરસે હજારો ‘ખામીયુક્ત એન્જિનો’ ઘુસાડી રહ્યાં છે. જ્યારે લાખો રૂપિયા વડે પેપર ખરીદીને અયોગ્ય વ્યક્તિ ડૉક્ટર, એન્જિનિયર કે સરકારી અધિકારી બની જાય છે ત્યારે એ આખા સમાજ માટે એક જીવતો બૉમ્બ બની જાય છે. અણઘડ ડૉક્ટરોના હાથે નિર્દોષ દર્દીઓ મરવાના જ છે, નબળા એન્જિનિયરોથી બાંધેલા પૂલો કડડભૂસ થવાના જ છે.

વિદ્યાર્થીઓની આ અકળામણ તથા ભ્રષ્ટ વ્યવસ્થા વિશે આપણી ફિલ્મો ને સાહિત્યે અનેકવાર વાચા આપી છે. ૧૯૬૫ની ફિલ્મ ‘નઈ ઉમ્ર કી નઈ ફસલ’માં યુનિવર્સિટીની કેમ્પસ પોલિટિક્સ અને ‘કોક્રોચ જનતા પાર્ટી’ જેવા વિદ્યાર્થીદળ દ્વારા આદર્શવાદી યુવાનોનો કેવો ઉપયોગ કરીને ફેંકી દેવાય છે તેનું કડવું સત્ય હતું. રાજકીય આકાંક્ષાઓ માટે યુવાનોના આવેગ અને ભવિષ્યનો બલિ ચડાવાય અને યુવાનોનો મોહભંગ થાય ત્યારે હિંદીના મહાન કવિ નીરજે ગીત લખેલુંઃ

*સ્વપ્ન ઝરે ફૂલ સે, મિત ચૂભે શૂલ સે*
*લૂંટ ગયે શૃંગો સભી બાગ કે બબૂલ સે,*
*ઔર હમ ખડે ખડે બહાર દેખતે રહે,*
*કારવાં ગુઝર ગયા, ગુબાર દેખતે રહે.*

એ જ રીતે ગુલઝારની ‘મેરે અપને’માં બેરોજગાર યુવાનોને ભ્રષ્ટ રાજકારણીઓ દ્વારા વાપરવાની વાસ્તવિકતા છે, જ્યારે પ્રકાશ ઝાની ‘આરક્ષણ’ અને ઓમપ્રકાશ મહેરાની ‘રંગ દે બસંતી’ યુવાનોના બળવાને વાચા આપે છે. એ ઉપરાંત જલાલ આગાની ‘ગૂંજ’, સુધાંશુ હુક્કુની ‘કાફિલા’ અને રામગોપલ વર્માની ‘શિવા’ જેવી ઘણી ફિલ્મો સ્ટન્ટ પોલિટિક્સ વત્તા હિંસાની યાદગાર ફિલ્મો છે.

હોલિવૂડની માસ્ટરપીસ ફિલ્મ ‘સેન્ટ ઓફ અ વુમન’ના અદ્‌ભુત ક્લાઈમેક્સમાં એક ભ્રષ્ટ અને પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા, અમીર વિદ્યાર્થીઓને બચાવવા માટે એક ગરીબ પણ પ્રામાણિક વિદ્યાર્થીનો ભોગ લેવા જાય છે. ત્યારે ગ્રેટ એક્ટર અલ પચિનો ‘સિસ્ટમ’ના મોઢા પર લપડાક મારે છે :

તમે આ યુવાનોનો આત્મા મારી રહ્યા છો, તમે ભવિષ્યના લીડર્સના પગ કાપી રહ્યા છો. એ જ રીતે ‘ડેડ પોએટ્સ સોસાયટી’ અને બ્રોડવેનું અંગ્રેજી નાટક ‘ધ હિસ્ટ્રી બૉય્ઝ’ આંગળી ચીંધે છે કે જ્યારે શિક્ષણમાંથી મૂલ્યો ખતમ થઈ જાય ને તે માત્ર માર્ક્સ કે પૈસા કમાવવાનું મશીન બની જાય ત્યારે યુવાનો કેટલી હદે ભાંગી પડે છે!

આર્થર મિલરના નાટક ‘ઑલ માય સન્સ’ની ફરી વાત કરીએ તો, ‘જો કાસી’નો પોતાનો જ દીકરો ક્રિસ ખૂબ આદર્શવાદી યુવાન છે એને ખબર પડે છે કે બાપે નફા ખાતર આટલો મોટો ગુનો કર્યો છે ત્યારે તે બાપના લોહીવાળા પૈસા ને બેઇમાન વ્યવસ્થા સામે બળવો પોકારે છે. આજે ભારતના રસ્તાઓ પર કે કેમ્પસમાં કાળઝાળ ગરમીમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા લાખો યુવાનો એ ‘ક્રિસ’નું જ જીવંત સ્વરૂપ છે. તે સિસ્ટમના વડીલો, રાજકારણીઓ અને પેપર માફિયાઓને સવાલ પૂછી રહ્યા છે કે તમે કયા હકથી અમારું ભવિષ્ય વેચી રહ્યા છો? જોકે બદલામાં કમનસીબે આ યુવાનોને ન્યાય મળવાની જગ્યાએ પોલીસની લાઠીઓ, બંદૂકની ગોળીઓ અને ‘વિદેશી એજંટ હોવાના અક્ષેપો’નો સામનો કરવો પડે છે.

‘ઑલ માય સન્સ’ નાટકના અંતે જ્યારે ભ્રષ્ટ ઉદ્યોગપતિ ‘જો કાસી’નો આદર્શવાદી દીકરો બાપના ભ્રષ્ટાચારના અપરાધબોજથી આત્મહત્યા કરી બેસે છે એ જાણીને ‘જો કાસી’ તૂટી જાય છે ને એ પણ આત્મહત્યા કરે છે પણ મરતાં પહેલાં માત્ર એટલું કહે છેઃ મને હતું કે એ બધા મરનારા પાઇલટ્સ બીજાના દીકરાઓ છે, પણ હવે આજે સમજાયું કે એ ૨૧ પાઇલટ્સ પણ મારા જ દીકરાઓ હતા.

આપણા શાસક, પોલીસ ખાતું, અદાલતો ને પેપર વેચનારાઓ આટલું નહીં સમજે કે ‘આઘાતથી ગળે ફાંસો ખાતો દરેક વિદ્યાર્થી એમનો પોતાનો જ દીકરો કે દીકરી’ છે, ત્યાં સુધી આવી બધી જ ચર્ચા વ્યર્થ છે.■

---

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## બાગચી બાગી થવા ગયા પણ...


તનિષ્ક બાગચી

ગયા વીકેન્ડમાં દેશભરમાં આંસુઓનું ઘોડાપૂર લાવી દેનારી ફિલ્મ ‘સૈયારા’ એક વર્ષની થઇ. બરાબર એ જ દિવસે આ ફિલ્મનું ધૂમ મચાવનાર ટાઈટલ સોંગ સૈયારા તુ તો બદલા નહીં હૈના વન ઓફ ધ કમ્પોઝર્સ તનિષ્ક બાગચીએ સોશ્યલ મીડિયા પર એક લાંબીલચક પોસ્ટ લખી. આ પોસ્ટમાં તેમણે આ ગીત માટે પોતાનો જીવ રેડી દીધો હતો એવી વાત તો કરી પણ પછી છેલ્લે એક વિસ્ફોટ કર્યો. બાગચીએ એવો દાવો કર્યો કે એને એની લાયકાત કરતાં ઓછાં પૈસા યશરાજે આ ગીત માટે આપ્યાં છે.

બાગચીનું કહેવું હતું કે, આજના જમાનામાં ૮ લાખ રૂપિયા તો સિંગદાણા કહેવાય. જ્યારે મેં મારો આખો જીવ આ ગીત માટે રેડી દીધો હોય ઉપરાંત આ ગીત સુપરહીટ ગયું હોય, યશરાજ એની રોયલ્ટીમાંથી કરોડો કમાતા હોય તો એમણે મારા તરફ જોવાની જરૂર છે. બાત તો સહી હૈ! પણ જ્યારે આ ‘બાત’ યશરાજ સુધી પહોંચી ત્યારે તેમણે તરત આનો જવાબ આપ્યો.

યશરાજે જણાવ્યું કે તનિષ્ક બાગચીને એમની સાથે થયેલા કોન્ટ્રાક્ટ અનુસાર રકમ ચૂકવી દેવામાં આવી છે. તનિષ્ક સાથે આ ગીત સાથે જોડાયેલા અન્ય બે કોમ્પોઝર્સ ફહીમ અબ્દુલ્લા અને અર્સલાન નીઝામી વચ્ચે રકમ સરખે ભાગે વહેંચવામાં આવી હતી. જ્યાં સુધી રોયલ્ટીનો સવાલ છે તો એ પણ ચારેય પાર્ટીઓએ સાથે બેસીને જે નક્કી કર્યું હતું એ પ્રમાણે જ ચૂકવવામાં આવી છે અને ભવિષ્યમાં પણ ચૂકવવામાં આવશે. મજા તો ત્યારે આવી જ્યારે હવેથી પોતે પોતાના સંગીતની ખરી કિંમત જે પ્રોડ્યુસર સમજશે તેની સાથે જ પોતે કામ કરશે એવો દાવો એ પોસ્ટમાં કરનારા બાગચીએ યશરાજનાં ખુલાસા બાદ પોતાની એ પોસ્ટ ડીલીટ કરી દીધી હતી.

## OMG! પરેશભાઈ આ તમે શું કહી દીધું?


પરેશ રાવળ

પરેશ રાવળે હાલમાં એક પોડકાસ્ટમાં ધડાકો કરી દીધો છે. પરેશભાઈનું કહેવું છે કે ફિલ્મ ‘ઓહ માય ગોડ ૨’ એ મુખ્યત્વે તેમનો વિચાર હતો. તેમણે એક વાર્તા વિચારી હતી અને ઓએમજી-૨નાં ડાયરેક્ટર અમિત રાયને તેમણે આ વાર્તા સહુથી પહેલાં સંભળાવી હતી. વાર્તાનો થીમ એજ સેક્સ એજ્યુકેશન પર હતો અને જે આપણે ફિલ્મમાં જોઈ એ જ પ્રકારે એમાં વાત કરાઈ હતી. પરંતુ પરેશભાઈની સ્ટોરીમાં ક્યાંય ભગવાન ન હતા. પરેશ રાવળનું કહેવું હતું કે તેમણે વિચારેલી વાર્તામાં ક્યાંય ભગવાન ન હતા, બલકે ‘મુકદ્દર કા સિકંદર’માં જેવું કાદરખાનનું પાત્ર હતું એવું એક બાઈકરનું પાત્ર એમણે વિચાર્યું હતું.

આ બાઈકર પેલાં ફસાઈ ગયેલા છોકરાના પિતાને ગાઈડ કરે એવી વાત એમણે વિચારેલી. આ પાત્ર માટે તેમણે અજય દેવગણ અને સલમાન ખાનને અપ્રોચ કર્યો હતો. પરંતુ વિવાદાસ્પદ વિષય હોવાથી તેમણે પરેશભાઈને ના પાડી દીધી. બાદમાં, કોઈ રીતે સ્ક્રિપ્ટ અક્ષય કુમાર સુધી પહોંચી અને તેણે આ રોલ કરવાની મક્કમ ઈચ્છા દર્શાવી. બસ અહીંથી તકલીફ શરૂ થઇ. પરેશ રાવળ એ રોલ માટે અક્ષયને લેવા તૈયાર ન હતા. તેમણે ભગવાનનો રોલ વિચાર્યો જ ન હતો.

પરંતુ, અક્ષયની એન્ટ્રીએ આખી વાર્તા બદલી નાખી એમ પરેશ રાવળે કહ્યું અને એ જોઇને તેઓ આ ફિલ્મમાંથી નીકળી ગયા. છેલ્લે પરેશભાઈએ પોતાનું દુઃખ વ્યક્ત કરતાં એમ કહ્યું કે ફિલ્મમાં ક્યાંય એમને ક્રેડિટ આપવામાં ન આવી. ભલે ફેરફાર હોય પણ મૂળ વાર્તા તો એમની જ હતી ને? હવે, જો પરેશ રાવળને ક્રેડિટ ન મળતી હોય તો પછી નવાસવા લેખકોને ક્યાંથી મળે? સોચ લો ઠાકુર.

## લો, આમીરને ફરીથી વાંકું પડ્યું...


આમીર ખાન

આમીર ખાન ‘મિસ્ટર પર્ફેક્શનિસ્ટ’ તરીકે ભલે ઓળખાતો, પરંતુ સાદી ભાષામાં એને ‘ચીકણો માણસ’ જ કહેવાય. આ મિયાં દરેક વાતમાં એટલી ચીકાશ કરે છે કે કદાચ એણે સ્વીકારેલી ફિલ્મો કરતાં એણે રીજેક્ટ કરેલી ફિલ્મોની સંખ્યા વધુ હશે. દાદાસાહેબ ફાળકેની બાયોપિક આમીરની આ ચીકાશને લીધે જ અત્યારે અટવાયેલી છે. હાલમાં આમીરના આ ચીકણા સ્વભાવનું એક તાજુ ઉદાહરણ સામે આવ્યું છે.

સ્ટાર્ટ અપ ચેમ્પિયન અશનીર ગ્રોવર પર રાહુલ મોદી અને શ્રદ્ધા કપૂર એક બાયોપિક બનાવી રહ્યા છે. આમીર ખાનને તેના લીડ રોલ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. આમીર અને રાહુલ મોદીએ સ્ક્રિપ્ટ બાબતે અનેક મીટિંગ કરી હતી. આમીરને વિષય પસંદ પણ આવ્યો હતો. આટલું જ નહીં, આમીર ખાન હાલમાં આશુતોષ ગોવારીકરની અનામી પિરિયડ ડ્રામા ફિલ્મનું શૂટિંગ પત્યા પછી માર્ચ ૨૦૨૭થી આ ફિલ્મનું શૂટિંગ કરવા માટે તૈયાર પણ થઇ ગયો હતો.

બધું બરાબર ચાલી રહ્યું હતું ત્યારે જ આમીરને સ્ક્રિપ્ટ બરાબર ન લાગી. આમીરે કદાચ કાયમની જેમ પોતાનું મંતવ્ય રાહુલ મોદી પર થોપવાનો પ્રયાસ કર્યો. રાહુલે એ સ્વીકારવાની ના પાડી દીધી એટલે આમીરે જાણવા મળ્યા મુજબ આ ફિલ્મ છોડી દીધી છે. હવે રાહુલ અને શ્રદ્ધા કોઈ યુવાન ચહેરાને અશનીર ગ્રોવર તરીકે રજુ કરવા માગે છે. આમીર જેવા વાયડા સ્વભાવ ધરાવતા ઈશમને અમારા વડીલો ‘વાંકાપાડા વાલબાઈ’ તરીકે બોલાવતા...! ■

### કટ એન્ડ ઓકે...

*આસામના મહાન નેતા લચિત બોરફૂકનની બાયોપિક બનાવવા આદિત્ય ધર સાથે વાત ચાલી રહી હોવાનું આસામના મુખ્યમંત્રી હેમંતા બિસ્વ સરમાએ કન્ફર્મ કર્યું છે.*

હેન્રી શાસ્ત્રી

## ફ્લેશ બેક

# ઘોરી - દીક્ષિતઃ એ હતા આપણા લૉરેલ - હાર્ડી

### વિદેશી કલાકારોથી પ્રભાવિત થવું ઈઝ ઓકે, પણ આપણા દમદાર અભિનેતાઓની પણ યોગ્ય પ્રશંસા કરવી જોઈએ


કોમેડી કરવી સિરિયસ બાબત ગણાય છે, હાસ્ય - વિનોદ ગંભીર બાબત માનવામાં આવે છે. જોકે, ફિલ્મોને બિરદાવતા નેશનલ અવૉર્ડ - ફિલ્મફેર અવૉર્ડ કોમેડીને ગંભીરતાથી નથી લેતા એવું પ્રતીત થાય છે. તાજેતરમાં ઘોષિત થયેલા નેશનલ અવૉર્ડની યાદીમાં બેસ્ટ એક્ટર ઈન કોમિક રોલ - શ્રેષ્ઠ હાસ્ય અભિનેતાનો અવૉર્ડ કોને મળ્યો છે એ શોધવાની કોશિશ નિષ્ફળ સાબિત થઈ. તરત યાદ આવ્યું કે આ વિભાગ માટે નેશનલ અવૉર્ડ આપવામાં જ નથી આવતો. પછી એક નજર દોડાવી ફિલ્મફેર અવૉર્ડ પર.

આ અવૉર્ડનો પ્રારંભ થયો ૧૯૫૪માં, પણ શ્રેષ્ઠ હાસ્ય અભિનેતાનો અવૉર્ડ આપવાની શરૂઆત ૧૯૬૭માં થઈ અને ૨૦૦૭ પછી એ બંધ કરી દેવામાં આવ્યું હતું. કેમ? કોમિક રોલ કરતા કલાકારની અભિનય પ્રતિભાને એક એક્ટર તરીકે જ જોવી જોઈએ - બેસ્ટ એક્ટર અને બેસ્ટ એક્ટર ઈન કોમિક રોલ અલગ બાબત ન ગણી શકાય એવી માન્યતાએશ્રેષ્ઠ હાસ્ય અભિનેતાનો અવૉર્ડને તાળું મારી દીધું.


ખેર. એકંદરે હિન્દી ફિલ્મો વિવિધ રસાયણોની બનેલી છે, જેમાં કોમેડી પણ એક મજેદાર રસાયણ ગણાયું છે.મૂક ફિલ્મોના દોરમાં તેમજ બોલપટ શરૂ થયા એ સમયમાં પણ હાસ્ય - હાસ્ય કલાકારોની હાજરી સતત જોવા મળી છે. હાસ્ય અભિનેતા - વિનોદી નટનો ઈતિહાસ પણ જૂનો અને ઉજ્જવળ છે.

‘એક કરતા બે ભલા’ - સાથ સંગાથમાં વધુ અનુકૂળતા રહે છે એ કહેવતમાં કદાચ કોમેડિયનોને શ્રદ્ધા હોવી જોઈએ. એટલે જ વિશ્વ ચિત્રપટ ઈતિહાસમાં કોમેડિયન પેર - હાસ્ય કલાકારોની જોડીએ સમયાંતરે રંગ જમાવ્યો છે. વિદેશી ફિલ્મોમાં બડ એબોટ એન્ડ લુ કોસ્ટેલોથી શરૂ કરી સ્ટાન લૉરેલ - ઓલિવર હાર્ડી વાયા બડ સ્પેન્સર - ટેરેન્સ હિલ સહિત કેટલીક જોડીએ સિલ્વર સ્ક્રીન પર ધમાલ મચાવી છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ આઈ એસ જોહર - મેહમૂદ, ગોવિંદા - શક્તિ કપૂર વગેરે જોડીઓએ દર્શકોને પેટ પકડીને હસાવ્યા છે. જોકે, એમના ગુણગાન ગાતી વખતે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં વિનોદી નટની જોડીની પરંપરા શરૂ કરનારા મનોહર જનાર્દન દીક્ષિત અને નઝીર અહમદ ઘોરી (દીક્ષિત - ઘોરી) જોડી જલદી યાદ નથી આવતી કે તેમનો ઉલ્લેખ પણ વિશેષરૂપે નથી થતો. એનું પ્રમુખ કારણ કદાચ એ હોવું જોઈએ કે એમની ફિલ્મો આમ જનતા માટે ઉપલબ્ધ નથી અને એમને મીડિયામાં વિશેષ પ્રસિદ્ધિ પણ નથી મળી. સમય સાથે કોમેડીનું સ્વરૂપ બદલાયું એ હકીકત છે અને આજની તારીખમાં દર્શકોને દીક્ષિત - ઘોરીની કોમેડી કાળબાહ્ય લાગી શકે છે, પણ અમૃત ઘાયલ સાહેબના અદભુત શેર ’કેમ ભૂલી ગયા? દટાયો છું, આ ઈમારતનો હુંય પાયો છું’નું સ્મરણ કરી પાયાની આ જોડીને યાદ કરવાની ફરજ અદા કરીએ.

૧૯૨૧થી ૧૯૩૧ના દશકમાં શોર્ટ ફિલ્મોથી ખ્યાતિ મેળવનારી સ્ટાન લૉરેલ અને ઓલિવર હાર્ડીની જોડીને ભારતીય સિને દર્શકોએ પણ પસંદ કરી હતી. યોગાનુયોગ ઘોરીની દેહયષ્ટિસ્ટાન લૉરેલને અને દીક્ષિતનો શારીરિક બાંધો ઓલિવર હાર્ડીને મળતો (જુઓ, તસવીર) હોવાથી હિન્દી ફિલ્મોની પ્રથમ હાસ્યનટની જોડી તરીકે તેમને ખ્યાતિ મળી. હિન્દી ઉપરાંત ગુજરાતી, બંગાળી, ફારસી, ઉર્દૂ અને



જયંત દેસાઈ દિગ્દર્શિત ‘દો બદમાશ’માં દીક્ષિત અને ઘોરી



‘કોમેડી ઓફ એરર્સ’ ઉર્ફે ‘ભૂલ ભૂલૈયા’માં ઘોરી અને દીક્ષિત

પંજાબી ભાષા પર પ્રભુત્વ ધરાવતા નઝીર અહમદ ઘોરી મોતીનો બિઝનેસ કરતા પરિવારના ફરજંદ હતા. નાનપણથી જ ફિલ્મો જોવાનો શોખ એમને મુંબઈ ખેંચી લાવ્યો અને તેમને ફિલ્મોમાં નાના- મોટા રોલ મળવા લાગ્યા. સરખામણીમાં મનોહર જનાર્દન દીક્ષિતને વધુ સંઘર્ષ કરવો પડ્યો હતો. એસએસસીમાં ત્રણ વાર નાપાસ થયેલા મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના સિન્નર શહેરમાં ઉછરેલા દીક્ષિતને વાંચનનો શોખ હતો. મરાઠી સાહિત્યમાં પૌરાણિક અને સામાજિક જાગૃતિ સંદર્ભે સાહિત્યિક લખાણ કરનારા મામા વરેરકરથી ખાસ્સા પ્રભાવિત થયા હતા. વરેરકરની સિફારીશથી દીક્ષિતને ફિલ્મોમાં સહાયક કેમેરામેનની નોકરી મળી. જોકે, એમાં રુચિ ન કેળવાઈ અને કેમેરા પાછળ રહેલા કલાકારને કેમેરાની સામે આવવાનો મોકો મળ્યો અને ‘સ્પાર્કલિંગ યુથ’ - ‘ઝગમગતી જવાની’ (૧૯૩૦) ફિલ્મથી અભિનય યાત્રાનો પ્રારંભ થયો. ત્યાર બાદ ત્રણેક ફિલ્મ કર્યા બાદ દીક્ષિત અને ઘોરી ચંદુલાલ શાહની રણજિત ફિલ્મ કંપનીમાં અનાયાસે ભેગા થઈ ગયા. બોલપટના યુગના મંડાણ થઈ ગયા હતા અને ચંદુલાલ શાહના માનીતા અને કોમેડીમાં હથોટી ધરાવતા અગ્રણી ફિલ્મ દિગ્દર્શક જયંત દેસાઈએ ૧૯૩૨ના બોલપટ ‘ચાર ચક્રમ’માં પહેલી વાર દીક્ષિત - ઘોરીની જોડીને ચમકાવી. ફિલ્મમાં આ જોડી ઉપરાંત બે અન્ય ચક્રમ હતા એડ્ડી બિલિમોરિયા અને માધુરી (ઍંગ્લો ઈન્ડિયન એક્ટ્રેસ). ફિલ્મને બોક્સઓફિસ પર ફાંકડી સફળતા મળી અને જાડિયા પાડિયા દીક્ષિત અને દૂબળા પાતળા ઘોરીની કોમેડી પેરની નામના થઈ ગઈ. સંયોગ્વાશાત્ બંનેના શારીરિક દીદાર લૉરેલ - હાર્ડીને મળતા આવતા હોવાની માન્યતા ઈન્ડસ્ટ્રીમાં પણ બંધાઈ જતા ફિલ્મ કંપની એ લોકપ્રિયતા રોકડી કરવા થનગનવા લાગી જે સ્વાભાવિક કહેવાય અને ભારતીય લૉરેલ - હાર્ડીની જોડીની તો નીકલ પડી. ઘોરીને ગુજરાતી આવડતું હતું અને દીક્ષિતમાં અભિનય કૌશલ ભારોભાર હોવાને કારણે તેમજ જોડી તરીકે પહેલી જ ફિલ્મમાં આવકાર મળવાને કારણે દિગ્દર્શક જયંત દેસાઈના દિલ દિમાગમાં વસી ગઈ. જયંતભાઈએ જોડીને ચમકાવતી જે ફિલ્મો દિગ્દર્શિત કરી એમાં ‘ચાર ચક્રમ’ ઉપરાંત ‘ભૂતિયા મહલ’, ‘દો બદમાશ’, ‘ભોલા શિકાર’, ‘ભૂલ ભુલૈયા’, ‘નાદિરા’, ‘વિશ્વમોહિની’ વગેરેનો સમાવેશ થાય છે. ‘નાદિરા’માં તો દીક્ષિત - ઘોરી સાથે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રથમ સ્ટાર કોમેડિયનનું બિરુદ મેળવનાર મશહૂર હાસ્યનટ નૂર મોહમ્મદ ચાર્લીની પણ હાજરી હતી. આ જોડીએ લગાતાર ‘રણજીતકંપની’ની ફિલ્મોમાં કામ કરવાનું ચાલુ રાખ્યું હતું.

કમનસીબીની વાત એ છે કે આ જોડીની ફિલ્મો સાચવણીના અભાવે નષ્ટ થઈ ગઈ છે. હા, થોડા ફોટોગ્રાફ બચ્યાછે જે એક દિલાસો છે. ફિલ્મો બચી હોત તો વિદેશી જોડીની તુલનામાં આપણી જોડી કેવી નીવડી એ જાણવાની તક મળી હોત. દીક્ષિતની એ. આર. કારદારની પેહલે આપ’ અને પી. એન. અરોરા નિર્મિત ’પઘડી’ ફિલ્મો હેમખેમ રહી શકી છે. ૧૯૭૨માં ‘પઘડી’ની રીમેક ‘દિલ દૌલત ઔર દુનિયા’ બની હતી જેનું નિર્માણ અને દિગ્દર્શન પી.એન. અરોરાએ જ કર્યું હતું. ’પઘડી’માં રામુચાચાનો રોલ દીક્ષિતજીએ કર્યો હતો જ્યારે ૧૯૭૨ની ફિલ્મમાં એ ભૂમિકા ઓમ પ્રકાશજીએ કરી હતી. ’પઘડી’ના રોલ માટે બાબુલાલ પટેલે એમના મેગેઝિન ‘ફિલ્મ ઇન્ડિયા’માં ભારોભાર પ્રશંસા કરી હતી. જોકે, ફિલ્મના શૂટિંગ દરમિયાન દીક્ષિતજીને હાર્ટ એટેક આવ્યો હતો અને ૪૩ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું હતું. ઘોરી પણ પાકિસ્તાન ચાલ્યા ગયા અને એક પ્રભાવશાળી જોડી પર પડદો પડી ગયો. ■


## ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

### ક્વિઝ ૧૮૯

**આ ફિલ્મોમાં અમિતાભના પિતાની ભૂમિકા કયા કલાકારો એ કરી હતી?**

૧) લાવારીસ
૨) શરાબી
૩) પરવરીશ
૪) દિવાર
૫) શક્તિ
૬) ત્રિશુલ
૭) નમક હરામ




### ક્વિઝ (બ) ૧૯૦

**ખલનાયકના અડ્ડામાં વેષ પલટો કરીને ગવાયેલા આ ગીત કઈ ફિલ્મના છે?**

૧) ઓ મેરા જાને બહાર આ ગયા મૈં તો ખીલકે ગુલાબ હો ગઈ
૨) ગઝર ને કિયા હૈ ઈશારા ઘડી ભર કાં હૈ ખેલ સારા તમાશા
૩) રંગ જમાકે જાયેંગે ચક્કર ચલાકે જાયેંગે જુમકે ભાઈ જુમકે સબકો
૪) અભી આયા નહીં હૈ જો અભી આયા હુઆ હૈ જો અભી આનેવાલા
૫) યમ્મા યમ્મા, યે ખુબસુરત સમા બસ આજ કી રાત હૈ ઝીંદગી
૬) દિલ મેં જો બાત હૈ વો હોટો પે આયેગી તો તૌબા તૌબા હો જાયેગી
૭) ગોરે નહીં હમ કાલે સહી હમ નાચને ગાને વાલે સહી તુમ સા એક

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

## મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# યામી ગૌતમ

## નૅશનલ એવૉર્ડ મેળવીને પોતાની અભિનયક્ષમતા પર મહોર લગાવી આ ફૂટડી ઍક્ટ્રેસે...



સન ૨૦૧૦માં કન્નડ ફિલ્મથી પોતાની કારકિર્દીની શરૂઆત કરનારી યામી ગૌતમે ૧૬ વર્ષની કારકિર્દીમાં ખૂબ જ લાંબી મજલ કાપી છે. દરેક ફિલ્મમાં -ભલે તે ફિલ્મ હીરો..હોય તો પણ તે પોતાની છાપ અચૂક છોડી જાય છે. એટલું જ નહીં, આ ૧૬ વર્ષની કારકિર્દીમાં તેને કેટલીક એવી ફિલ્મો પણ મળી છે, જેમાં તે પોતાના અભિનયના ઓજસ પાથરી શકી છે. હાલમાં જ યામીને ફિલ્મ ‘આર્ટિકલ-૩૭૦’ માટે નૅશનલ એવોર્ડ્સ મળવાની જાહેરાત થઈ છે.

૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪ના રિલીઝ થયેલી ‘આર્ટિકલ-૩૭૦’માં યામી ગૌતમે પહેલી જ વાર ઍક્શન દશ્યો ભજવ્યાં છે. આ ફિલ્મમાં તેણે ઝૂની હકસરની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મ એ તેની હોમ પ્રોડકશનની જ ફિલ્મ હતી. આ એક રાજકીય એકશન થ્રીલર ફિલ્મ હતી, જે સુહાસ જાંભોએ દિગ્દર્શિત કરી હતી અને તેના નિર્માતા આદિત્ય ધર, લોકેશ ધર અને જયોતિ દેશપાંડે હતાં.

કન્નડ , પંજાબી, તેલુગુ, મલયાલમ, તમિળ અને હિન્દી ફિલ્મોમાં અભિનય કરનારી યામી ગૌતમને તેની અભિનય કારકિર્દી દરમિયાન ઘણી સારી ભૂમિકાએ કરવા મળી છે અને હાલમાં જ અનેક વિક્રમ સર્જનારી ફિલ્મ ‘ધૂરંધર’ ના બીજા ભાગમાં માત્ર બે જ મિનિટની ભૂમિકા માટે તેણે રૂપિયા ૬ કરોડની અધધ... કહી શકાય એવી ‘ફી’ વસૂલી હતી, ત્યારે પણ તે ચર્ચામાં આવી હતી.

‘ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઇક’ ફિલ્મનાં શૂટિંગ દરમિયાન તેની અને દિગ્દર્શક આદિત્ય ધરની ઓળખાણ થઈ હતી. ૨૦૧૯ દરમિયાન થયેલી આ મુલાકાત પ્રેમમાં પરિણમી અને બે વર્ષના પ્રેમ પછી તે આદિત્ય ધરને પરણી ગઈ છે. ૧૦મી મે ૨૦૨૪ના તેણે એક પુત્રને જન્મ આપ્યો છે. યામી શરૂઆતથી જ ચીલાચાલુ અભિનેત્રી કરતાં અલગ જ પ્રકારની ફિલ્મો કરીને સતત આગળ વધતી રહી છે. હવે માત્ર ૧૪ વર્ષની અભિનય કારકિર્દીમાં અભિનયનો સર્વશ્રેષ્ઠ એવો નેશનલ એવોર્ડ્સ તેણે મેળવ્યો છે. આ સિવાય તેણે બે સ્કીન એવોર્ડ્સ, ઝી સિને એવોર્ડ્સ એને ત્રણ વાર ફિલ્મફેર એવોર્ડ્સના નોમિનેશન મેળવ્યા છે.

યામીના પિતા મુકેશ ગૌતમે એક સારા દિગ્દર્શક તરીકે પંજાબી ફિલ્મોમાં પોતાનું સ્થાન જમાવ્યું છે. ૨૦૧૨માં આવેલી ‘વિકી ડોનર’ એ યામીની પહેલી જ હિન્દી ફિલ્મ હતી. આયુષમાન ખુરાના અભિનીત આ ફિલ્મથી જ યામીએ એ સાબિત કરી આપ્યું હતું કે તે ફિલ્મોમાં અલગ જ પ્રકારની ભૂમિકાઓ કરીને પોતાનું અલગ સ્થાન જમાવવા માટે આવી છે. પુલકિત સમ્રાટ, અજય દેવગણ, આયુષમાન ખુરાના, શાહિદ કપૂર, હૃતિક રોશન, વિકી કૌશલ, વિક્રાંત મેસ્સી, અભિષેક બચ્ચન, અક્ષય કુમાર, પંકજ ત્રિપાઠી, જેવાં કલાકારો સાથેની ફિલ્મોમાં અભિનય કરનારી યામીએ પોતાની અલગ જ છાપ છોડી છે.

‘આર્ટિકલ-૩૭૦’માં તેની જ મુખ્ય ભૂમિકા હતી અને જમ્મુ-કાશ્મીરના બેકગ્રાઉન્ડ સાથે બનેલી આ ફિલ્મે બોકસ ઓફિસ તો ગજાવી હતી, પણ સાથોસાથ યામીના અભિનય અને એકશન દશ્યોના પણ ખૂબ જ વખાણ થયા હતા. એક સમયે આ ફિલ્મને ભાજપના સરકાર માટે ‘પ્રોપેગેન્ડા’ ફિલ્મ તરીકે ઓળખાવવામાં આવતી હતી , પણ આ બધી ટીકાઓ પર ધ્યાન આપ્યા વિના યામી અને આદિત્ય ધર સતત આગળ વધતા રહ્યા અને આજે તેમનો પરિણામ પણ સારું જ મળ્યું છે.

યામીએ જે ફિલ્મોમાં અભિનય કર્યો છે, તેમાંની મોટા ભાગની ફિલ્મો બોકસ ઓફિસ પર પણ સફળ થઇ છે. તેની પહેલી ફિલ્મ ‘વિકી ડોનર’ ખૂબ ઓછા બજેટ સાથે બનાવવામાં આવી હતી, પણ એ ફિલ્મ અનોખા વિષય આગવી રજૂઆત અને અચ્છા અભિનયને કારણે સુપરહીટ સાબિત થઇને રૂપિયા ૬૫ કરોડની કમાણી કરી હતી. ત્યાર પછી વરુણ ધવન સાથેની ‘બદલાપુર’ ફિલ્મે રૂ. ૮૦ કરોડની સરકાર-થ્રી ફિલ્મો રૂ. ૯૦ કરોડ, ‘કાબિલ’ ફિલ્મે રૂ. ૨૦૦ કરોડ, ‘ભૂત પોલીસ’ ફિલ્મે રૂ. ૫૦ કરોડ ‘ઓહ માય ગોડ’ ૨૨૦ કરોડ, ‘આર્ટિકલ ૩૭૦, રૂ. ૧૦૦ કરોડથી વધુ અને ‘ધૂરંધર-ટુ’એ તો રૂ. ૧,૮૫૨.૪૪ કરોડનો બિઝનેસ કરીને અનોખો વિક્રમ પોતાના નામે કર્યો છે.

બોલિવૂડ એ હીરો પ્રધાન ગણાય છે. આ હીરો પ્રધાન ફિલ્મોમાં પોતાની હાજરી નોંધાવવી એ કાંઇ નાનીસૂની વાત નથી અને યામીએ આ વાત એક વાર નહીં, અનેક વાર સાબિત કરી આપી છે. આ સિવાય તેણે એવી પણ અનેક ફિલ્મો કરી છે, જેમાં તેનું કેરેક્ટર મુખ્ય હોય અને હીરોની ભૂમિકા ગૌણ હોય અથવા તો સહાયક તરીકેની હોય ‘સનમ રે,’ ‘જૂનુનિયત’, ‘ ગિન્ની વેડ્સ સન્ની’ ‘ ચોર નિકલ કે ભાગા‘ , ‘ધૂમધામ’ અને ‘ હક’ ઈત્યાદિ બધી ફિલ્મો એ પ્રકારની છે, જેમાં મુખ્ય ભૂમિકા યામિની જ હતી અને સાથે પુલકિત સમ્રાટ, સન્ની કૌશલ, પ્રતીક ગાંધી, વિક્રાંત મેસ્સી જેવાં કલાકારો તેની સાથે હતા.

યામી કોઇ પણ પ્રકારની અલગ પ્રકારની ભૂમિકા કરતાંય અચકાતી નથી. ‘થર્સડે’ ફિલ્મમાં તેની સંપૂર્ણ નેગેટિવ ભૂમિકા હતી અને ફિલ્મમાં કોઇ હીરો પણ નહોતો કે તેનાં કોઇ પ્રેમદશ્યો પણ નહોતાં. આ ફિલ્મમાં યામીની ભૂમિકાના ખૂબ જ વખાણ થયા હતા. ફિલ્મમાં અતુલ કુલકર્ણી, નેહા ધૂપિયા અને ડિમ્પલ કાપડિયા જેવા કલાકારો હતા, છતાં અસ્થિર મગજ ધરાવતી શાળાની શિક્ષિકા તરીકે યામી રીતસર છવાઇ ગઇ હતી. ‘હક’ ફિલ્મ સાવ વેગળો વિષય લઈને આવેલી. એમાં પણ યામીની અસરકારક અભિનયની વિશેષ પ્રશંસા થઈ...

આમ, શરૂઆતથી લઇને અત્યારસુધીમાં યામીએ અલગ-અલગ પ્રકારની ભૂમિકાઓ કરીને પોતાને અભિનેત્રીને તરીકે સાબિત કરી દીધી છે. અને હવે આ નેશનલ એવોર્ડથી તેની અભિનય ક્ષમતાની યોગ્ય કદર થઇ છે એમ કહી શકાય.

### ૨૫ જુલાઈથી ૩૧ જુલાઇ શું જોશો ?

**OTTનું હોટસ્પોટ**

હોલિવૂડની ફિલ્મોમાં ફિલ્મ દિગ્દર્શક, નિર્માતા અને પટકથા લેખક તરીકે અનેરી નામના ધરાવનાર બ્રિટિશ અમેરિકન ફિલ્મસર્જક ક્રીસ્ટોફર નોલાનની ‘ધ ઓડિસી’ ફિલ્મ અત્યારે બોકસઓફિસ પર ધૂમ મચાવી રહી છે. ત્યારે ઓટીટી પર (જુદી જુદી ચેનલ પર) નોલાનની ફિલ્મો રજૂ કરવામાં આવી રહી છે. જિયો હોટસ્ટાર ચેનલ પર નોલાનની ‘ધ ડાર્ક નાઇટ’, ઇન્સેપ્શન, ઇન્ટરસ્ટેલર, ધ ડાર્ક નાઇટ રાઇઝેસ, બેટમેન બિગેનસ જેવી ફિલ્મો જોઇ શકશે તો ઝી ફાઇવ પર ‘ઓપન હાઇમર’ એમેઝોન પ્રાઇમ પર ‘મેમેન્ટો’ અને ‘ધ પ્રેસ્ટીજ’ જોઇ શકશે.




**જિયો હોટ સ્ટારઃ**

અહીં તમને ૨૫ જુલાઇએ ક્રાઇમ-એકશન ડ્રામા ‘બ્લડ વોર’ની ચોથી સિઝન જોવા મળશે. એ અગાઉ ૨૪ જુલાઇ (એટલે કે આજે) ‘ધ બિયર’ની પાંચમી સિઝનની શરૂઆત થઇ રહી છે.

**એમેઝોન પ્રાઇમ વીડિયોઃ**

અહીં આજે (૨૪ જુલાઇએ ) આદર્શ બાલ વિદ્યાલય સિરીઝની શરૂઆત થવાની છે, જેમાં મુખ્ય ભૂમિકા કે.કે.મેનન, અર્ચના પુરણસિંહ, અભિમન્યુ સિંહ, દેવેન ભોજાણી અને પ્રાચી શાહની છે.

**નેટફિલક્સઃ**

અહીં તમને આજે શુક્રવારે વિક્રાંત મેસ્સી, વેદિકા પિન્ટો, મહિઝા મકવાણા અને સાદિયા સિદ્દીકીની ‘મુસાફિર કેફે’ જોવા મળશે, અને ૨૪ જુલાઇના (આજે જ) ‘૭૨ અવર્સ ’નામની એક્શન સિરીઝ શરૂ થશે. ■

# ગંભીર-આગરકર વચ્ચે મતભેદો છેઃ દિનેશ કાર્તિક

નવી દિલ્હીઃ ભારતના ભૂતપૂર્વ વિકેટકીપર-બૅટ્સમૅન દિનેશ કાર્તિકનું એવું માનવું છે કે આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડ સામે ભારતીય ટીમનો અનુક્રમે ૦-૨ અને ૦-૪થી જે રકાસ થયો એ મુદ્દે હેડ-કોચ ગૌતમ ગંભીર અને ચીફ સિલેક્ટર અજિત આગરકર વચ્ચે તકરાર અને મત મતાંતરનો માહોલ જાણવા મળ્યો છે.

ભારતના ટીમ સિલેક્શન સંબંધમાં કાર્તિક એક જાણીતી સ્પોર્ટ્સ ચૅનલ પરના વિશ્લેષણમાં કહ્યું કે ટીમમાં યુવાન અને સિનિયર ખેલાડીઓને જે રીતે મૅનેજ કરવામાં આવ્યા એ બાબતમાં ગૌતમ ગંભીર અને સિલેક્શન કમિટી વચ્ચે મતભેદો સ્પષ્ટ જોવા મળ્યા છે.

શ્રેયસ ઐયરના નવા નેતૃત્વમાં તેમ જ ગંભીરના કોચિંગમાં યુરોપના બન્ને દેશમાં ટીમમાં ખેલાડીઓને અજમાવવાની બાબતમાં જે અભિગમ રાખવામાં આવ્યો એને પગલે કાર્તિકે ચૅનલને કહ્યું, 'બન્ને વચ્ચે (ગંભીર-આગરકર વચ્ચે) તકરાર અને મતભેદ જોવા મળ્યા...ખાસ કરીને વૈભવ સૂર્યવંશી અને સંજુ સૅમસનના મુદ્દે.'

ટીમ મૅનેજમેન્ટમાં હેડ-કોચ, કૅપ્ટન તથા સિનિયર ખેલાડીઓને સમાવેશ હોય છે. કાર્તિકના મતે સૂર્યવંશી અને સૅમસનને લગતો મુદ્દે સરખી રીતે ન સંભાળવામાં આવ્યો. કાર્તિકે એવું પણ કહ્યું કે 'પ્લેઇંગ ઇલેવનમાં વારંવાર ફેરફાર કરતાં પહેલાં ટીમ મૅનેજમેન્ટ સ્પષ્ટ યોજના જણાવવામાં નિષ્ફળ રહ્યું હતું. જો ટીમ મૅનેજમેન્ટ વૈભવ સૂર્યવંશીને ડેબ્યૂ કરાવવા માગતું જ હતું તો એણે આયરલૅન્ડમાં જ એવું કરવું જોઈતું હતું, ઇંગ્લૅન્ડ સામેની પ્રથમ મૅચ બાદ એવું કરવામાં આવ્યું એ ખોટું થયું. વૈભવના ડેબ્યૂ માટે આયરલૅન્ડ જ સર્વશ્રેષ્ઠ સ્થળ હતું.' ■

# શ્રેયસની કૅપ્ટન્સીમાં ભારતની છ હાર બાદ પ્રથમ જીત

## મયંક મૅન ઑફ ધ મૅચઃ વૈભવે સિક્સરના સપાટાની ઝલક આપી દીધી

હરારેઃ શ્રેયસ ઐયરે નવી કૅપ્ટન્સીની ૨૬મી જૂને શરૂઆત કરી હતી અને લાગલગાટ છ પરાજય જોયા બાદ તેના સુકાનમાં ભારતે ગુરુવારે પહેલી વખત જીત માણી. હરારેમાં ભારતે ઝિમ્બાબ્વેને ત્રણ ટી-૨૦વાળી સિરીઝની પહેલી મૅચમાં સાત વિકેટે હરાવીને ૧-૦થી સરસાઈ મેળવી લીધી હતી. ભારતે ૧૨૬ રનનો લક્ષ્યાંક (૧૩.૨ ઓવરમાં ૩/૧૨૬ના સ્કોર સાથે) સાત વિકેટના માર્જિનથી અને ૪૦ બૉલ બાકી રાખીને મેળવી લીધો હતો. ભારત વતી ચોથી ટી-૨૦ રમનાર ફાસ્ટ બોલર મયંક યાદવ (૧૮ રનમાં બે વિકેટ)ને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.



મયંક યાદવે ફક્ત ૧૮ રનમાં ટૉપ-ઑર્ડરમાં બે મહત્ત્વની વિકેટ લીધી હતી. (બીસીસીઆઇ)

ભારતીય ટી-૨૦ ટીમે ગયા મહિને વિદેશ પ્રવાસની શરૂઆત આયરલૅન્ડથી કરી હતી જ્યાં ભારતનો ૦-૨થી વાઇટવૉશ થયો હતો. આઇરિશોએ ત્યારે પહેલી જ વખત ભારત સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિજય મેળવ્યો હતો અને સિરીઝ પણ જીતી લીધી હતી. ત્યાર પછી ઇંગ્લૅન્ડમાં શ્રેયસ ઍન્ડ કંપનીનો ૦-૪થી રકાસ થયો હતો.

### ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ, મયંકની પહેલા જ બૉલમાં વિકેટ

આયરલૅન્ડ તથા ઇંગ્લૅન્ડની ટ્વીન ટૂરમાં ભારતે ખાસ કરીને કંગાળ બૅટિંગ પ્રદર્શનને લીધે નાલેશી જોવી પડી હતી. જોકે ગુરુવારે ઝિમ્બાબ્વે સામે ટીમ ઇન્ડિયાએ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી વિજય મેળવ્યો હતો. યજમાન ઝિમ્બાબ્વેને ૨૦ ઓવરમાં ૭/૧૨૫ સુધી ભારતે સીમિત રાખ્યું હતું. સિરીઝના પહેલા જ બૉલમાં ફાસ્ટ બોલર મયંક યાદવે વિકેટ લઈને તરખાટ મચાવી દીધો હતો. તેણે ઓપનર બ્રાયન બેનેટ (૦)ને વિકેટકીપર ઇશાન કિશનના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

થોડી વાર બાદ પ્રિન્સ યાદવે બીજા ઓપનર બેન કરૅન (૧૦ રન)ને વૈભવ સૂર્યવંશીના હાથમાં અને પછીની ઓવરમાં મયંક યાદવે ડિયૉન માયર્સ (૭ રન)ને શિવમ દુબેના હાથમાં કૅચઆઉટ કરાવી દીધો હતો. ત્યારે ટીમનો સ્કોર ત્રણ વિકેટે માંડ ૨૦ રન હતો. ચોથી વિકેટ શિવમ દુબેએ લીધી હતી. તેની પ્રાઇઝ વિકેટમાં કૅપ્ટન સિકંદર રઝા (ચાર રન) સબસ્ટિટ્યૂટ ખેલાડી સૂર્યાંશ શેડગેને કૅચ આપી બેઠો હતો. ત્યાર બાદ ઝિમ્બાબ્વેની ટીમ ફરી બેઠી નહોતી થઈ શકી અને ભારતને ૧૨૬ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો હતો. સાતમી જૂને નૉટિંગમમાં ઇંગ્લૅન્ડ સામે શ્રેયસની ટીમ માત્ર ૭૬ રનમાં ઑલઆઉટ થઈ જતાં ૧૨૫ રનથી શરમજનક પરાજય થયો હતો. જોકે હરારેની પિચ પર ભારતીયોએ ઝિમ્બાબ્વેને ૧૨૫ રન સુધી સીમિત રાખ્યું હતું.

ભારતના પાંચ બોલરમાંથી મયંક યાદવને બે અને પ્રિન્સ યાદવને બે વિકેટ મળી હતી. એક-એક વિકેટ શિવમ દુબે અને રવિ બિશ્નોઈએ મેળવી હતી. એક ખેલાડી દુબે-કિશનના હાથે રનઆઉટ થયો હતો. ફાસ્ટ બોલર અશોક શર્માને વિકેટ નહોતી મળી, પણ તેની ચાર ઓવર બહુ ખર્ચાળ નહોતી. તેની ચાર ઓવરમાં ૨૯ રન બન્યા હતા. વેઝલી માડેવરેના ૩૯ રન ઝિમ્બાબ્વેની ટીમમાં સૌથી વધુ હતા.

### વૈભવનો સિક્સરનો ધોધમાર વરસાદ શરૂ

૧૫ વર્ષીય ઓપનર વૈભવ સૂર્યવંશીએ દાવની શરૂઆતથી જ પરચો બતાવવાનું શરૂ કરી દીધું હતું. તે ઇંગ્લૅન્ડમાં ત્રણેય મૅચમાં નિષ્ફળ (૧૪ રન, ૧૩ રન, ૧૫ રન) ગયો હતો, પણ હરારેમાં તેણે આંતરરાષ્ટ્રીય મૅચમાં પહેલી વખત ૨૦ રનનો આંકડો ઓળંગ્યો હતો. તેણે ગુરુવારે ૧૮ બૉલમાં હાફ સેન્ચુરી પૂરી કરી હતી. તેણે કુલ ૩૨ મિનિટ સુધી ક્રીઝમાં રહીને ૧૯ બૉલમાં ચાર છગ્ગા અને ચાર ચોગ્ગાની મદદથી ૫૦ રન બનાવ્યા હતા અને પેસ બોલર ઍન્ગારાવાના બૉલમાં કટ મારવા જતાં કૅચઆઉટ થયો હતો. વૈભવે દાવની શરૂઆતમાં (ઍન્ગારાવાની) બીજી ઓવરમાં ૬, ૪, ૬ના શૉટ સાથે સ્ટેડિયમ ગજવી નાખ્યું હતું. પછીથી તેણે વધુ બે છગ્ગા ફટકાર્યા હતા. તેણે એક સિક્સરમાં બૉલ બૅકવર્ડ સ્કવેર લેગ પરથી, બીજી સિક્સરમાં લૉન્ગ ઑફ પરથી, ત્રીજી સિક્સરમાં બૉલ ફાઇન લેગ પરથી અને ચોથી (૯૦ મીટર ઊંચી) સિક્સરમાં બૉલ લૉન્ગ ઑન પરથી બાઉન્ડરી લાઇનની બહાર મોકલ્યો હતો.

વિકેટકીપર ઇશાન કિશને ૩૫ રન, શ્રેયસે અણનમ ૨૮ રન અને તિલક વર્માએ અણનમ ૭ રન બનાવ્યા હતા. એ પહેલાં, ઓપનર અભિષેક શર્મા પોતાના ફક્ત એક રનના સ્કોર પર આઉટ થઈ ગયો હતો. ઝિમ્બાબ્વે વતી પેસ બોલર બ્લેસિંગ મુઝરબાનીએ બે અને રિચર્ડ ઍન્ગારાવાએ એક વિકેટ મેળવી હતી.

બીજી ટી-૨૦ શનિવારે (સાંજે ૪.૩૦ વાગ્યાથી) હરારેમાં જ રમાશે. એ મૅચ જીતીને શ્રેયસની કૅપ્ટન્સીમાં ભારતને પહેલી વખત સિરીઝ જીતવાનો મોકો મળશે. ■

## કૉમનવેલ્થ ગેમ્સ

# ભારતની વિજયી શરૂઆતઃ બૉવ્લ્સ રમતની પ્રથમ મૅચમાં મેળવ્યો વિજય

ગ્લાસગો (સ્કૉટલૅન્ડ): અહીં કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતે વિજયી આરંભ કર્યો છે. બૉવ્લ્સ નામની રમતમાં ભારતની મહિલા જોડીએ માલ્ટાને રોમાંચક ટાઇ-બ્રેકમાં હરાવીને પછીના રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.




બૉવ્લ્સની રમતમાં વપરાતો બૉલ ખાસ ડિઝાઇનથી બનાવેલો હોય છે અને એની અંદર અસંતુલિત સામગ્રી ભરવામાં આવી હોય છે. હરીફાઈ દરમ્યાન સ્પર્ધક દ્વારા આ બૉલને ઘાસની અથવા સિન્થેટિક ટર્ફ (ગ્રીન મૅટ) પર સામે મૂકવામાં આવેલા નાના કદના 'જૅક' તરીકે ઓળખાતા બૉલ તરફ ફેંકવામાં આવે છે. જે સ્પર્ધક પોતાના બૉલને ટાર્ગેટવાળા નાના કદના બૉલ (જૅક)ની વધુ નજીક (હરીફ ખેલાડીના બેસ્ટ બૉલ કરતાં વધુ નજીક) મોકલે એ ખેલાડીને એક પૉઇન્ટ મળે છે. એ રીતે દરેક સ્પર્ધકને પૉઇન્ટ મળતા જાય છે. સિંગલ્સમાં જે ખેલાડી પહેલાં ૨૧ પૉઇન્ટ મેળવે એનો વિજય થયો કહેવાય. આ રમતની ડબલ્સની (પેર્સ) મૅચ પણ રમાય છે.

રૂપા રાની તિર્કે (લીડ) અને પિન્કી (સ્કિપ)એ પ્રથમ સેટ ૭-૧થી જીતી લીધો હતો. જોકે બીજા સેટમાં ૩-૪થી હાર જોઈ હતી. ટાઇ-બ્રેકમાં ભારતે પિન્કીના ફાઇનલ બૉલની મદદથી વિજય મેળવી લીધો હતો. ■

### સોનોવાલે ભૂતપૂર્વ વિશ્વવિજેતાને હરાવ્યો

કૉમનવેલ્થ ગેમ્સમાં લૉન બૉવ્લ્સ નામની રમતની મૅચમાં આસામના એશિયન ચૅમ્પિયન પુતુલ સોનોવાલે ગુરુવારે ૨૦૨૩ના વર્લ્ડ ચૅમ્પિયન કૅનેડાના રાયન બેસ્ટરને હરાવીને સનસનાટી મચાવી દીધી હતી. પહેલી જ વખત આ રમતોત્સવમાં ભાગ લઈ રહેલા સોનોવાલે પ્રથમ સેટ ૫-૪થી જીતી લીધા બાદ બીજો સેટ ૩-૭થી ગુમાવ્યો હતો. જોકે ટાઇબ્રેકરમાં સોનોવાલે જીતીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. તે બીજા રાઉન્ડમાં ફૉકલૅન્ડ ટાપુના સેસિલ ઍલેક્ઝાંડર સામે રમશે. ■

# રોહિતના સંભવિત સંન્યાસ પર કપિલનું મહત્ત્વનું નિવેદન, 'હિટમૅન'ને કદાચ નહીં ગમ્યું હોય

નવી દિલ્હીઃ ટીમ ઇન્ડિયાના દિગ્ગજ ઓપનર રોહિત શર્માની સંભવિત નિવૃત્તિને લઈને જોરદાર ચર્ચા થઈ એ દરમ્યાન બીસીસીઆઇ તથા ટીમ મૅનેજમેન્ટનો અભિગમ અલગ છે, પરંતુ ભૂતપૂર્વ કૅપ્ટન કપિલ દેવે રવિવારે ચોંકાવી દે એવું નિવેદન આપ્યું હતું. કપિલે કહ્યું હતું કે ભારતીય ટીમમાં વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા દિગ્ગજ ખેલાડીઓનું સ્થાન પણ 'પાક્કું' ન હોઈ શકે, પરંતુ જ્યાં સુધી આ અનુભવી બૅટ્સમેન સારું પ્રદર્શન કરતા રહે ત્યાં સુધી તેમને રમવાનો મોકો મળવો જોઈએ.

'હિટમૅન' તરીકે ઓળખાતો ૩૯ વર્ષનો રોહિત અને 'કિંગ કોહલી' તરીકે જાણીતો ૩૭ વર્ષનો વિરાટ શાનદાર આંતરરાષ્ટ્રીય કારકિર્દીના અંતિમ તબક્કામાં રહેતાં તેમના ક્રિકેટ ભાવિ વિશે જાત જાતની અટકળ થતી હતી. જોકે ઇંગ્લૅન્ડ સામેની ત્રણ મૅચની વન-ડે સિરીઝની શરૂઆતની બે મૅચમાં ખરાબ પ્રદર્શનને લીધે રોહિતના ક્રિકેટ ભાવિ સામે સવાલ કરવામાં આવી રહ્યા હતા. તેણે સિરીઝની પ્રથમ મૅચમાં ૧૧ રન અને બીજી મૅચમાં ૨૬ રન બનાવ્યા હતા.

કપિલ દેવે કહ્યું હતું કે 'ક્રિકેટમાં ક્યારેય પણ કોઈનું સ્થાન સ્થાયી નથી હોતું. જે સતત સારું રમે એને જ રમવા મળે છે. તે કયો ખેલાડી છે એનાથી કોઈ ફરક નથી પડતો. મારું માનવું છે કે પ્રદર્શન પર નજર રાખો અને જે ખેલાડી જ્યાં સુધી સારું રમે ત્યાં સુધી તેને રમવા દો.'

કપિલ દેવે એવું પણ કહ્યું હતું કે 'સિનિયર ખેલાડીઓના ભવિષ્યનો ફેંસલો કરવાનો અધિકાર સિલેક્ટરો અને ટીમ મૅનેજમેન્ટ પાસે છે. સચિન તેન્ડુલકરે જ્યારે સંન્યાસ લીધો ત્યારે તેનામાં ઘણું ક્રિકેટ બાકી હતું. આપણે જે મુદ્દે વાત કરી રહ્યા છીએ એમાં નિર્ણય લેવાનું કામ સિલેક્ટરોનું છે. હું એવું ન કહું કે કોને ટીમની બહાર રાખવો જોઈએ. એ કામ પસંદગીકારો અને ટીમ મૅનેજમેન્ટનું છે. હું તો માત્ર ટીવી પર મૅચ જોઈને મંતવ્ય આપી શકું. મારું એ પણ માનવું છે કે ભારત માટે સર્વશ્રેષ્ઠ ટીમ સિલેક્ટ કરવામાં આવશે એવો ભરોસો સિલેક્ટરો પર રાખવો જોઈએ. ટીમ હારે ત્યારે પણ આપણે તેમને જ સપોર્ટ કરવો જોઈએ. રોહિત કંઈ ૨૦ વર્ષનો નથી. તે લગભગ ૪૦ વર્ષનો છે અને દરેક ખેલાડીએ એક દિવસ સંન્યાસ લેવો જ પડતો હોય છે. જોકે તેણે માત્ર ભારતને નહીં, પણ દુનિયાભરના ક્રિકેટપ્રેમીઓને જે ખુશી આપી એ બદલ તેને સલામ.' ■

# સૂર્યવંશીને ચાર મહિને હરારે ફરી ફળ્યું

## છેલ્લા ચાર મહિનામાં અનેક ઉતાર-ચઢાવ આવ્યા, પરંતુ મારો આત્મવિશ્વાસ અકબંધઃ વૈભવ

હરારેઃ વૈભવ સૂર્યવંશીએ ગુરુવારે હરારેના મેદાન પર ચાર છગ્ગા અને ચાર ચોગ્ગાની ફાંકડી ફટકાબાજી કરીને ભારતને ઝિમ્બાબ્વે સામેની પ્રથમ ટી-૨૦માં જિતાડ્યું હતું.

ચાર મહિના પહેલાં, આ જ મેદાન પર તેણે અન્ડર-૧૯ વન-ડે વર્લ્ડ કપમાં ઇંગ્લૅન્ડ સામેની ફાઇનલમાં ૧૫ સિક્સર અને ૧૫ ફોરની મદદથી માત્ર ૮૦ બૉલમાં ૧૭૫ રનની યાદગાર ઇનિંગ્સની મદદથી ભારતને ૯/૪૧૧નો તોતિંગ સ્કોર અપાવ્યો હતો અને ભારતે છેવટે ૧૦૦ રનથી શાનદાર વિજય મેળવ્યો હતો. ત્યારે (છઠ્ઠી ફેબ્રુઆરીએ) તે મૅન ઑફ ધ ફાઇનલ અને મૅન ઑફ ધ ટૂર્નામેન્ટના બે પુરસ્કાર સાથે મેદાનની બહાર આવ્યો હતો અને ગુરુવારે એ જ મેદાન પર તેણે ભારત વતી પ્રથમ હાફ સેન્ચુરી ફટકારી હતી.



ભારતના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ સ્વીકાર કર્યો હતો કે છેલ્લા ચાર મહિનામાં તેની કારકિર્દીમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા છે, પરંતુ ગુરુવારથી શરૂ થયેલી ઝિમ્બાબ્વે સામેની ટી-૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી પહેલા તેનો આત્મવિશ્વાસ અકબંધ હતો.

સૂર્યવંશીએ કહ્યું હતું કે ''આ મેદાન મારા માટે ખૂબ જ યાદગાર છે. અમે અહીં માત્ર ચાર મહિના પહેલા અંડર-૧૯ વર્લ્ડ કપ ફાઇનલ જીતી હતી તેથી તે મારા માટે ખૂબ જ ખાસ મેદાન છે.'' ■

### વૈભવ સૂર્યવંશી બન્યો ટી-૨૦નો યંગેસ્ટ હાફ સેન્ચુરિયન

વૈભવ સૂર્યવંશી ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં સૌથી નાની વયે હાફ સેન્ચુરી ફટકારનાર ખેલાડી બન્યો છે. ૧૫ વર્ષીય વૈભવે ૧૮ બૉલમાં ૫૦ રન પૂરા કર્યા હતા. તેણે ટી-૨૦ના ગુરુવાર પહેલાંના યંગેસ્ટ હાફ સેન્ચુરિયન નેપાળના કુશાલ મલ્લાનો વિક્રમ તોડ્યો હતો. કુશાલે ૧૫ વર્ષ, ૩૪૦ દિવસની ઉંમરે ફિફ્ટી ફટકાર્યા હતા, જ્યારે વૈભવની ઉંમર ૧૫ વર્ષ, ૧૧૮ દિવસની છે. ■

# 'હૅન્ડ ઑફ ગૉડ' પછી હવે આવી ગયો 'પુશ ઑફ ગૉડ' ગોલ! જાણો, આખી રસપ્રદ ઘટના

ન્યૂ યૉર્કઃ ૧૯૮૬માં (૪૦ વર્ષ પૂર્વે) ફિફા વર્લ્ડ કપની ઇંગ્લૅન્ડ સામેની ક્વૉર્ટર ફાઇનલમાં આર્જેન્ટિનાના ફૂટબૉલ-લેજન્ડ ડિયેગો મૅરડોનાના હાથને લાગ્યા બાદ જે ગોલ થયો હતો એ 'હૅન્ડ ઑફ ગૉડ' તરીકે જગવિખ્યાત છે અને હવે રવિવારે ન્યૂ યૉર્કમાં આર્જેન્ટિના સામેની વિશ્વ કપની રોમાંચક ફાઇનલમાં સ્પેનના ફેરન ટૉરેસે જે ગોલ કર્યો હતો એ 'પુશ ઑફ ગૉડ' તરીકે ઓળખાય છે.



૧૯૮૬માં મૅરડોનાના હાથને વાગ્યા બાદ જે ગોલ થયો હતો એ 'ગોલ ઑફ ધ સેન્ચુરી' તરીકે પણ ઓળખાય છે. મૅરડોનાના એ ગોલથી આર્જેન્ટિનાએ ઇંગ્લૅન્ડ સામે ૧-૦ની સરસાઈ લીધી હતી અને છેવટે એ મૅચ ૨-૧થી જીતી લીધી હતી. બન્યું એવું કે મૅરડોનાના ડાબા હાથને વાગ્યા બાદ બૉલ નેટમાં ગયો હતો અને એને સત્તાવાર ગોલ ગણવામાં આવ્યો હતો. રેફરી તેમ જ તેમના મદદનીશો બૉલને હાથ વાગ્યો હોવાનું સ્પષ્ટપણે જોઈ નહોતા શક્યા અને એ વર્ષોમાં ટેક્નોલૉજી પણ વર્તમાન જેવી નહોતી એટલે એને સત્તાવાર ગોલ ગણવામાં આવ્યો હતો.

### મૅરડોનાએ મજાકમાં કહ્યું હતું કે...

એ મૅચ બાદ એક મુલાકાતમાં મૅરડોનાને એ ગોલ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે મજાકમાં કહેલું, 'બૉલને થોડું મારું માથું વાગ્યું અને થોડા ઈશ્વરના હાથની પણ કમાલ હતી.' ઇંગ્લૅન્ડ-આર્જેન્ટિના વચ્ચે ફૉકલૅન્ડ ટાપુ માટેના યુદ્ધના એ સમયગાળામાં મૅરડોનાના એ ગોલનો ખૂબ વિવાદ થયો હતો.

### રવિવારની ફાઇનલમાં ગોલ કેવી રીતે થયો?

રવિવારે ન્યૂ જર્સી સ્ટેડિયમમાં બન્યું એવું કે સ્પેન અને આર્જેન્ટિના વચ્ચેની ફાઇનલમાં ૯૦ મિનિટની આખી મુખ્ય મૅચમાં બન્ને ટીમ વતી એકેય ગોલ નહોતો થયો. ૦-૦ના સ્કોર સાથે એક્સ્ટ્રા-ટાઇમ શરૂ થયો હતો અને ૧૦૬મી મિનિટમાં સ્પેનના ફેરન ટૉરેસે ગોલ કરીને સ્પેનને જીત અપાવી હતી. એ ગોલ આર્જેન્ટિનાના એક ખેલાડીની ભૂલને કારણે થયો હતો. સ્પેનના ટીનેજ ખેલાડી લેમિન યમાલે ગોલપોસ્ટની જમણી દિશામાંથી બે ડિફેન્ડરોની નજર સામે સાથી ખેલાડીને બૉલ પાસ કર્યો હતો. એ ખેલાડીએ જમણા પગથી કિક મારીને બૉલ સીધો ગોલપોસ્ટ તરફ મોકલ્યો હતો. ત્યારે હવામાં ગોલપોસ્ટ તરફ આવી રહેલા બૉલને પોતાના કબજામાં લેવાના ઇરાદાથી આર્જેન્ટિનાના ખેલાડીએ નજીકમાં ઊભેલા સ્પૅનિશ ખેલાડીને ધક્કો માર્યો હતો (પુશ કર્યો હતો). જોકે એ સ્પૅનિશ સ્ટ્રાઇકરે હેડરથી બૉલને પાછળની દિશામાં મોકલ્યો હતો અને ત્યાં ઊભેલા ફેરન ટૉરસે ડાબા પગથી કિક લગાવીને બૉલ સીધો નેટમાં મોકલી દીધો હતો. આ યાદગાર ગોલ થતાં જ સ્પૅનિશ ખેલાડીઓનો આનંદોત્સવ શરૂ થઈ ગયો હતો અને આર્જેન્ટિનાના ખેલાડીઓના ઉદાસ સમયની શરૂઆત થઈ ગઈ હતી. ■

# ભારતીય જૂડો-સ્પર્ધક સ્કૉટલૅન્ડ જાય એ પહેલાં જ કૉમનવેલ્થની બહાર થયો

ગ્લાસગોઃ સ્કૉટલૅન્ડના પાટનગરમાં ૨૩મી કૉમનવેલ્થ ગેમ્સ શરૂ થાય એ પહેલાં જ ભારતીય ઍથ્લીટોના સંઘને એક મોટો ઝટકો લાગ્યો છે. જૂડોની હરીફાઈના અરુણ કુમાર નામના સ્પર્ધકનો આ સ્પર્ધાની બહારનો ડ્રગ્સ ટેસ્ટને લગતો રિપોર્ટ પૉઝિટિવ આવતાં તેણે આ રમતોત્સવમાંથી પોતાનું નામ પાછું ખેંચી લેવું પડ્યું છે. ભારતના જૂડો સ્પર્ધકોની હરીફાઇ છેક ૩૧મી જુલાઈએ શરૂ થવાની હોવાથી ભારતના જૂડો સ્પર્ધકો હજી હવે ભારતથી રવાના થશે. ૨૧ વર્ષનો અરુણ કુમાર ૭૩ કિલો વર્ગની હરીફાઈમાં ભાગ લેવાનો હતો. તેણે ગયા વર્ષે તાઇપેઇની એશિયન ઓપનમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. આ પહેલાં ગયા મહિને કિન્ગડૉ ગ્રાં પ્રિ નામની સ્પર્ધામાં ભાગ લીધો હતો.

આ વખતે તેનું પ્રતિબંધિત નશીલી દવા સંબંધમાં જે પરીક્ષણ કરવામાં આવ્યું એમાં તેનો રિપોર્ટ પૉઝિટિવ આવતાં નૅશનલ ઍન્ટિ-ડોપિંગ એજન્સી (નાડા)એ તેને હાલપૂરતો સસ્પેન્ડ કર્યો છે. તેણે એક પ્રકારની ઍનાબૉલિક સ્ટેરૉઇડ લીધું હતું.

આ અગાઉ, ૨૦૨૨ની કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતે જૂડોમાં ત્રણ મેડલ (બે સિલ્વર, એક બ્રૉન્ઝ) જીતી લીધા હતા. આ વખતે ભારતની જૂડો ટીમમાં શરૂઆતમાં કુલ ૧૪ સ્પર્ધક હતા જેમાં સાત પુરુષ અને સાત મહિલા સ્પર્ધક હતા. જોકે પુરુષોની ટીમમાં હવે છ મેમ્બર થઈ ગયા છે. ■

# 'આ ટીમમાં નિષ્ફળતાના ડરને કોઈ સ્થાન નથી': કેપ્ટન શ્રેયસ



હરારેઃ ભારતીય ક્રિકેટ ટીમનો કેપ્ટન શ્રેયસ ઐય્યર ઇચ્છે છે કે તેના ખેલાડીઓ નિડર થઈને ક્રિકેટ રમે અને ઈંગ્લેન્ડમાં ટીમના ખરાબ પ્રદર્શન બાદ ટીકાઓથી દબાઈ જાય નહીં. ઐય્યરનું કહેવું છે કે તાજેતરની મુશ્કેલીઓએ ઝિમ્બાબ્વે સામેની ત્રણ મેચની ટી-૨૦ શ્રેણી પહેલા નજીક લાવી દીધી છે.

ભારત ઇંગ્લેન્ડ અને આયરલેન્ડમાં એક પણ જીત વિના ઝિમ્બાબ્વે પહોંચ્યું છે, પરંતુ ઐય્યરે કહ્યું કે ટીમે એવા ક્ષેત્રોની ઓળખ કરી છે જેમાં તેને સુધારો કરવાની જરૂર છે. અહીં પ્રથમ ટી-૨૦ મેચના એક દિવસ અગાઉ ઐય્યરે કહ્યું કે ''ઇંગ્લેન્ડમાં અમારો મુશ્કેલ સમય હતો, પરંતુ તેમાંથી ઘણા સકારાત્મક પાસાઓ હતા. મેદાનમાં ઊતર્યા પછી અમને ખબર પડી કે આગળ જતાં ટીમ તરીકે આપણે શું કરવાનું છે અને મેદાન પર ઉતર્યા બાદ અમારે કેવા પ્રકારની માનસિકતા, જાગૃતિ અને પરિસ્થિતિઓ સાથે અનુકૂળ થવાનું છે.''

પ્રથમ વખત ઝિમ્બાબ્વેનો પ્રવાસ કરી રહેલા કેપ્ટને કહ્યું કે સૌથી મોટો પડકાર ટૂંકા ગાળામાં પરિસ્થિતિઓમાં અનુકૂળ થવાનો રહેશે. અમારામાંથી કેટલાક અહીં પહેલી વાર રમી રહ્યા છે, તેથી જેટલી ઝડપથી અમે અનુકૂળ થઈશું તેટલા સારા પરિણામો આપણને મળશે.''

ઐય્યરે ટીમના યુવા સભ્યોને ભારતના પ્રદર્શન બાદ તાજેતરમાં થયેલી સમીક્ષા છતાં નિષ્ફળતાના ડર વિના રમવા માટે પણ વિનંતી કરી હતી. તેણે કહ્યું કે ''મને નથી લાગતું કે તેઓએ નિષ્ફળતાથી ડરવું જોઈએ, કારણ કે જ્યારે તમારા મનમાં આવા વિચારો હોય છે ત્યારે તમે પોતાને બચાવવા માટે રમો છો, જ્યારે તમને તે ડર નથી હોતો ત્યારે તમે તમારી જાતમાંથી શ્રેષ્ઠ મેળવી શકો છો. આપણે બહારના લોકો શું કહી રહ્યા છે તે વિશે વધુ વિચારવાની જરૂર નથી. આપણે વર્તમાનમાં રહેવું પડશે. આપણે જેટલું સારું ક્રિકેટ રમીશું અને એક ટીમ તરીકે સાથે રમીશું, તેટલું જ તે ટીમ માટે સારું રહેશે.'' ■

# સ્પેન અને આર્જેન્ટિના વચ્ચેની ફિફા વર્લ્ડ કપ ફાઇનલ આશરે ૬ કરોડ લોકોએ જોઈ

ન્યૂયોર્કઃ ફિફા વર્લ્ડકપ અમેરિકા, મેક્સિકો અને કેનેડામાં યોજાયો હતો. ૧૬ સ્ટેડિયમમાં રમાયેલા વર્લ્ડકપમાં ૧૦૪ મેચો રમાઈ હતી અને ૪૮ ટીમોએ ભાગ લીધો હતો. ફોક્સે મંગળવારે જણાવ્યું હતું કે સ્પેન-આર્જેન્ટિના વચ્ચે રમાયેલી ફાઈનલ મેચને ૩.૮૯ કરોડ દર્શકોએ જોઈ હતી જેમાં સૌથી વધુ ૫.૧૬ કરોડ દર્શકો એક સાથે જોડાયા હતા. નીલ્સન મીડિયા રિસર્ચ અનુસાર, અમેરિકાના ઇતિહાસમાં સૌથી વધુ જોવાયેલી અંગ્રેજી ભાષામાં પ્રસારિત થયેલી ફૂટબોલ મેચ બની ગઈ હતી. ફાઈનલમાં સ્પેને એક્સ્ટ્રા ટાઈમમાં ૧-૦ થી જીત મેળવી હતી.

ટેલીમુન્ડોના સ્પેનિશ ભાષાના પ્રસારણના પ્રારંભિક આંકડાઓ અનુસાર, ફાઈનલ મેચ કુલ ૨.૨૬ કરોડ લોકોએ જોઈ હતી જેનાથી અમેરિકામાં કુલ દર્શકોની સંખ્યા ૬ કરોડથી વધી ગઈ હતી. આર્જેન્ટિનાના લિયોનેલ મેસ્સી, ફ્રાન્સના કિલિયન એમ્બાપ્પે અને નોર્વેના એર્લિંગ હાલેન્ડ જેવા સ્ટાર ખેલાડીઓ ઉત્તર અમેરિકામાં ખૂબ લોકપ્રિય થઈ ગયા છે. અમેરિકાની ટીમ બહાર થયા પછી પણ અમેરિકામાં ટેલિવિઝન રેટિંગ ઊંચું રહ્યું અને ટિકિટના ઊંચા ભાવ હોવા છતાં મોટાભાગની મેચમાં સ્ટેડિયમ ભરચક રહ્યા હતા. ફીફાના પ્રમુખ ગિયાની ઇન્ફન્ટિનોએ રવિવારે યજમાન દેશોની પ્રશંસા કરી હતી.

ફોક્સે તેના પ્લેટફોર્મ પર તમામ ૧૦૪ મેચોનું અંગ્રેજીમાં પ્રસારણ કર્યું અને રાઉન્ડ ઓફ ૧૬માં બેલ્જિયમ દ્વારા અમેરિકાને બહાર કર્યા પછી પણ અમેરિકન દર્શકોની સંખ્યા વધુ રહી હતી. ટેલીમુન્ડો પર સ્પેનિશ પ્રસારણ પણ એક લોકપ્રિય વિકલ્પ હતો.

ફિફાના પ્રમુખે કહ્યું કે સ્ટેડિયમમાં દર્શકોની રેકોર્ડ સંખ્યા રહી હતી. લગભગ ૭ મિલિયન મારો મતલબ છે કે સત્તાવાર આંકડા ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે પરંતુ કદાચ ૬ બિલિયનથી વધુ લોકોએ તેને ઘરેથી જોઈ હતી. ■

# વરસાદનો હાહાકાર

## મોડક સાગર ઓવરફ્લોઃ દરવાજો ખોલવો પડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈને પાણી પૂરું પાડતાં સાત જળાશયોમાં મહત્ત્વનું ગણાતું મોડક સાગર ઉપરવાસમાં ભારે વરસાદને કારણે બુધવારની મધરાતે છલકાયું હતું. આ તળાવમાંથી રોજ ૧૧.૨૨ ટકા પાણીપુરવઠો કરવામાં આવતો હોવાથી તેના ઓવરફ્લોના સમાચાર મુંબઈગરાં માટે આનંદના ગણી શકાય.

મુંબઈ મહાનગરપાલિકાના જણાવ્યા મુજબ વિહાર, તુલસી અને તાનસા બાદ ચોથું જળાશય મોડક સાગર મધરાતે ૨.૦૭ વાગ્યે છલકાવા લાગ્યું હતું. ધોધમાર વરસાદને કારણે કૅચમેન્ટ એરિયામાં (જુઓ પાનું ૪)

## થાણે જિલ્લાને વરસાદે ધમરોળ્યું

### કલ્યાણમાં મહત્ત્વના પુલો પર પાણી ફરી વળતાં ટ્રાફિક જૅમઃ બદલાપુરમાં વીજળીના ૨૭ થાંભલા ઊખડી પડતાં રહેવાસીઓ અંધારામાં

મુંબઈઃ થાણે જિલ્લાના અનેક ભાગોમાં બુધવાર રાતથી સતત વરસાદ વરસતો હોવાથી ઝાડ પડવાની અને વીજળીના થાંભલા ઊખડી પડવાની અનેક ઘટનાઓ નોંધાઈ હતી. કલ્યાણ તાલુકામાં તો મહત્ત્વના પુલો પાણીમાં સમાઈ ગયા હોવાથી ટ્રાફિકની સમસ્યા મોટે પાયે નિર્માણ થઈ હતી.

થાણે શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૯.૩૨ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી. આ સીઝનમાં અત્યાર સુધીમાં ૧,૮૯૩.૭૮ મિ.મી. વરસાદની નોંધ થઈ છે, જેની સામે (જુઓ પાનું ૪)



## નાશિકમાં મુશળધાર વરસાદને પગલે ગોદાવરી નદી જોખમી સ્તરે

નાશિકઃ મહારાષ્ટ્રના નાશિક જિલ્લામાં છેલ્લા બે દિવસથી સતત પડી રહેલા વરસાદને પગલે ગોદાવરી સહિત નાશિકની અન્ય નદીઓના જળસ્તરમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો અને ગોદાવરી નદી ટૂંક સમયમાં જોખમી સપાટી વળોટી જાય એવી સંભાવના સંબંધિત અધિકારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી.

નાશિક શહેરમાં ગુરુવારે સવારે ૮.૩૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં ૧૦૦.૬ મિમી વરસાદ નોંધાયો હતો અને હવામાન વિભાગે આગામી ૨૪ કલાક માટે ઓરેન્જ અલર્ટની ચેતવણી આપી હોવાથી અનેક સ્થળે ભારે વરસાદની શક્યતાઓ જોવાઈ રહી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલાં લેવામાં આવી રહ્યાં છે.

મુશળધાર વરસાદને પગલે જળસ્તરમાં વધારો થતાં ગંગાપુર ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું હતું, જેને પગલે ગોદાવરી નદીમાં જળસ્તર વધ્યું હતું. ગોદાવરીમાં વધેલા જળસ્તરની અસર જિલ્લાની અન્ય નદીઓ દારણા, ગિરણા અને કડવા નદીઓ પર પણ જોવા મળ્યું હતું અને તેમાં પણ જળસ્તર ભયજનક સપાટી સુધી પહોંચી ચૂક્યું છે.

રામકુંડ પરિસરના નાનાં મંદિરો અને ગોદાવરી નદીના કિનારે આવેલો ગોદા ઘાટ પાણીમાં ડૂબી ગયા હતા. પ્રખ્યાત 'દુતોંડ્યા મારુતિ'ની મૂર્તિ પણ છાતી સમા પાણી સુધી ડૂબી ગઈ હતી.શહેરના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે ટ્રાફિક જામ થયો હતો. શહેરના ઘણા ભાગોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી.

પાલખેડ, હરણબારી, નંદુર મધમેશ્વર બંધ અને ગંગાપુર સહિત વિવિધ બંધોમાંથી પાણી છોડવામાં (જુઓ પાનું ૪)

## પાલઘરમાં પાણી જ પાણી

### સ્કૂલો બંધ રહીઃ ૮૯૧ જણને ઉગારાયાઃ અમુક ગામોમાં અંધારપટઃ એનડીઆરએફની મદદ લેવાઈ

મુંબઈઃ ચોમાસાની શરૂઆતથી જ પાલઘર જિલ્લામાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થતું રહ્યું છે તેમાં બુધવારની રાતથી વરસેલા વરસાદે ફરી આ જિલ્લાને ધમરોળી નાખ્યું હતું. પાણી ભરાવાને કારણે અમુક ગામોમાં અંધારપટ છવાયું હતું તો ગુરુવારે સ્કૂલો બંધ રાખવી પડી. મોટા ભાગના વિસ્તારો જળબંબોળ થતાં, નદી-નાળાં ઊભરાતાં અને ભેખડ ધસી પડવાની ઘટનાને પગલે અનેક માર્ગો વાહનવ્યવહાર માટે બંધ રહ્યા હતા. દહાણુ-તલાસરીમાં એનડીઆરએફની મદદ લેવામાં આવી હતી તો લગભગ ૯૦૦ લોકોને ઉગારાયા હતા.

દરિયાકાંઠેના પાલઘર જિલ્લામાં રાતથી જ વરસાદનું જોર વધુ રહ્યું હતું અને ગુરુવારે રેડ અલર્ટને પગલે ધોધમાર વરસાદ વરસ્યો હતો. તોફાની પવન સાથે જોરદાર વરસાદની આગાહી હવામાન ખાતાએ કરી હોવાથી ગુરુવારે જિલ્લાની શાળાઓમાં રજા જાહેર કરાઈ હતી.

પાલઘર જિલ્લાનાં કલેક્ટર ડૉ. ઈન્દુ રાની જાખરે જણાવ્યું હતું કે અનરાધાર વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ (જુઓ પાનું ૪)

## દહાણુ અને વલસાડ વચ્ચે ટ્રેનસેવા પ્રભાવિત

પાલઘરઃ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં ભારે વરસાદને પગલે ગુરુવારે સવારે દહાણુ રોડ અને ગુજરાતના વલસાડ વચ્ચે પશ્ચિમ રેલવેનો વ્યવહાર ખોરવાયો હતો. ઉમરગામ અને ઘોલવડ વચ્ચેની નદીમાં પૂર ભયજનક સપાટીએ પહોંચી જતાં કેટલોક સમય માટે ટ્રેન વ્યવહાર રોકી દેવામાં આવ્યો હતો, ત્યારબાદ આ સેક્શનમાં નિયંત્રિત પદ્ધતિએ ટ્રેનસેવા ચલાવવામાં આવી રહી છે. પશ્ચિમ રેલવે દ્વારા સવારે ૮.૩૫ વાગ્યે અપાયેલી માહિતી મુજબ મુસાફરોની સંપૂર્ણ સલામતી સુનિશ્ચિત કરવા માટે સાવચેતીના પગલા તરીકે ટ્રેન સેવાઓ રદ કરવામાં આવી હતી.તેમાં કહેવામાં આવ્યું હતું કે ઉમરગામ રોડ અને ઘોલવડ વચ્ચેના પુલ નંબર ૨૦૩ પર નદીના પાણીનું સ્તર ભયજનક સપાટીએ પહોંચતા સવારે ૪.૪૩ વાગ્યે સેવાઓ (જુઓ પાનું ૪)

## સીજેપી આંદોલન

## વિદ્યાર્થીઓ - વાલીઓના રોષને વ્યક્ત કરવા માટે ઉદ્ધવ - રાજનો રવિવારે મુંબઈમાં મોરચો



મુંબઈઃ શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાએ (મનસે) પ્રમુખ રાજ ઠાકરેએ રવિવાર ૨૬ જુલાઈએ 'નીટ' પેપર લીક તેમજ કથિત પોલીસ અત્યાચારને પગલે થયેલા વ્યાપક વિરોધના સંદર્ભે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓનો રોષ વ્યક્ત કરવા માટે મોરચો કાઢવાની જાહેરાત ગુરુવારે કરી હતી.

પત્રકાર પરિષદમાં ઉદ્ધવે કહ્યું હતું કે 'સરકાર નિર્દય છે પરંતુ વિદ્યાર્થીઓ હવે કોઈથી ડરતા નથી.શું વડા પ્રધાન વિદ્યાર્થીઓ પર હુમલો કરનારા અને મહિલા વિરોધીઓના કપડાં ફાડનારા પોલીસકર્મીઓની જવાબદારી લેશે? લોકો વર્ષોથી દબાયેલા ગુસ્સાને વ્યક્ત કરવા માંગે છે અને અમે માધ્યમ પૂરું પાડી રહ્યા છીએ.' ઉદ્ધવે એમ પણ જણાવ્યું હતું કે તેમણે લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સાથે તેમના (જુઓ પાનું ૪)

## પગ નીચે રેલો આવે એટલે વિપક્ષ ચર્ચા ટાળે છેઃ ફડણવીસનો આરોપ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે વિરોધ પક્ષ પર શિક્ષણ અને પરીક્ષા સુધારા પર ચર્ચા કરવાથી દૂર રહેવાનો આરોપ મૂક્યો હતો, કારણ કે ચર્ચામાં સહભાગી થયા પછી આ પક્ષોએ તેમના શાસિત રાજ્યોમાં પેપર લીક કૌભાંડો અંગે જવાબ આપવો પડશે.

નરેન્દ્ર મોદી સરકારની કામગીરીનો બચાવ કરતા ફડણવીસે કહ્યું હાલ કેન્દ્રીય શિક્ષણ બજેટ અગાઉની કૉંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર દરમિયાન લગભગ રૂ. ૮,૦૦૦ કરોડથી વધીને હવે રૂ. ૧.૩૯ લાખ કરોડ થઈ ગયું છે.

ફડણવીસે ધ્યાન દોર્યું હતું કે કેન્દ્રએ આઈઆઈટી અને એઆઈઆઈએમએસ જેવી અગ્રણી સંસ્થાઓનો વિસ્તાર કરી બેઠકોની સંખ્યામાં વધારી છે તેમજ તબીબી, એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટ શિક્ષણમાં વધુ તક ઉભી કરી છે. શિક્ષણ પર ચર્ચા કરવાની વિપક્ષમાં હિંમત નથી કારણ કે તેમને કર્ણાટક, તેલંગાણા, પંજાબ અને રાજસ્થાનમાં પેપર લીક અંગે ખુલાસો કરવો પડશે. તેમની સરકારના દરેક કૌભાંડ બહાર (જુઓ પાનું ૪)

### મુંબઈમાં પરવાનગી વિના આંદોલન

## પાંચ દિવસમાં ૧૫ એફઆઈઆર, ૪00 વિરુદ્ધ ગુનો

મુંબઈઃ મુંબઈમાં ચાલી રહેલા આંદોલન સંદર્ભે પોલીસે ૧૮થી ૨૩ જુલાઇ વચ્ચે પંદર એફઆઇઆર દાખલ કરીને ૪૦૦થી વધુ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. ગેરકાયદે એકઠા થવા તેમ જ પ્રતિબંધાત્મક આદેશનું ઉલ્લંઘન કરવાનો તેમના પર આરોપ છે.

મુંબઈમાં વિવિધ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કરવામાં આવ્યા છે અને એફઆઇઆરમાં જેમનાં નામ છે તેમને નોટિસ ફટકારવામાં આવી હતી અને તેમને બાદમાં જવા દેવાયા હતા. નવી દિલ્હીમાં કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી) પ્રેરિત વિદ્યાર્થીઓના આંદોલનના મુંબઈમાં પણ પડઘા પડી રહ્યા છે. કોઇ પણ પરવાનગી વિના (જુઓ પાનું ૪)



## વિદ્યાર્થીઓને ટેકો આપવા માટે અણ્ણા હજારેનું મૌન આંદોલન

અહિલ્યા નગરઃ દિલ્હીમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને ટેકો આપવા સામાજિક કાર્યકર્તા અણ્ણા હજારેએ ગુરુવારે મહારાષ્ટ્રના અહિલ્યા નગર ખાતે બે કલાકના મૌન આંદોલનનું આયોજન કર્યું હતું. અણ્ણાએ અહિલ્યા નગરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે સવારે ૧૧ વાગ્યે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું અને બપોરે એક વાગ્યે તે જ જિલ્લામાં સ્થિત તેમના ગામ રાણેગણ સિદ્ધિ જવા રવાના થયા પહેલા તેનો અંત કર્યો હતો.

હઝારેએ બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને જણાવ્યું હતું કે 'હિંસા અને પોલીસ કાર્યવાહીના સમાચાર અત્યંત પીડાદાયક છે. વિરોધીઓના રોષને કાયદો અને વ્યવસ્થાની સમસ્યા તરીકે નહીં, પરંતુ સમાજની વેદના અને અપેક્ષાઓ તરીકે સમજવો જોઈએ. જો કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનને રાજીનામું આપવાનું કહેવાથી સરકારનું પતન નહીં થાય, ઊલટાનું સરકારને વધુ જવાબદાર અને અસરકારક બનાવશે.'■

### વિદ્યાર્થીઓને ડ્રગ્સ કેસમાં ફસાવવાની ધમકી

## પોલીસ ડ્રાઈવરને હાલની પોસ્ટિંગમાંથી દૂર કરાયો

### તેની વિરુદ્ધ તપાસનો આદેશ

મુંબઈઃ આંદોલનમાં ભાગ લેવા માટે પાછા ફરશો તો ડ્રગ્સના ખોટા કેસમાં ફસાવવાની આંદોલનકારી વિદ્યાથીઓને ધમકી આપનારા પોલીસ ડ્રાઇવરને તેની હાલની પોસ્ટિંગમાંથી દૂર કરવામાં આવ્યો હતો અને તેની વિરુદ્ધ તપાસનો આદેશ આપવામાં આવ્યો છે.

આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ ખાખી વરદીમાં ગુંડાગીરી કરવા માટે કૉંગ્રેસ સહિત વિરોધ પક્ષે રાજ્યમાં સરકારની આકરી ટીકા કરી હતી.

રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ પોલીસના આ કૃત્યની નિંદા કરીને આ સંપૂર્ણપણે ખોટું હોવાનું જણાવ્યું હતું. તેમણે સંબંધિત પોલીસ વિરુદ્ધ પગલાં લેવાશે અને મામલાની તપાસ કરાશે, એવું કહ્યું હતું.

વીડિયોમાં નજરે પડતા પોલીસ ડ્રાઇવરની ઓળખ પવન સાંગળે તરીકે થઇ હોઇ તે મોટર વેહિકલ વિભાગ સાથે સંકળાયેલો હતો અને હાલ સાયન પોલીસ સ્ટેશનમાં કાર્યરત હતો.

વાયરલ થયેલી પચીસ સેકંડની ક્લિપમાં પોલીસ ડ્રાઇવર પવન સાંગળે તાબામાં લેવાયેલા બે યુવકને એવું કહેતો જોવા મળે છે કે જો તેઓ ફરી આંદોલનમાં ભાગ (જુઓ પાનું ૪)

## ખોટા કેસ પાછા ખેંચવાની કૉંગ્રેસની માગણી

મુંબઈઃ મહારાષ્ટ્ર કૉંગ્રેસે ગુરુવારે મુંબઈમાં કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ની આગેવાની હેઠળના વિદ્યાર્થીઓના આંદોલન સાથે એકતા દર્શાવવા માટે વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા સેંકડો વિદ્યાર્થીઓ સામે દાખલ કરવામાં આવેલા ખોટા કેસ પાછા ખેંચવાની માગણી કરી હતી.

મહારાષ્ટ્ર કૉંગ્રેસના વડા હર્ષવર્ધન સપકાળનું નેતૃત્વ કોંગ્રેસ કાર્યકારી સમિતિના સભ્ય નસીમ ખાન અને પક્ષના ભૂતપૂર્વ શહેર એકમના વડા ભાઈ જગતાપ સહિત પક્ષના નેતાઓના એક (જુઓ પાનું ૪)

## ચેમ્બુરમાં રાહદારીએ કડી ખોલી નાખી અને વિદ્યાર્થીઓ પોલીસ વેનમાંથી ભાગી છૂટ્યા

મુંબઈઃ ચેમ્બુર વિસ્તારમાં અટકાયતમાં લેવાયેલા આંદોલનકારી વિદ્યાર્થીઓને પોલીસ વેનમાં લઇ જતી વખતે રાહદારીએ વેનના દરવાજાની કડી ખોલી નાખી હતી, જેને કારણે વિદ્યાર્થીઓ વેનમાંથી કૂદીને ભાગી છૂટ્યા હતા, જેનો વીડિયો વાયરલ થયો હતો.

ચેમ્બુર પોલીસ સ્ટેશનની હદમાં ડો. બાબાસાહેબ આંબેડકર ઉદ્યાન ચોક ખાતે બુધવારે બપોરે આ ઘટના બની હતી, જ્યાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભેગા થયા હતા અને આંદોલન કર્યું હતું. પોલીસે પ્રતિબંધાત્મક આદેશ જારી કર્યો છે, જેનું ઉલ્લંઘન કરી આંદોલન કરવામાં આવ્યું હતું. ઘટનાસ્થળ પર ૭૦૦થી ૮૦૦ આંદોલનકારી ભેગા થયા હતા.

પોલીસ કર્મચારીઓએ આંદોલનકારીઓને (જુઓ પાનું ૪)

## પોલીસ વૅન રોકતી મહિલાની તસવીરઃ મુંબઈના વિરોધ પ્રદર્શનની અનન્ય ઘટના

મુંબઈઃ ધોધમાર વરસાદમાં પોલીસ વેન રોકવા બંને હાથ ફેલાવી દ્રઢતાપૂર્વક ઊભેલી ગ્રે રંગની હૂડી પહેરેલી એક યુવતીની તસવીર 'નીટ' પેપર લીક પર કોકરોચ જનતા પાર્ટીના આંદોલન સાથે એકતા દર્શાવતા મુંબઈના વિરોધ પ્રદર્શનની એક મહત્ત્વની ઓળખ બની ગઈ છે. દિલ્હીમાં પરીક્ષાની ગેરરીતિઓ પર સીજેપીનો વિરોધ ઉગ્ર બનતા યુવાનો બુધવારે મુંબઈના રસ્તાઓ પર ઊતરી આવ્યા હતા અને 'સંસદ ચલો' મોરચા દરમિયાન આંદોલનકારીઓ પર પોલીસની કથિત બર્બરતાની નિંદા કરી હતી.

વ્યાપકપણે શેર થયેલા વીડિયોમાં મહિલા અટકાયતમાં લેવાયેલા વિરોધીઓને લઈ જતી પોલીસ વાહનને રોકતી (જુઓ પાનું ૪)

## વિદ્યાર્થીઓને ક્રૂરતાથી માર પડતો જોવું પડે એ ખૂબ જ દુઃખદઃ

છત્રપતિ સંભાજીનગરઃ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજીત દિપકેની માતા અનિતા દિપકેએ નવી દિલ્હીમાં આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલા લાઠીચાર્જ અંગે દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તેમને ક્રૂરતાથી માર પડતો જોવો પડે તે અત્યંત જ દુઃખદ હતું.

તેમણે સરકારને આંદોલન કરનારા વિદ્યાર્થીઓની વાત સાંભળવા અને અટકાયતમાં લેવાયેલા લોકોને વહેલી તકે મુક્ત કરવા અપીલ કરી હતી.

સોમવારે નીટ પેપર લીક મામલે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા માટે હજારો સીજેપી સમર્થક પ્રદર્શનકારીઓ સંસદ તરફ કૂચ કરી રહ્યા હતા ત્યારે દિલ્હી પોલીસે સંસદ (જુઓ પાનું ૪)

## નાગપુરમાં ૧૦૦થી વધુ આંદોલનકારીઓની અટકાયત

નાગપુરઃ નાગપુરમાં પરવાનગી વિના આંદોલન કરી રહેલા ૧૦૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

વંચિત બહુજન આઘાડીના કાર્યકરો મોટી સંખ્યામાં સંવિધાન સ્કવેર ખાતે એકઠા થયા હતા અને તેમણે દિલ્હીમાં કરાયેલા લાઠીચાર્જની ટીકા કરતાં સૂત્રોચ્ચાર કર્યા હતા. બુધવારે આંદોલન માટે પરવાનગી આપવામાં આવી નહોતી. જોકે તે મોડી રાત સુધી ચાલુ રહ્યું હતું. ગુરુવારે ૧૦૦થી વધુ આંદોલનકારીઓની અટકાયત કરવામાં આવી હતી. (પીટીઆઇ) ■

## દેશનો વિકાસ રોકવા વિદેશી શક્તિઓ અને વિપક્ષની મિલીભગતઃ મુંબઈ ભાજપ પ્રમુખ

મુંબઈઃ મુંબઈ ભાજપના પ્રમુખ અમિત સાટમે ગુરુવારે આક્ષેપ કર્યો હતો કે, દેશના આર્થિક વિકાસને રોકવા અને કેન્દ્રમાં એનડીએ સરકારને ઉથલાવી પાડવાના કાવતરાના ભાગરૂપે ચાલી રહેલા સીજેપી આંદોલનને ભડકાવવા માટે વિદેશી શક્તિઓ, ડાબેરી સંગઠનો અને વિરોધ પક્ષોએ હાથ મિલાવ્યા છે. મુંબઈમાં સોમવારથી ચાલી રહેલા શ્રેણીબદ્ધ વિરોધ પ્રદર્શનોની પૃષ્ઠભૂમિ પર મહારાષ્ટ્રના આ ધારાસભ્યે દાવો કર્યો હતો કે આ આંદોલન હવે વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત રહ્યું નથી અને હિંસામાં ફેરવાઈ ગયું છે. સાટમે વધુમાં જણાવ્યું કે, ભારતના ઉત્થાનને રોકવા વિપક્ષે ટુકડે ટુકડે ગેંગ અને વિદેશી શક્તિઓ સાથે હાથ મિલાવ્યા છે. રાષ્ટ્રવિરોધી તત્ત્વોએ સીજેપી આંદોલન પર કબજો કરીને તેને હિંસક બનાવ્યું છે. આ માત્ર વિદ્યાર્થીઓનું પ્રદર્શન નથી, મોટું કાવતરું છે. તેમણે ઉમેર્યું કે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું હોવાથી બહારની શક્તિઓ બેચેન થઈ છે અને ભાજપને નબળી પાડવા આ આંદોલનને ટેકો આપી રહી છે. આ માટે એક (જુઓ પાનું ૪)

## પવઈમાં બેસ્ટની બસ ડિવાઈડર સાથે ટકરાઈઃ છ પ્રવાસી જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડાબી તરફથી આવતી કાર પર ધ્યાન કેન્દ્રિત કરનારા ડ્રાઈવરે જમણી તરફ ધ્યાન ન આપતાં બેસ્ટની બસ ડિવાઈડર સાથે ટકરાઈ હોવાની ઘટના અંધેરીના પવઈ વિસ્તારમાં બની હતી. અકસ્માતમાં બસમાં મુસાફરી કરનારા છ જણ ઘવાતાં તેમને હૉસ્પિટલે લઈ જવા પડ્યા હતા.બેસ્ટ અનુસાર અકસ્માતની ઘટના ગુરુવારની સવારે ૧૧.૦૫ વાગ્યે પવઈ વિહાર સંકુલ ખાતે બની હતી. વિક્રોલી ડેપોથી નીકળેલી રૂટ નંબર એ-૪૨૨ બસ બાન્દ્રા પશ્ચિમમાં જઈ રહી હતી ત્યારે ડ્રાઈવરની ગફલતને કારણે અકસ્માત થયો હતો.બસ ડ્રાઈવરના કહેવા મુજબ ઘટનાસ્થળે બસની ડાબી તરફથી એક કાર પસાર થઈ રહી હતી. કોઈ ટક્કર ન થાય તે માટે તેનું પૂરું ધ્યાન એ કાર પર હતું. પરિણામે જમણી તરફના ડિવાઈડર તરફ તે યોગ્ય રીતે નજર રાખી શક્યો નહોતો, એમ બેસ્ટના અધિકારીએ જણાવ્યું હતું.

ડિવાઈડર સાથે બસ ટકરાતાં અંદર બેસેલા પ્રવાસીઓ ઝટકા સાથે આગળની તરફ ધકેલાઈ ગયા હતા, જેને પગલે છ જણને ઇજા થઈ હતી. જખમીઓમાં અજય શિંદે (૨૭), સાક્ષી પિસાળ (૨૩), બાબર સિંહ (૨૦), મનોજ ગુપ્તા (૪૧), પ્રણિતી માળી (૨૫) અને નાદીર શાહ ચિકોડે (૩૬)નો સમાવેશ થાય છે. બધા પ્રવાસીઓને ચહેરા અને ગરદન પર ઇજા થઈ હતી.વેટ લીઝ ડેપો મૅનેજર કિશોર શિંદેની સૂચનાથી કન્ડક્ટરે જખમીઓને સાકીનાકાની પેરેમાઉન્ટ હૉસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. ઓપીડીમાં પ્રાથમિક સારવાર પછી બધા જખમીઓને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હોવાનું બેસ્ટનું કહેવું છે.દરમિયાન અકસ્માતની જાણ થતાં પવઈ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ઘટનામાં કોઈને ગંભીર ઇજા થઈ ન હોવાથી પોલીસ ફરિયાદ નોંધાઈ નહોતી, એમ એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ■

# ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૦ ડૉલર નજીક પહોંચતા શૅરબજારમાં ચોથા દિવસે પણ ઘટાડાનો દોર ચાલુ

મુંબઈ: ક્રૂડ ઓઇલના ભાવમાં વધારાને કારણે શેરબજારોમાં ગુરુવારે સતત ચોથા દિવસે પણ ઘટાડો ચાલુ રહ્યો હતો. અમેરિકાના સતત હુમલા બાદ હુથીઓએ રાતા સમુદ્રનો માર્ગ પણ અવરોધ્યા બાદ ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઉછાળો આવવા સાથે ટ્રમ્પે જેનેરિક ડ્રગ્સની આયાત પર ઊંચી ટેરિફની ધમકી આપી હોવાથી બજારનું માનસ ખરડાઇ ગયું છે. બ્રેન્ટ ક્રૂડ ૪.૫૨ ટકાના ઉછાળા સાથે ૯૮.૩૨ ડોલર બોલાયું હતું.

સેન્સેક્સ દિવસ દરમિયાન, તે ૬૦૩.૦૭ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકા ઘટીને ૭૬,૧૫૧.૯૮ની નીચી સપાટીને અથડાયા બાદ અંતે ૩૬૩.૬૬ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા ઘટીને ૭૬,૩૯૧.૩૯ની સપાટી પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૧૨૬.૬૫ પોઈન્ટ અથવા ૦.૫૩ ટકા ઘટીને ૨૩,૮૬૯.૬૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. અદાણી પોર્ટ, બજાજ ફાઇનાન્સ, ઇન્ટરગ્લોબ એવિએશન, એક્સિસ બેન્ક, સ્ટેટ બેન્ક અને ટાટા સ્ટીલ સેન્સેક્સના ટોપ લુઝર્સ શેરમાં સામેલ હતા. જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટીસીએસ, ઇટર્નલ અને બજાજ ફિનસર્વ ટોપ ગેઇનર્સ હતા.

કોર્પોરેટ પરિણામોને આધારે શેરલક્ષી કામકાજ થઇ રહ્યા છે. ડો. રેડ્ડીઝે પ્રથમ ક્વાર્ટરમાં ૬૯.૨ ટકાના ઘટાડા સાથે રૂ. ૪૩૪.૮૦ કરોડનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ જાહેર કર્યા બાદ તેના શેર ૮.૭૦ ટકાના કડાકા સાથે રૂ. ૧૦૮૦.૦૫ની બાવન સપ્તાહની નીચી સપાટીએ પટકાયા હતા. પ્રથમ ક્વાર્ટરમાં નફો ચારગણો વધતા ઇટર્નલના શેરમાં ચાર ટકાનો ઉછાળો હતો. નેસ્લે ઇન્ડિયાનો પ્રથમ ક્વાર્ટરનો નફો ૪૮ ટકા વધીને રૂ. ૯૫૮ કરોડ રહ્યો હતો. એચએફસીએલે એપ્રિલ-જૂનમાં રૂ. ૨૪૬ કરોડનો, ઓરિએન્ટ ઇલેક્ટ્રિકે રૂ. ૩૧.૪૯ કરોડનો અને એસઆરએફ રૂ. ૭૫૯ કરોડનો નફો નોંધાવ્યો છે. ઇન્ડિગોએ પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૨૩૮ કરોડની ખોટ નોંધાવી છે.

અલ્ટ્રાટેક સિમેન્ટ એનસીડી મારફત રૂ. ૫૦૦૦ કરોડ એકત્ર કરવા ધારે છે. ફ્યુઝન ક્લાસરૂમ એજ્યુટેક લિમિટેડનો આઈપીઓ, ૩૧ જુલાઈએ ખુલશે, જેની પ્રાઈસ બેન્ડ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા પ્રતિ ઇક્વિટી શેર રૂ.૧૫૧થી રૂ.૧૫૯ છે. લઘુત્તમ બિડ લોટ ૧૬૦૦ ઇક્વિટી શેર છે અને ત્યારબાદ ૮૦૦ ઇક્વિટી શેરના ગુણાંકમાં રહેશે. એન્કર ઇન્વેસ્ટર માટે ઇશ્યૂ ૩૦ જુલાઈએ ખુલશે. ઇશ્યૂ ચોથી ઓગસ્ટે બંધ થશે. ફ્લોર પ્રાઈસ ફેસ વેલ્યુના ૧૫.૧૦ ગણી અને કેપ પ્રાઈસ ફેસ વેલ્યુના ૧૫.૯૦ ગણી છે.

અમેરિકાના પ્રમુખે જેનેરિક ફાર્મા પ્રોડ્કટસની આયાત પર બે વર્ષ બાદના પહેલા વર્ષે ૧૦૦ ટકા અને બીજા વર્ષ ૨૦૦ ટકા ટેરિફ નાંખવાની વાત ઉચ્ચારી હોવાથી ફાર્મા શેરોમાં ધોવાણ જોવા મળ્યું હતું. ડોનલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પરની તેમની પોસ્ટમાં જણાવ્યું હતું. કે પહેલી ઓગસ્ટ, ૨૦૨૬થી, યુનાઇટેડ સ્ટેટ્સમાં લાવવામાં આવતી બધી જેનરિક દવાઓ પર બે વર્ષના સમયગાળા માટે શૂન્ય ટકાનો ટેરિફ ચાલુ રહેશે, ત્યારબાદ એક વર્ષના સમયગાળા માટે ટેરિફ ૧૦૦ ટકા અને ત્યારબાદ ૨૦૦ ટકા સુધી વધારવામાં આવશે. માર્કેટ એનાલિસ્ટ જણાવે છે કે, ક્રૂડ ઓઇલના ભાવ ફરીથી બેરલે ૧૦૦ ડોલર સુધી પહોંચ્યા હોવાથી રોકાણકારોમાં સાવચેતીનું માનસ છે, કારણ કે ફરી એક વખત ઇન્ફલેશન વધવાની અને તેની સાથે કોર્પોરેટ કમાણીમાં ઘટાડો થવાની ભીતિ ઊભી થઇ છે. એફઆઇઆઇએ પાછલા સત્રમાં રૂ.




૮૧૯.૨૦ કરોડના શેર વેચ્યા હતા.

સમાચાર એજન્સી એપીના અહેવાલ મુજબ, ગુરુવારે વહેલી સવારે યમનના ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ રાતા સમુદ્રમાં બે સાઉદી ઓઇલ ટેન્કરો પર હુમલો કર્યાની વાત કર્યા બાદ પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યો હતો અને અમેરિકન સૈન્યએ ઈરાન પર ૧૨મી રાત્રે હુમલા કર્યા હતા, કારણ કે બંને દેશો મહત્વપૂર્ણ શિપિંગ લેન પર નિયંત્રણ મેળવવા માટે સ્પર્ધા કરી રહ્યા છે. આ સત્રમાં વેચવાલીનું દબાણ વ્યાપક હતું, નેશનલ સ્ટોક એક્સચેન્જ દ્વારા સંકલિત ૧૫ માંથી ૧૩ મુખ્ય સેક્ટર ગેજ ગબડ્યા હતા, જેમાં નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સમાં ૧.૮૦ ટકાનો કડાકો હતો. નિફ્ટી બેંક, ઓઇલ અને ગેસ, નાણાકીય સેવાઓ, મેટલ, પીએસયુ બેંક અને ખાનગી બેંક સૂચકાંકો પણ ૦.૭૫ ટકા અને ૧.૨૦ ટકાની વચ્ચે ઘટયા હતા. બીજી તરફ, ઓટો અને પસંદગીના મીડિયા શેરોમાં ખરીદીનો રસ જોવા મળ્યો. નિફ્ટી મિડકેપ ૧૦૦ અને નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ સૂચકાંકો એક ટકા ઘટતાં વ્યાપક બજારો પણ વેચાણના દબાણ હેઠળ આવ્યા હતા. વ્યક્તિગત શેરોમાં, જૂન ક્વાર્ટરના પરિણામમાં ચોખ્ખા નફામાં પાંચાવન ટકાનો વધારો જાહેર થયા બાદ એનટીપીસી ગ્રીન એનર્જી નવ ટકા જેટલો વધીને એનએસઇ પર રૂ. ૯૯.૬૦ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીએ પહોંચ્યો, એ જ રીતે, પ્રથમ ક્વાર્ટરના સારા પરિણામની જાહેરાત બાદ એચઇજીનો શેર ૧૩ ટકા જેટલો વધીને રૂ. ૬૭૫.૯૦ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીએ અડાયો હતો. સ્ટોક એક્સચેન્જના ડેટા અનુસાર પાછલા ચાર ટ્રેડિંગ સત્રોમાં, સેન્સેક્સ ૨.૨૫ ટકા ઘટ્યો છે અને નિફ્ટી ઇન્ડેક્સ ૧.૯૦ ટકા ઘટ્યો છે. બીએસઇ પર માત્ર ઈન્સ્યુરન્સ અને ઓટો ઈન્ડેક્સ વધ્યા હતા, રિયલ્ટી, સર્વિસીસ અને ટેલિકોમ સૌથી અધિક ઘટ્યા હતા. એક્સચેન્જના માર્કેટ કેપમાં રૂ. ૩.૩૨ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ. ૪૮૦.૦૫ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૩.૩૨ લાખ કરોડનો ઘટાડો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૧૧ સ્ક્રિપ વધી અને ૧૯ સ્ક્રિપ ઘટી હતી. બીએસઈ પર કુલ ૪,૩૯૧ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૧,૬૩૭ શેરોના ભાવ વધ્યા હતા, ૨,૫૮૫ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૬૯ શેરોના ભાવ યથાવત રહ્યા હતા.

કુલ ટ્રેડેડ શેરોમાંથી ૯૬ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૯૬ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. જ્યારે કુલ ૧૭ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૭ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૧૦ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૧.૦૧ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૧.૨૧ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૨૧ ટકા તથા એસએમઈ આઈપીઓ ૦.૪૮ ટકા ઘટ્યા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સમાં બીએસઈ ઈન્સ્યુરન્સ ૦.૬૮ ટકા અને ઓટો ૦.૫૬ ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ૧.૭૮ ટકા, સર્વિસીસ ૧.૬૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૩૪ ટકા, પાવર ૧.૨૫ ટકા, યુટિલિટીઝ ૧.૧૨ ટકા, કોમોડિટીઝ ૧.૦૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૧.૦૧ ટકા અને બેન્કેક્સ તેમ જ પીએસયુ બેન્ક ૦.૯૭ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૭૦ ટકા, ટીસીએસ ૧.૫૧ ટકા, ઈટર્નલ ૧.૧૬ ટકા, બજાજ ફિનસર્વ ૦.૬૩ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૬૧ ટકા, કોટક બેન્ક ૦.૫૯ ટકા, સન ફાર્મા ૦.૫૭ ટકા, અલ્ટ્રા સિમેન્ટ ૦.૩૧ ટકા હિંદુસ્તાન યુનિલિવર ૦.૨૯ ટકા, આઈટીસી ૦.૨૧ ટકા અને પાવર ગ્રીડ ૦.૧૬ ટકા વધ્યા હતા.

જ્યારે અદાણી પોર્ટ્સ ૨.૨૬ ટકા, બજાજા ફાઈનાન્સ ૧.૯૬ ટકા, ઈન્ડિગો ૧.૮૯ ટકા, એક્સિસ બેન્ક ૧.૩૬ ટકા, સ્ટેટ બેન્ક ૧.૨૨ ટકા, તાતા સ્ટીલ ૧.૨૧ ટકા, મારુતિ ૧.૧૧ ટકા, અને રિલાયન્સ ૧.૦૫ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૨૬૪.૪૪ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૧,૪૮૩ ટ્રેડ્સમાં ૧,૭૨૦ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૬૧,૪૭,૮૭૯ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૭,૫૬,૨૭,૧૪૧.૨૩ કરોડ રહ્યું હતું.

### ફેડરલ દ્વારા વ્યાજદરમાં વધારાની ભીતિ હેઠળ વૈશ્વિક સોના-ચાંદીમાં નરમાઈ

## સ્થાનિક ચાંદીમાં ₹ ૨૯૮૦નો ઘટાડો, સોનું ₹ ૬૭૮ નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને કારણે સતત વધી રહેતા ક્રૂડતેલના ભાવવધારાને કારણે ફુગાવામાં થનારી અપેક્ષિત વૃદ્ધિને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૯૮૦નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૭૫થી ૬૭૮નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં વિશ્વ બજાર પાછળ ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવા છતાં વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ શુષ્ક રહી હતી અને વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૯૮૦ ઘટીને રૂ. ૨,૨૨,૪૮૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ નરમાઈનું વલણ રહેતાં ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૭૫ ઘટીને રૂ. ૧,૪૪,૦૨૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ



સોનાના રૂ. ૧,૪૪,૬૦૫ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં પણ રોકાણલક્ષી છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે એક ટકાના ઘટાડા સાથે ગત સાતમી જુલાઈ પછીની નીચી ઔંસદીઠ ૪૦૮૭.૯૦ ડૉલર આસપાસ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૪૦૯૧.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ૧.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૫૮.૬૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ વધી રહ્યા હોવાથી સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ આવી રહ્યા છે. જોકે, હાલમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટી જાળવી રાખવા ઝઝૂમી રહ્યા હોવાનું જેફરિઝની માલિકીની ટ્રેડુ ડૉટ કૉમના વિશ્લેષક નિકોઝ ઝુબોરસે જણાવતાં ઉમેર્યું હતું કે ક્રૂડતેલના ઊંચા ભાવ અને કેન્દ્રવર્તી બૅન્કો લાંબા સમયગાળા સુધી વ્યાજદરની ઊંચી સપાટી જાળવી રાખે તેમ હોવાથી આગામી દિવસોમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૯૦૦ ડૉલર સુધી પહોંચી શકે છે. જો અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદર જાળવી રાખે તો પણ મધ્યપૂર્વના ભૂરાજકીય તણાવને જોતા ક્રૂડતેલના ઊંચા ભાવને કારણે વ્યાજદરમાં વધારાનું જોખમ તો તોળાતુ જ રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી સપ્ટેમ્બર મહિનામાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૭૩ ટકા શક્યતા જોઈ રહ્યા છે. વધુમાં આજે યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા છે. તેમ છતાં આગામી સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારો કરવા માટેનો વિકલ્પ ખુલ્લો રાખશે, એવું બજાર વર્તુળોનું માનવું છે.

## ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસા નરમ

મુંબઈ: પશ્ચિમ એશિયામાં ભૂરાજકીય તણાવની સ્થિતિ વચ્ચે ક્રૂડતેલના ભાવમાં વધારો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીના દબાણ અને સંભવિતપણે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાનો બજારમાં હસ્તક્ષેપ રહેતાં આજે ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસાના ઘટાડા સાથે ૯૬.૭૩ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૫૩ન બંધ સામે ભાવ ટૂ ભાવ ૯૬.૫૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૭૩ અને ઉપરમાં ૯૬.૪૫ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૨૦ પૈસાના ઘટાડા સાથે સત્રના નીચા ૯૬.૭૩ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૮ પૈસાનું ધોવાણ થયું હતું. અમેરિકાએ સતત ૧૨મા દિવસે ઈરાન પર અને ઈરાને અમેરિકાના સહયોગી અખાતી દેશો પર હુમલાઓ ચાલુ રાખતા આજે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવમાં આગેકૂચ અને ઈક્વિટી માર્કેટમાં પીછેહઠ રહેતાં રૂપિયામાં નકારાત્મક વલણ રહ્યું હતું અને હાલની વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૬.૩૦થી ૯૬.૮૫ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરી હતી. જિઓજીત ઈન્વેસ્ટમેન્ટના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના વિવાદને કારણે બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધી આવતા રૂપિયા પર તેની નકારાત્મક અસર જોવા મળી છે. જોકે, રિઝર્વ બૅન્કના હસ્તક્ષેપને કારણે રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું. આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ સાંકડી વધઘટે અથડાઈને ૧૦૧.૧૨ આસપાસ ટકેલો રહ્યો હતો, પરંતુ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૨૧ ટકા વધીને બેરલદીઠ ૯૬.૧૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. આ ઉપરાંત સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૩૬૩.૬૬ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૨૬.૬૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૮૧૯.૨૦ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

## આયાતી ખાદ્યતેલમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આજે વરસાદી વાતાવરણમાં એકંદરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હતા. જોકે, આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૮૭ રિંગિટનો સુધારો આવ્યો હતો. તેમ જ ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૧૮ સેન્ટનો સુધારો આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં હાજરમાં આયાતી તેલના ભાવમાં મિશ્ર વલણ રહ્યું હતું જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે સન રિફાઈન્ડમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના સન રિફાઈન્ડના રૂ. ૧૭૫૦ અને આરબીડી પામોલિન તથા સોયા રિફાઈન્ડના જુલાઈ તથા ઑગસ્ટ ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૪૭૫ અને રૂ. ૧૪૮૦, પતંજલિ ફૂડ્સના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૫, ગોકુલ એગ્રોના ઑગસ્ટ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫, ઈમામીના સપ્ટેમ્બર ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૯૦ અને ઑગસ્ટ તથા સપ્ટેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ અને ગોલ્ડનએગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા.

વધુમાં આજે ગોલ્ડન એગ્રીની સોયા રિફાઈન્ડમાં જુલાઈ કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૪૫૦મા અને ઑગસ્ટ કોન્ટ્રાક્ટમાં રૂ. ૧૪૫૫ના મથાળે લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૧૫૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૬૦૦ ગૂણી મગફળીની આવક સામે બન્ને મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૬૦૦માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે હાજરમાં સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૬૧૦થી ૧૬૧૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૪૫થી ૧૬૫૦માં થયા હતા.

વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની ૫૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૦૦૦થી ૭૨૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૭૨૫૦થી ૭૩૫૦માં થયા હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૫, સન રિફાઈન્ડના રૂ. ૧૭૩૦, સિંગતેલના રૂ. ૧૭૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૬૫૦ અને સરસવના રૂ. ૧૭૫૦ના મથાળે રહ્યા હતા.

## મથકો પાછળ ખાંડમાં ₹ ૧૦ની પીછેહઠ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને દેશાવરોની માગ ખપપૂરતી રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦થી ૫૦ના ઘટાડા સાથે રૂ. ૪૩૪૦થી ૪૩૮૦માં થયાના નિર્દેશો હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં વરસાદના માહોલમાં સ્ટોકિસ્ટોની નિરસ માગ અને રિટેલ સ્તરની લેવાલી પણ છૂટીછવાઈ રહી હતી. તેમ જ મથકો પરના નિરુત્સાહી અહેવાલે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો અને મથકો પાછળ ભાવમાં નરમાઈનું વલણ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૦૨થી ૪૫૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૮૦થી ૪૬૫૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૪૫થી ૪૪૩૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર રૂ. ૪૪૭૫થી ૪૫૫૫માં થયા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.



## નિકલ અને ટીનની આગેવાની હેઠળ ધાતુમાં આગેકૂચ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવને કારણે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ સહિતનાં પશ્ચિમ એશિયાના દરિયાઈ માર્ગોમાં પરિવહન ખોરવાતા વૈશ્વિક સ્તરે પુરવઠાસ્થિતિ વિક્ષેપિત થવાની ભીતિ હેઠળ આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારો આગળ ધપ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ એકમાત્ર કોપર આર્મિચરમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. નવના ઘટાડાને બાદ કરતાં નિકલ અને ટીનની આગવાની હેઠળ અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટો ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૩૦ની આગેકૂચ જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલીનું દબાણ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૦ વધીને રૂ. ૧૬૯૭ અને રૂ. ૧૭ વધીને રૂ. ૫૩૮૧ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૩૨૪, રૂ. ૧૩૧૪, રૂ. ૧૨૧૮, રૂ. ૯૩૫, રૂ. ૮૫૦, રૂ. ૩૧૦ અને રૂ. ૩૮૮, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૩૫૧ અને કોપર આર્મિચર તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૩૦૩ અને રૂ. ૨૦૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીના દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. નવના ઘટાડા સાથે રૂ. ૧૪૦૭ના મથાળે રહ્યાના અહેવાલ હતા.

# મુંદરાના કૉંગ્રેસી નગરસેવક સામે ૫૦.૮૩ લાખની છેતરપિંડીની ફરિયાદઃ પોલીસે અટકાયત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ અડધા કરોડથી વધુ રકમની છેતરપિંડી અને વિશ્વાસઘાતના ગંભીર ગુનામાં ગાંધીધામ બી ડિવિઝન પોલીસે મુંદરા-બારોઈ નગરપાલિકાના કોંગ્રેસી નગરસેવક ઇમરાન સલીમ જતની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીધામના ખારીરોહર વિસ્તારમાં રહેતા વેપારી હાજી યાકુબ જંગીયાએ ઇમરાન વિરુદ્ધ રૂ. ૫૦.૮૩ લાખની છેતરપિંડી અંગે બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદી હાજી યાકુબ ગાંધીધામમાં 'ઇનાયત કાર્ગો કેરિયર' નામે પેઢી ધરાવે છે અને કાર્ગો હેન્ડલિંગ તથા સ્ટીવડૉરીંગનો વ્યવસાય કરે છે.

વર્ષ ૨૦૧૭માં કાંકરીના હેન્ડલિંગ અને સ્ટીવડૉરીંગના કામ દરમિયાન તેમનો પરિચય ઇમરાન સાથે થયો હતો, જે બાદ બંને વચ્ચે મિત્રતા અને ધંધાકીય સંબંધો બંધાયા હતા.

વર્ષ ૨૦૨૩માં ઇમરાને તેની ભાગીદારી વાળી પેઢી 'વિશાલ ટ્રેડિંગ' મારફતે ફરિયાદીને કાર્ગો હેન્ડલિંગનું કામ આપ્યું હતું. આ કામ પેટે ફરિયાદીએ રૂ. ૯૨.૧૯ લાખનું બિલ આપ્યું હતું, જેમાંથી ઇમરાને રૂ. ૪૧.૩૪ લાખ ચૂકવી આપ્યા હતા અને બાકીના રૂ. ૫૦.૮૩ લાખ ટૂંક સમયમાં ચૂકવી દેવાની ખાતરી આપી હતી.

બાકી નીકળતી રકમ મેળવવા માટે ફરિયાદી અવારનવાર ઇમરાનની મુંદરા સ્થિત ઑફિસે રૂબરૂ ગયા હતા અને ફોન પર પણ સંપર્ક કર્યો હતો, પરંતુ ઇમરાન સતત વાયદાઓ કરતો રહ્યો હતો.

ત્યારબાદ ઇમરાને પોતાના પિતાની રાજકીય વગનો રોફ બતાવી ધમકી આપી હતી કે, ''મારા પિતા મુંદરામાં નામચીન છે અને મોટી રાજકીય વગ ધરાવે છે, પોલીસ અમારું કંઈ નહીં કરી શકે.'' એટલું જ નહીં, થોડા સમય બાદ ઇમરાને ગાંધીધામ સ્થિત ફરિયાદીની ઑફિસે રૂબરૂ આવીને ધમકાવતા કહ્યું હતું કે, ''તું અમારી મુંદરાની ઑફિસે આવીને મારી આબરૂ લે છે. તારા રૂપિયા ભૂલી જા, નહીંતર તને જાનથી મારી નાખીશ.''

વેપારીની ફરિયાદના આધારે ગાંધીધામ બી ડિવિઝન પોલીસે ત્વરિત ગુનો નોંધીને મુંદરા શહેરના મહારાણા પ્રતાપ સર્કલ પાસેથી આરોપી ઇમરાન જતની અટકાયત કરી હતી. પોલીસે આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને આગળની તપાસ અર્થે અદાલત સમક્ષ રજૂ કરવાની તજવીજ ધરી હોવાનું જાણવા મળે છે. ■

# ડુપ્લિકેટ સોનું આપી ₹ ૧૦ લાખની છેતરપિંડી કરનાર ઝડપાયો, ત્રણ આરોપી હજુ ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર શહેરમાં ડુપ્લિકેટ સોનું આપી રૂ. ૧૦ લાખની છેતરપિંડી આચરનાર એક આરોપીને સીટી એ ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે ઝડપી પાડી તેની પાસેથી છેતરપિંડીની રૂ. ૧૦ લાખની સંપૂર્ણ રોકડ રકમ કબ્જે કરી હતી..

પોલીસે ગુનાનો ૧૦૦ ટકા મુદ્દામાલ રિકવર કરવામાં સફળતા મેળવી છે.

પોલીસને મળેલી બાતમીના આધારે રિવરફ્રન્ટ રોડ વિસ્તારમાં વોચ ગોઠવવામાં આવી હતી.

દરમિયાન શંકાસ્પદ હાલતમાં મળી આવેલા વિજયભાઈ સોમાભાઈ ભાલીયા (રહે. રાણપુર, જિ. બોટાદ)ની પૂછપરછ કરતાં તેણે ટી.બી. હોસ્પિટલ સામે ફરિયાદીને ડુપ્લિકેટ સોનું આપી રૂ. ૧૦ લાખની છેતરપિંડી કર્યાની કબૂલાત કરી હતી. પોલીસે તેની પાસેથી રૂ. ૧૦ લાખની રોકડ રકમ કબ્જે કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, આ ગુનામાં સંડોવાયેલા અન્ય ત્રણ આરોપી હજુ ફરાર છે અને તેમની શોધખોળ ચાલુ છે.

સમગ્ર કાર્યવાહી જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ સીટી 'એ' ડિવિઝન પોલીસ ઇન્સ્પેક્ટર આર. એમ. સાંગાડા તથા સર્વેલન્સ ટીમે પાર પાડી હતી. ■

# ગાંધીગ્રામ-બોટાદ-જૂનાગઢ રૂટથી ચાલશે સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોમનાથ જ્યોતિર્લિંગના યાત્રાળુઓને સુવિધા આપવા અને મુસાફરોને ઝડપી, આધુનિક અને આરામદાયક રેલ સેવા પૂરી પાડવા માટે રેલ મંત્રાલયે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

ટ્રેન નંબર ૨૬૯૦૧/૨૬૯૦૨ સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસને હાલના વિરમગામ-સુરેન્દ્રનગર-રાજકોટ-જેતલસર-જુનાગઢ રૂટને બદલે ગાંધીગ્રામ-બોટાદ-જેતલસર-જુનાગઢ રૂટ દ્વારા ચલાવવાની મંજૂરી આપવામાં આવી છે.

આ સુધારેલા રૂટ પર વંદે ભારત એક્સપ્રેસનું નિયમિત સંચાલન ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ થી શરૂ થશે. નવો રૂટ સોમનાથની યાત્રા કરતા યાત્રાળુઓને માત્ર મોટી સુવિધા જ નહીં આપે, પરંતુ ગાંધીગ્રામ-બોટાદ સેક્શનના મુસાફરો પણ પ્રથમ વખત વંદે ભારત એક્સપ્રેસના આધુનિક અને વિશ્વ કક્ષાની મુસાફરી અનુભવનો આનંદ માણી શકશે, તેમ રેલવેએ જણાવ્યું હતું.

ટ્રેન નંબર ૨૬૯૦૧ સાબરમતી-વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ ૧૭ ઓગસ્ટ ૨૦૨૬ થી સાબરમતીથી સવારે ૦૬૦૦ વાગ્યે ઉપડશે અને સાંજે ૦૬૧૬ વાગ્યે ગાંધીગ્રામ અને બપોરે ૧૨૫૦ વાગ્યે વેરાવળ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૨૬૯૦૨ વેરાવળ-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ વેરાવળથી બપોરે ૧૫૫૦ વાગ્યે ઉપડશે અને બપોરે ૨૧૫૦ વાગ્યે ગાંધીગ્રામ અને બપોરે ૨૨૨૫ વાગ્યે સાબરમતી પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં ગાંધીગ્રામ, ધોળકા, ધંધુકા, બોટાદ, ધોળા, ઢાસા અને જૂનાગઢ સ્ટેશનો પર ઉભી રહેશે. વંદે ભારત એક્સપ્રેસ ગુરુવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ દોડશે, તેવી માહિતી રેલવેએ આપી હતી.

# ભાવનગરમાં ભાજપ કાર્યાલય સામે કૉંગ્રેસનો હલ્લાબોલ, પોલીસ બંદોબસ્ત વચ્ચે કેન્દ્રના શિક્ષણ પ્રધાનના પૂતળાનું દહન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર શહેરના ભાજપ કાર્યાલય ખાતે કોંગ્રેસ દ્વારા આશ્ચર્યજનક 'હલ્લાબોલ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નીટ મુદ્દે સરકાર વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવવા પહોંચેલા કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ભારે ઝપાઝપી અને ખેંચતાણ જોવા મળી હતી. વિરોધ પ્રદર્શનને પગલે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો છતાં પણ કોંગ્રેસ ના કાર્યકરો ભાજપ કાર્યાલય પહોંચી પૂતળાનું દહન કર્યું હતું. ભાવનગરમાં કોંગ્રેસના આક્રમક કાર્યક્રમને ધ્યાનમાં રાખીને શહેર ભાજપ કાર્યાલય તરફ જતા તમામ રસ્તાઓ પર પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ગ્રામ્યના ડીવાયએસપી, એલસીબી, એસઓજી અને વિવિધ ડિવિઝનનો પોલીસ સ્ટાફ સ્થળ દોડી આવ્યો હતો. ભારે પોલીસ જાપ્તો હોવા



છતાં કોંગ્રેસના કાર્યકરો ભાજપ કાર્યાલય નજીક પહોંચી જવામાં સફળ રહ્યા હતા અને ત્યાં પહોંચીને વિરોધ પ્રદર્શન દરમિયાન કેન્દ્રના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્રપ્રધાન ના પૂતળા દહન કરવામાં આવ્યું હતું. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે ટીંગાટોળી કરીને અંદાજે ૧૦ જેટલા કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરી હતી. ભાજપ સરકાર શરમ કરો! ધર્મેન્દ્રસિંહ રાજીનામું આપો ના નારા સાથે વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના મહિલા આગેવાન , દર્શનાબેન જોષી,સોનલબેન પટેલ વિગેરે દ્વારા' કોંગ્રેસ દ્વારા સરકાર વિરુદ્ધ 'શરમ કરો... ભાજપ સરકાર શરમ કરો! રાજીનામું આપો... ધર્મેન્દ્રસિંહ રાજીનામું આપો!' ના નારાઓ સાથે ઉગ્ર રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ પ્રમુખ લાલભા ગોહિલ તથા મહેન્દ્રસિંહ ગોહિલ, જયેશભાઈ ભટ્ટ વિગેરે આગેવાનોની પો૧લીસે અટકાયત કરી હતી. ■

# પશ્ચિમ કચ્છમાં રેતી માફિયાઓ સામે કાર્યવાહી, માંડવીના રાયણ અને જખણીયામાંથી ₹ ૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પશ્ચિમ કચ્છ જિલ્લામાં ગેરકાયદે ખનિજ ચોરી ડામવા ખાણ ખનિજ વિભાગે કડક કાર્યવાહી કરી છે.

જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ ભુજ ભૂસ્તરશાસ્ત્રી ડી. એસ. બારીયાની ટીમે છેલ્લા પાંચ દિવસમાં માંડવી તાલુકામાં બે સફળ દરોડા પાડીને કુલ રૂ.૯૦ લાખની કિંમતના છ વાહનો અને મશીનરી સીઝ કરી છે.

તંત્ર દ્વારા હાથ ધરાયેલી કામગીરીમાં ગત ૧૭ જુલાઈના રોજ માંડવીના નાની-મોટી રાયણ ગામના નદીપટમાંથી ગેરકાયદે રેતી ખનન કરતા એક લોડર, એક ડમ્પર અને બે ટ્રેક્ટર (કિંમત રૂ.૫૦ લાખ) જપ્ત કરાયા હતા.

ત્યારબાદ ૨૧ જુલાઈના રોજ જખણીયા ગામ નજીકના નદીપટમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરી રૂ ૪૦ લાખની કિંમતનું અન્ય એક લોડર અને ડમ્પર સીઝ કરવામાં આવ્યું હતું.

ખાણ ખનિજ વિભાગે સ્પષ્ટ ચેતવણી આપી છે કે કુદરતી ખનિજ સંપત્તિનું ગેરકાયદે ખનન કે પરિવહન ચલાવી લેવાશે નહીં અને કાયદાનો ભંગ કરનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી ચાલુ રહેશે. આ કડક ઝુંબેશને પગલે ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઘણા સમયથી માફીયાઓ બેફામપણે પોતાનની ચોરીનો કારસો રચી રહ્યા હતા તેમને કાબૂમાં લેવા તકેદારીના ભાગરૂપે કામગીરી કરવામાં આવી છે. ■

# ભચાઉના ચીરઈમાં વીજશોકથી યુવકનું મોત, નખત્રાણામાં ૨૯ વર્ષીય યુવાને ગળેફાંસો ખાધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લામાં બે અલગ-અલગ દુઃખદ બનાવોમાં બે યુવાને પોતાના જીવ ગુમાવ્યા હતા. ભચાઉ તાલુકાના મોટી ચીરઇ નજીક માછીમારી કરવા ગયેલા ૧૯ વર્ષીય યુવાનનું વીજ આંચકો લાગવાથી કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે નખત્રાણામાં ૨૯ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રથમ બનાવની મળતી વિગતો અનુસાર, નાની ચીરઇમાં રહેતો અયુબ ઇલિયાસ પરીઠ (ઉ.વ.૧૯) ગત તા. ૨૧ જુલાઈની મોડી રાત્રે આશરે એક વાગ્યાના અરસામાં મોટી ચીરઇ સ્થિત નીલકંઠ કારખાના સામે માછીમારી કરવા ગયો હતો.

આ દરમિયાન અચાનક વીજ વાયરના સંપર્કમાં આવી જતાં તેને તીવ્ર વીજશોક લાગ્યો હતો, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટના સ્થળે વીજ વાયર ક્યાંથી અને કેવી રીતે આવ્યો તે દિશામાં પોલીસે તપાસનો દોર લંબાવ્યો છે.

બીજા બનાવમાં, નખત્રાણાના ઉમિયાકૃપા નગરમાં રહેતા ૨૯ વર્ષીય પ્રવીણ રમેશ ગોહિલે ગત તા. ૨૦ જુલાઈની રાત્રિ દરમિયાન પોતાના રૂમના પંખા સાથે દોરડું બાંધીને ગળેફાંસો ખાઈ લીધો હતો. મૃતકના ભાઈ યોગેશ ગોહિલે નખત્રાણા પોલીસ મથકે બનાવ અંગે જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આત્મહત્યાના કારણો અંગે આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. ■

# કચ્છમાં જિલ્લા ફેરબદલી પામેલા ૧૪૫ શિક્ષકને એક જ દિવસમાં છૂટા કરાયા

**રાજ્યભરમાં પ્રથમ વખત હાથ ધરાયેલી આ પ્રકારની વિશિષ્ટ અને ત્વરિત કામગીરીને કારણે જિલ્લા ફેરબદલી પામેલા શિક્ષકો હવે કોઈપણ પ્રકારના વહીવટી વિલંબ કે માનસિક તણાવ વગર પોતપોતાના વતન તરફ ઝડપથી પ્રયાણ કરી શકશ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જિલ્લા ફેરબદલી પામેલા શિક્ષકો માટે સામાન્ય રીતે બદલી બાદ છૂટા થવાની પ્રક્રિયા ખૂબ જ જટિલ અને વિલંબકારી રહેતી હોય છે. સામાન્ય સંજોગોમાં શિક્ષકોને પોતાની મૂળ શાળા, ગ્રુપ શાળા, તાલુકા કચેરી અને ત્યારબાદ જિલ્લા કચેરી સુધી દરખાસ્તો રજૂ કરવી પડતી હોય છે. આ ઉપરાંત સેવાપોથી મેળવવી, લાસ્ટ પે સર્ટિફિકેટ અને ઓનલાઈન ટ્રાન્સફર પ્રક્રિયા પૂર્ણ કરવા માટે જે-તે જિલ્લામાં વારંવાર ધક્કા ખાવા પડતા હોય છે.

શિક્ષકોની આ લાંબા સમયની હાલાકી અને મુશ્કેલીઓને ધ્યાને રાખીને કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજય પરમાર દ્વારા એક અત્યંત સરાહનીય અને પારદર્શક નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને સ્પષ્ટ સૂચનાઓ આપીને સમગ્ર ટુકડીને કામે લગાડી હતી, જેના પરિણામે એક જ દિવસમાં ૧૪૫ શિક્ષકોની તમામ વહીવટી પ્રક્રિયા સ્થળ પર જ સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવી છે.

રાજ્યભરમાં પ્રથમ વખત હાથ ધરાયેલી આ પ્રકારની વિશિષ્ટ અને ત્વરિત કામગીરીને કારણે જિલ્લા ફેર બદલી પામેલા શિક્ષકો હવે કોઈપણ પ્રકારના વહીવટી વિલંબ કે માનસિક તણાવ વગર પોતપોતાના વતન તરફ ઝડપથી પ્રયાણ કરી શકશે.

આ નોંધપાત્ર વહીવટી પહેલને બિરદાવતા શિક્ષક સંગઠનના પ્રમુખ નયનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ''વિલંબકારી અને જટિલ પ્રક્રિયામાંથી શિક્ષકોને મુક્તિ અપાવીને તંત્ર દ્વારા પારદર્શક વહીવટનો સુખદ અનુભવ કરાવવામાં આવ્યો છે.''

આ કામગીરી દરમિયાન તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ, કચેરીનો સ્ટાફ તેમજ પ્રાથમિક શિક્ષક સંઘ અને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

વહીવટી તંત્રના આ હકારાત્મક અને પ્રજાભિમુખ અભિગમથી સમગ્ર શિક્ષક આલમમાં સંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે. ■

# ભુજ તાલુકાની સીમમાં ધમધમતા પશુ કતલખાના પર એલસીબીનો દરોડોઃ એક આરોપી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ તાલુકાના સુમરાસર (શેખ) ગામની સીમમાં ગેરકાયદે ચાલી રહેલા પશુ કતલખાના પર સ્થાનિક ગુના શોધક શાખાની ટુકડીએ દરોડો પાડીને એક શખ્સને રંગેહાથ ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી પશુ માંસ, કતલ માટેના હથિયારો અને વાહન સહિત રૂ. ૧.૦૩ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, એલસીબીની ટુકડી સુમરાસર આસપાસના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે સુમરાસર (શેખ)ની સીમમાં છાપો મારવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન આદમ અલીમામદ કુંભાર (રહે. સુમરાસર-શેખ) નામના શખ્સને આશરે ૪૦ કિલો પશુ માંસ (કિંમત રૂ. ૨,૦૦૦) સાથે પકડી પાડવામાં આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી કતલ કરવા માટે ઉપયોગમાં લેવાતી કુહાડી, બે ધારદાર છરી, વજનકાંટા-વજનિયાં, બે મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧,૦૦૦) અને એક ગાડી (કિંમત રૂ. ૧,૦૦૦,૦૦૦) મળી કુલ રૂ. ૧,૦૩,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા આરોપી વિરુદ્ધ માધાપર પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ■

# ભાવનગર જિલ્લામાં અડધાથી ત્રણ ઇંચ વરસાદઃ સમગ્ર ગોહિલવાડ પંથકમાં દિવસભર મેઘમહેરથી વાતાવરણમાં ઠંડક પ્રસરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ભાવનગર જિલ્લામાં આજે દિવસ દરમિયાન મેઘરાજાએ મહેરબાન થઈને સાર્વત્રિક હાજરી નોંધાવી છે. સવારથી વરસાદ શરૂ થયો હતો અને દિવસભર વરસાદ વરસ્યો હતો સમગ્ર જિલ્લામાં સાંજના છ વાગ્યા સુધીમાં અડધાથી ત્રણ ઇંચ વરસાદ પડ્યો છે.

ભાવનગર જિલ્લાના સિહોર તાલુકામાં સૌથી વધુ ૭૨ મીમી વરસાદ નોંધાયો છે. સિહોરમાં ખાસ કરીને બપોરે ૧૨ થી ૨ વાગ્યાના સમયગાળા દરમિયાન ધોધમાર ૨૬ મીમી વરસાદ પડતાં માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. ત્યારબાદ ભાવનગર તાલુકામાં પણ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા ૬૭ મીમી વરસાદ નોંધાયો છે. ભાવનગરમાં પણ સવારના ૧૦ થી બપોરના ૨ વાગ્યા સુધી વરસાદનું જોર સૌથી વધુ જોવા મળ્યું હતું.

આ ઉપરાંત વલ્લભીપુર તાલુકામાં પણ દિવસ દરમિયાન ૬૪ મીમી વરસાદ ખાબક્યો હતો. વલ્લભીપુરમાં સવારના ૮ થી ૧૨ વાગ્યા વચ્ચે સતત ૨૦-૨૦ મીમીના વિરામ વગરના ઝાપટાં પડ્યા હતા. જ્યારે ઘોઘામાં ૩૩ મીમી, ઉમરાળામાં ૨૭ મીમી , તળાજામાં ૨૨ મીમી, મહુવામાં ૨૧ મીમી અને પાલીતાણામાં ૧૯ મીમી વરસાદ નોંધાયો છે.

ગારીયાધાર અને જેસર તાલુકામાં વરસાદની ગતિ ધીમી રહી હતી. ગારીયાધારમાં દિવસ દરમિયાન ૧૦ મીમી અને જેસરમાં માત્ર ૯ મીમી વરસાદ નોંધાયો છે. ચાલુ મોસમના કુલ



વરસાદની દ્રષ્ટિએ જોઈએ તો મહુવા તાલુકો સમગ્ર જિલ્લામાં ૪૪૮ મીમી વરસાદ સાથે મોખરે છે. જ્યારે ભાવનગર તાલુકો ૩૫૩ મીમી અને ઘોઘા ૩૪૩ મીમી વરસાદ સાથે અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે. જ્યારે તળાજા તાલુકો ૧૯૯ મીમી સાથે મોસમનો સૌથી ઓછો કુલ વરસાદ ધરાવે છે. સમગ્ર ભાવનગર જિલ્લામાં મેઘ મહેરથી ખેડૂતોમાં આનંદની લહેર વ્યાપી ગઈ છે. અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. ■

# રાજકોટ જિલ્લામાં ચાંદીપુરા વાઈરસનો રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ ગુજરાતમાં છેલ્લા દિવસોથી ચાંદીપુરા વાયરસે ચિંતા જગાવી છે.

ત્યારે હવે રાજકોટ જિલ્લામાં ચાંદીપુરા વાયરસનો એક કેસ નોંધાતા તંત્ર સજજ બન્યું છે. આ અંગે જિલ્લા કલેકટર દ્વારા માહિતી આપતા જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ છ શંકા શંકાસ્પદ કેસ નોંધાયા છે. આ સેમ્પલની તપાસ માટે મોકલવામાં આવ્યા બાદ ચારનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો, જ્યારે એક સેમ્પલ પોઝિટિવ હોવાનું નોંધાયું હતું.

તેમણે જણાવ્યું હતું કે હાલ એક સેમ્પલના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે, જ્યારે ત્રણ દર્દી સારવાર લઈ રહ્યા છે, જે પૈકી એક વેન્ટીલેટર પર છે અને બે સ્ટેબલ છે. ચાંદીપુરાનો પોઝિટિવ કેસ મધ્યપ્રદેશથી ગોંડલના પાંચિયાવદર ગામ ખેત મજૂરી માટે આવેલા પરિવારની ૩ માસની બાળકીનો આવ્યો છે. ત્યારબાદ પાંચિયાવદરમાં ૨૦૦ થી વધુ ઘરોમાં ૧૦,૦૦૦થી ૧૦૦૦થી વધુ આબાદીનો સર્વે કરવામાં આવ્યો હતો. હાલ ત્યાં જેટલા પણ શંકાસ્પદ કેસ છે, ત્યાં આરોગ્ય વિભાગની પાંચથી છ ટીમો દ્વારા ઇન્ડોર રેસિડ્યુઅલ સ્પ્રેઇંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

આગળ તેમણે જણાવ્યું હતું કે આગામી દસ દિવસ સુધી ટીમ દ્વારા મોનિટરીંગ કરવામાં આવશે અને જરૂર જણાય હોને હોસ્પિટલ શિફ્ટ કરવામાં આવશે. તે ઉપરાંત સેન્ડ ફ્લાયને કેપ્ચર કરીને પણ ટેસ્ટિંગ માટે ગાંધીનગર ખાતે મોકલવામાં આવશે તેમ જણાવ્યું હતું.ચાંદી પુરા વાયરસથી આખા રાજ્યમાં હાહાકાર મચી ગયો છે. નિદાન પોઝિટિવ આવતા તંત્ર દોડતું થઇ ગયું છે. સરકાર હરકતમાં આવીને વાયરસને કાબૂમાં લેવા મથી રહી છે.

# રાજકોટ જન્માષ્ટમી લોકમેળાની તૈયારીઓ શરૂ! રાઈડ્સ વધશે પણ ભાવ નહીં વધે

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટના પ્રખ્યાત જન્માષ્ટમીના લોકમેળાની તૈયારીઓ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે. આ વર્ષના લોકમેળની તૈયારીને લઈને રાજકોટ જિલ્લા કલેક્ટરે માહિતી આપી હતી.

કલેક્ટરે જણાવ્યું હતું કે આ વર્ષે લોકમેળો ૨૨૮ પ્લોટ સાથે યોજાશે. આ વર્ષના લોકમેળાનું નામ આગામી દિવસોમાં જાહેર કરવામાં આવશે તેમજ મેળા દરમિયાન લોકોની સુરક્ષાનું વિશેષ ધ્યાન રાખવામાં આવશે. લોકમેળામાં એક વિશેષ કોરિડોર ઊભો કરવામાં આવશે, જેમાં માત્ર ડિઝાસ્ટર પરિસ્થિતિ માટે જ કોરિડોરનો ઉપયોગ કરવામાં આવશે.

તેમણે મેળાના આકર્ષણ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે આ વર્ષે લોકમેળામાં નાની ચકરડીની સંખ્યા બે ગણી વધારીને ૨૪ રાખવામાં આવી છે. જેમાં નાની ચકરડી ૩૫ રૂપિયા ટિકિટ અને મોટી રાઇડ માટે ૫૦ રૂપિયા ભાવ નક્કી કરવાની યોજના છે. મેળાની વ્યવસ્થા દરમિયાન, લોકમેળા દરમિયાન સેન્ટ્રલ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવશે, જ્યાં બધા વિભાગના અધિકારી એકસાથે બેસશે અને આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા આયોજન કરશે. મેળા દરમિયાન જનમેદની પર ચાંપતી નજર રાખી શકાય તે સારું એઆઈ અને ડ્રોન મારફતે નજર રાખવામાં આવશે.

દર્દીઓને કોઈપણ પ્રકારની જરૂરિ સારવાર ઝડપથી મળી રહે તે હેતુ માટે આ વર્ષે લોકમેળામાં બાઈક એમ્બ્યુલન્સની સુવિધા પણ રાખવામાં આવશે. આ વર્ષે યાંત્રિક રાઇડની ટિકિટના ભાવમાં વધારો નહીં કરવામાં આવે તેવી જાહેરાત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી હતી. જો કે આ વર્ષે પણ યાંત્રિક રાઇડ માટે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી એસઓપીનું પાલન ફરજિયાત રહેશે તેમ જિલ્લા કલેકટરે જણાવ્યું હતું.

# ભાવનગરમાં ધાર્મિક વૈમનસ્ય ફેલાવવાના ગુનામાં પોલીસ દ્વારા વધુ બે આરોપીની અટકાયત

**એસઓજી દ્વારા મુખ્ય આરોપી મોહમ્મદ શરીફ મરેડીયાની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરીને ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરાવવામાં આવ્યા હતા**

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ધાર્મિક વૈમનસ્ય પેદા કરી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાને નુકસાન પહોંચાડવાના ગંભીર ગુનામાં વધુ બે મુસ્લિમ શખ્સો સામે કડક કાર્યવાહી કરી તેમની અટકાયત કરવામાં આવી છે. આ બે શખ્સો ફંડિંગ આપતા હતા. દરમિયાન ગેરકાયદે મદ્રેસા ના મોલાના મોહમ્મદ ના કોર્ટ એ ૧૦ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. રીમાન્ડ દરમિયાન ફંડિંગ આપનાર વધુ કેટલાક લોકોના નામ ખુલવાની સંભાવના છે.

ભાવનગર રેન્જ આઇ.જી.પી. રાજેન્દ્ર વી. અસારી તથા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયના માર્ગદર્શન અને મદદનીશ પોલીસ અધિક્ષક ઘનશ્યામ ગૌતમના નેતૃત્વ હેઠળ એસઓજીની ટીમ દ્વારા વરતેજ પોલીસ સ્ટેશન હેઠળના સીદસર ગામે ઉશ્કેરણીજનક લખાણો અને સામગ્રી સાથે મુખ્ય આરોપી મોહમ્મદ શરીફ અબ્બાસભાઇ મરેડીયા વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની વિવિધ કલમો હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો.

એસઓજી દ્વારા મુખ્ય આરોપી મોહમ્મદ શરીફ મરેડીયાની ધરપકડ કરી તેને ના કોર્ટમાં રજૂ કરીને ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કરાવવામાં આવ્યા હતા. રિમાન્ડ દરમિયાન હાથ ધરાયેલી તપાસમાં સામે આવ્યું હતું કે, સમાન ઇરાદો પાર પાડવામાં મૌલવી સાથે અન્ય બે આરોપીઓ પણ સામેલ હતા.

તપાસના આધારે એસઓજીએ કાર્યવાહી કરીને મૌલાના સાથે સામેલ યુસુફભાઇ આરીફભાઇ મારફાણી તથા અનસ મોહમ્મદ સીદીક લાખાણીની ધરપકડ કરવામાં આવી હતી. આ બંને શખ્સો ની પોલીસે ઝીણવટભરી પૂછપરછ હાથ ધરી છે. આ બંને શખ્સો દોઢ વર્ષ પહેલા મૌલાનાને ભાવનગર લાવ્યા હતા. ■